અમદાવાદ સીટી, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, ગાંધીનગર

પાનાં : ૧૮ + ૧૬ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૨૧ નવેમ્બર ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૧૨ વર્ષ : ૯૪, અંક : ૩૧૪ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4



સોના-ચાંદીમાં ચળકાટ ઘટ્યો, સતત નવમા દિવસે કડાકો

શેનઝેન સમિટ : સોના-ચાંદીમાં ટ્રેજેડી!

અમદાવાદ, તા.૨૦

એઆઈના શેરોમાં વૈશ્વિક સ્તરે વેચવાલી અને અમેરિકામાં વ્યાજદર વધવાની સંભાવનાના પગલે આંતરરાષ્ટ્રીય બજાર કોમેક્સ અને ઘરેલુ બજાર એમસીએક્સમાં સોના અને ચાંદીમાં જંગી કડાકો બોલાયો હતો. શુક્રવારે કોમેક્સ પર સોનું ઘટીને ૩,૫૨૧ ડોલર અને ચાંદી તૂટીને ૪૧.૧૯ ડોલર થઈ હતી, જેને પગલે બંને કિંમતી ધાતુ એક વર્ષ કરતાં વધુના તળીયે પહોંચી હતી. એમસીએક્સમાં સોનાનો ડિસેમ્બર વાયદો ૩.૫૧ ટકા તૂટીને પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૨૨,૯૮૦ અને ચાંદી વાયદો ૫.૦૮ ટકા ઘટીને પ્રતિ કિલો રૂ. ૧,૪૯,૪૮૦ના સ્તરે આવી ગયા હતા. જોકે, કેટલાક વૈશ્વિક નિષ્ણાતો સોના અને ચાંદીમાં આવેલા કડાકા પાછળ ચીન, અમેરિકા, રશિયા જેવી મહાસત્તાઓને કારણભૂત ગણી રહ્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે ગુરુવારે યોજાયેલી ટ્રમ્પ, જિનપિંગ, પુતિનની ત્રિપક્ષીય બેઠકમાં ડી-ડોલરાઈઝેશનની ઝુંબેશને હાલ પુરતી પડતી મુકવાનો અંદરખાને સર્વાનુમતે નિર્ણય લેવાયો છે, જેના કારણે વિશ્વભરમાં ડોલર પરનો વિશ્વાસ હવે વધશે, જેથી સોના-ચાંદી તરફનું આકર્ષણ ઘટશે. બીજીબાજુ આ ત્રિપુટી હાલ એકમત છે, પણ કાલ સવારે તેમનામાં મતભેદો સર્જાય તો સોના-ચાંદીનો ભાવ વૈશ્વિક સ્તરે ગતિ પકડે તો નવાઈ નહીં!

પુષ્ય નક્ષત્રના દિવસથી આજ સુધી સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામે રૂ. ૧૨,૫૦૦ અને ચાંદીમાં પ્રતિ કિલોએ રૂ. ૨૬,૦૦૦નું ગાબડું


પુતિન-જિનપિંગે ડી-ડોલરાઈઝેશનનો વિચાર પડતો મૂકતા વૈશ્વિક બેન્કોએ સોનાની ખરીદી પર બ્રેક મારી

ઘર આંગણે દિવાળીના તહેવારોનો ઉલ્લાસ હજી પૂરો થયો નથી ત્યારે લોકોની પ્રિય એવી સોના-ચાંદીમાં દિવાળી પૂર્વે પુષ્ય પુષ્ય નક્ષત્રના દિવસ એટલે કે ૧ નવેમ્બરથી શુક્રવાર સુધીમાં એકધારી પીછેહઠ થતા આ બંને કિંમતી ધાતુઓમાં મોટા પાયે કડાકો નોંધાયો છે. દેશમાં ચાલુ કેલેન્ડર વર્ષના પ્રારંભે ટોચની સપાટીથી સોનામાં ૩૩ ટકાનો એટલે કે રૂા. ૬૦,૦૦૦ જેટલો ઘટાડો નોંધાયો છે. જ્યારે ચાંદીમાં તેની ટોચની સપાટીથી ૬૩ ટકા એટલે કે રૂા. ૨,૫૬,૦૦૦ જેટલો તોતિંગ કડાકો નોંધાતા રોકાણકારો તેમજ વેપારીઓને મોટા પાયે નુકસાન થવા પામ્યું છે.

એઆઈના શેરોમાં વૈશ્વિક વેચવાલી અને અમેરિકામાં વ્યાજદર વધવાની

(અનુસંધાન ૧૧મે પાને)

બરફની ચાદરમાં લપેટાયેલી કુદરતની કવિતા



ગુજરાતમાં ઠંડીને લઈને અસમંજસની સ્થિતિ છે. ઘણા માટે ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. સ્વેટર કબાટમાંથી નીકળી ગયા છે. ઉનની ટોપીઓ નીકળવાની બાકી છે. જ્યારે, ઘણાએ શાલ-સ્વેટર કાઢવા વિશેનો નિર્ણય થોડા સમય માટે મોકૂફ રાખ્યો છે. પરંતુ, ભારતના જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ સહિત વિશ્વના અનેક ભાગોમાં ફૂલ ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. આ સાથે જ કુદરત સોળે કળાએ ખીલી ઉઠી છે. દક્ષિણ કોરિયાની આ તસવીર જુઓ. પાર્કમાં એક તરફ, સીઝનના પડી ગયેલા પાંદડારૂપી ભૂતકાળ છે. બરફથી લપેટાયેલો રસ્તો છે, જે ભવિષ્ય સૂચવે છે. બીજી તરફ, કદમથી કદમ મિલાવતા સાથી છે. જે જાણે કહી રહ્યા છે કે, જો તારો સાથ રહ્યો તો શું પાનખર અને શું વસંત? ઋતુઓ બદલાતી રહે પણ સાથ કાયમ રહે. રસ્તો ભલે ગમે તેટલો ડરામણો હોય તું સાથે હોય તો ડર કેવો? આ સાથની હૂંફ અસંભવ પરસ્થિતિઓને પણ સંભવ કરવા સક્ષમ હોય છે. ક્યારેક એક ઈશારો અને હાર જીતમાં બદલાઈ જાય. ક્યારેક ભલે જીત ન મળે પણ હારનો કોઈ મતલબ જ ન રહે કારણ કે, સાથ એ જ જીત. જે સંજોગોને કારણે સાથે ન હોય તેમને સાથનો અહેસાસ જ કહેતો હોય છે કે, જો તારો સાથ હોય તો શું પાનખર અને શું વસંત?

'વડાપ્રધાન કોંગ્રેસની વાતનું જ પુનરાવર્તન કરે છે'

નવીદિલ્હી, તા. ૨૦

વડાપ્રધાને એક કાર્યક્રમમાં કરેલી ટીપ્પણીઓ સંદર્ભે કોંગ્રેસના સાંસદ જયરામ રમેશએ કેન્દ્ર સરકાર પર તીખો હુમલો કર્યો છે. જયરામ રમેશનો દાવો છે કે વડાપ્રધાન મોદીએ રોજગાર અને વળતર બાબતે કોંગ્રેસની વાતોની જ નકલ કરી છે. આ જ બાબતે એમણે પહેલા વિરોધપક્ષોની ટીકા કરી હતી. ૨૦૨૪ લોકસભાની ચૂંટણી વખતે કોંગ્રેસે બહાર પાડેલા ચૂંટણી ઢંઢેરામાં 'ન્યાયપત્ર'ના નામે જાહેરાત કરી હતી. આ જાહેરાતમાં અર્થવ્યવસ્થા સાથે

(અનુસંધાન ૧૧મે પાને)

બેધડક -મંજુલ



આ પાયલોટ આપણે જ્યાં જવાનું છે તે શહેરનું તાપમાન શા માટે જાહેર કરે છે ?, તેમણે તો ખરેખર પ્રદૂષણનું સ્તર કેટલું છે તે કહેવું જોઈએ !

બીએસઈની માર્કેટ કેપ રૂા. ૫૧૫ લાખ કરોડની નવી ટોચે

એનએસઈ રૂ. ૫૪૯ લાખ કરોડની માર્કેટ કેપ સાથે વિશ્વમાં પાંચમા ક્રમે

અમદાવાદ, તા. ૨૦

ભારતનું સ્ટોક એક્સચેન્જ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (એનએસઈ)ની માર્કેટ કેપની દૃષ્ટિએ મોટી સિદ્ધિ હાંસલ કરી છે. એનએસઈ લિસ્ટેજ એક્સચેન્જની દૃષ્ટિએ દુનિયાનું પાંચમું સૌથી મોટું લિસ્ટેજ એક્સચેન્જ બની ગયું છે. ભારતના સ્ટોક એક્સચેન્જે માર્કેટ કેપની દૃષ્ટિએ હોંગકોંગ એક્સચેન્જ એન્ડ ક્લિયરિંગ અને નાસ્ડેકને પાછળ પાડી દીધા છે.

આ કેટેગરીમાં સીએમઈ ગ્રૂપ ૧૦૯.૬ અબજ ડોલર સાથે ટોચના


(અનુસંધાન ૧૧મે પાને)

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણી દ્વારા જામનગરમાં શરૂ કરાયેલી વૈશ્વિક વન્યજીવ બચાવ, સારવાર અને સંરક્ષણ પહેલ અંતર્ગત

સાત સપ્તાહના હાથીના ઈજાગ્રસ્ત બચ્ચા 'રાજા'ને નવું જીવન આપવા માટે વનતારામાં એરલિફ્ટ કરી અદ્યતન સારવાર અપાઈ











અનંત અંબાણીના મતે દરેક જીવનું મૂલ્ય છે, પછી ભલે તે નાનો જીવ હોય કે મોટો જીવ હોય

રાજાને દિવસો નહીં પણ કલાકોમાં વિશેષ તબીબી મદદ મળે તે જરૂરી જણતાં અનંત અંબાણીએ તેને સલામત રીતે હવાઈ માર્ગે વનતારા પહોંચાડવાની વ્યવસ્થા કરી તેને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ અનંત અંબાણી અને વનતારાની ટીમના 'ઉદાર પગલાં'ને દિલ ખોલીને બિરદાવ્યા

જાતિ-ધર્મનો ખોટો દેખાડો કરતાં વાહનચાલકો પર રોક

ગુજરાતમાં વાહનોમાં જાતિ કે ધર્મ સૂચક લખાણ અને ચિન્હ લગાવવા પર પ્રતિબંધ

અમદાવાદ,શુક્રવાર

હવે વાહનોની પાછળ જાતિ, જ્ઞાતિ કે ધર્મના નામ લખાવીને રોફ જમાવતા તત્વો સામે ગુજરાત સરકારે લાલ આંખ કરી છે. રાજ્યમાં ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો કે ખાસ ચિહ્નો દર્શાવી જાતિગત ઓળખનું પ્રદર્શન કરવાની વધતી પ્રવૃત્તિ પર રોક લગાવવામાં આવી છે. નવા નિયમના અમલ બાદ હવે ટ્રાફિક પોલીસ અને આરટીઓ વિભાગ જાતિસૂચક લખાણો ધરાવતા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહીનો કોરડો વીંઝશે.

છેલ્લાં કેટલાંક વખતથી 'રાજપૂત', 'રામાધણી', 'હિન્દુ' 'રાજપૂત', 'સનાતન' જેવા શબ્દો લખવાનું ચલણ વધ્યું હતું

વાહન વ્યવહાર વિભાગના નોટિફિકેશન અનુસાર, ટુ-વ્હીલર, કાર, બસ કે ટ્રક સહિતના તમામ ખાનગી વાહનો પર કોઈપણ પ્રકારના સમુદાય, જ્ઞાતિ કે ધાર્મિક ઓળખ દર્શાવતા લખાણો લગાવી શકાશે નહીં. ઉલ્લેખનીય છેકે, છેલ્લાં કેટલાંક વખતથી વાહનો પર 'રાજપૂત', 'પાટીદાર', 'હિન્દુ' કે 'સનાતન' રામાધણી જેવા શબ્દો લખવાનું ચલણ વધ્યું હતું જેના પર હવે કાયદેસરની રોક લગાવી દેવામાં આવીછે.

જાહેર રસ્તાઓ પર જાતિવાદી અને ધાર્મિક લખાણોને કારણે સામાજિક સૌહાર્દ ડહોળાવવાની અને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનની ફરિયાદો ઉઠતી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા તેમજ રસ્તા પર તમામ નાગરિકોની સમાનતા જળવાઈ રહે તે હેતુથી રાજ્ય સરકારે આ કડક પગલું ભર્યું છે.આ માટે 'ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯' ના નિયમ ૧૨૫(૧) અને નિયમ ૧૩૮ માં મહત્વના સુધારા કરીને આવા પ્રદર્શનને સજાપાત્ર ગુનાની શ્રેણીમાં આવરી લેવાયું છે.વાહનવ્યવહાર વિભાગ દ્વારા 'ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ, ૨૦૨૬' હેઠળ એક મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જે મુજબ હવે કોઈપણ ખાનગી વાહન પર જાતિ કે ધર્મ સૂચક શબ્દો, પ્રતીકો કે સ્ટીકરો પ્રદર્શિત કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે ગુજરાત મોટર વ્હીકલ નિયમ, ૧૯૮૯માં સુધારો કરીને આ જોગવાઈ અમલમાં મુકીછે. ૧૭નવેમ્બર, ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે ગુજરાત મોટર વાહન નિયમો, ૨૦૨૬ જારી કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, આ સુધારાના મુસદ્દા અગાઉ ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ નાગરિકો પાસેથી ૩૦ દિવસની અંદર વાંધા કે સૂચનો મંગાવવામાં આવ્યા હતા પણ કોઈ વાંધા કે સૂચન પ્રાપ્ત થયા ન હતાં. આ કારણોસર સરકારે આ નિયમને લાગુ કર્યો હતો.

હવે આ નિયમોનું ઉલ્લંઘન કરનારાં વાહનચાલકોને ટ્રાફિક પોલીસ અને આરટીઓ દંડ ફટકારશે.

દારુબંધી? મકાનના વાસ્તુપૂજન પછી રાત્રે મહેમાનો સાથે મહેફિલ

હાથમાં બિયર સાથે યુવતીનો ડાન્સ, દારૂ-સોડા મિક્સ કરી યુવકોની મહેફિલ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદમાં દારૂબંધી કાયદાના ધજાગરા કરવામાં આવતા હોવાની વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઈ છે.હવે, સરદારનગરની નંદીગ્રામ સોસાયટીના શિવ બંગલોઝમાં એક્સ આર્મીમેનના ઘરના વાસ્તુ પૂજન બાદ રાતે નવા ઘરના આંગણામાં મુંબઈથી આવેલા બે યુવક સ્ટીલના મોટા બકેટમાં દારૂ અને સોડા મિક્સ કરી રહ્યાં છે અને એક યુવતી હાથમાં ગ્લાસ પકડી ડાન્સ કરતી હોય તેવી દારૂ પાર્ટીનો વીડિયો વાયરલ થયો હતો. તા. ૧૫ના રોજ યોજાયેલી પાર્ટીનો વીડિયો આ યુવતીએ જ સોશ્યલ મીડિયા ઉપર મુકતાં વાયરલ થયો હતો અને સરદારનગર પોલીસ સુધી પહોંચ્યો હતો. પોલીસે જેમના ઘરે પાર્ટી યોજાઈ તેવા એક્સ આર્મીમેન ધિરજકુમાર પરમાર અને મુંબઈના ત્રણ સામે ગુનો નોંધ્યો છે. પોલીસના કહેવા મુજબ, ધારાસભ્ય પાયલ કુકરાણી સવારે પૂજામાં આવ્યા હતા અને પાર્ટી રાત્રે યોજવામાં આવી હતી. સરદારનગર પોલીસે વીડિયોના આધારે ગુનો નોંધી અટકાયત કરતાં ધિરજ પરમારે દારૂ-બિયર મુંબઈથી લાવ્યાનું જાહેર કર્યું છે.

ચિલોડામાં સોમવારે વાસ્તુપૂજનની પાર્ટીનો વિડીયો વાયરલ થતાં સરદારનગર પોલીસે મકાનમાલિક સહિત ચાર સામે ગુનો નોંધ્યો

અમદાવાદના સરદારનગર વિસ્તારમાં આવેલી નંદીગ્રામ સોસાયટીના શિવ બંગલોઝમાં ઘરના વાસ્તુ પૂજન પ્રસંગે ખુલ્લેઆમ દારૂની મહેફિલ માણવામાં આવી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે. સરદારનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલે જહીલસિંહે નોંધાવેલી ફરિયાદમાં નાના ચિલોડામાં નંદીગ્રામ સોસાયટી પાછળ આવેલા શિવ બંગલોઝમાં મકાન નંબર ૮૭માં રહેતા નિવૃત્ત આર્મી કર્મચારી ધિરજકુમાર કેશવલાલ પરમાર ઉપરાંત મુંબઈથી તેમના ઘરે વાસ્તુપ્રસંગે આવેલા ત્રણ મહેમાનો ફાલ્ગુની રમેશભાઈ પરમાર (ભત્રીજી), દક્ષ પ્રહલાદભાઈ ગોહીલ અને પલકેશ રમેશભાઈ પરમાર સામે નોંધ્યો છે.

પોલીસ ફરિયાદ અનુસાર, તા. ૧૫ના રોજ નિવૃત્ત આર્મી જવાનના મકાનનું વાસ્તુ પુજન રાખવામાં આવ્યું હતું તે પ્રસંગે ગુજરાત તથા મહારાષ્ટ્રથી સગા સંબંધી આવેલા હતા. પુજા વિધી બાદ રાત્રે બધા ભેગા થઈ નિવૃત્ત આર્મી જવાન સગા સાથે ઘરમાં બેઠાં હતા. દરમિયાન મુંબઈથી આવેલા સગા સંબંધી તેમજ બીજા માણસો બહાર બેઠા હતા. ત્યારે ક્યારે વિડિયો બનાવ્યો હતો તે તેમને ખબર ન હતી. જ્યારે પોલીસે વાયરલ અલગ અલગ વિડિયો બતાવ્યો જેમાં સ્ટીલના બકેટમાં સ્પ્રાઈટ સોડા, સાદી સાડો તથા બીજા ઠંડા પીણા સાથે વિદેશી દારુ બકાડી કંપનીની ચાર બોટલો તથા બિયર સાથે મીલાવીને વારાફરથી તેનું સેવન કરતા હોય તેવું વિડિયોમાં દેખાય છે. એક વિડિયોમાં હાથમાં બિયરની ટીમ સાથે ડાન્સ કરે છે તે મુંબઈમાં રહેતી ફાલ્ગુની મારી ભત્રીજી થાય છે. જ્યારે બીજા વિડિયોમાં મુબઈમાં રહેતા દક્ષ ગોહીલ તથા ત્રીજા પલકેશ પરમારનો સમાવેશ થાય છે. મારા ઘરે વાસ્તુ પુજનમાં આવેલા હતા અને મુંબઈથી ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા બિયરની ટીન લાવી સેવન કરતા હોવાનું જણાય છે. તે પછીના વિડિયોમાં શો-કેશમાં વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડની બોટલો દેખાય છે તે એ.આઇ.થી બનાવી મુકેલાનું જણાય છે જો કે કોણે બનાવ્યું તે મને ખબર નથી તેમ નિવૃત્ત આર્મી જવાને પોલીસ સમક્ષ કહ્યું છે.

વાયરલ થયેલા વીડિયો અંગે નિવૃત્ત આર્મી જવાન ધિરજ પરમારનું નિવેદન નોંધ્યા પછી સરદારનગર પોલીસે વિધીવત ગુનો નોંધ્યો છે.

ભાજપના ધારાસભ્ય પાયલ કુકરાણી સવારે પૂજનમાં આવ્યા ઓળખાણનો નશો હોય તેમ સાંજે દારૂની પાર્ટી


સરદારનગર પોલીસે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે, નરોડાના ધારાસભ્ય પાયલબહેન કૂકરાણી તા. ૧૬ના સવારે પોતાના એક કાર્યકરના આમંત્રણથી ધિરજ પરમારના ઘરે વાસ્તુપૂજનમાં ગયા હતા. આ પછી જેમના ઘરનું વાસ્તુ હતું તેવા ધિરજભાઈ પરમારના મુંબઈથી આવેલા ત્રણ મહેમાનોએ દારૂની ચાર બોટલો અને બિયરના ત્રણ ટીન બકેટમાં ઠંડા પીણા સાથે મિક્સ કર્યા હતા. આ પછી નવા ઘરના પ્રાંગણમાં જ સાંજે દારૂની પાર્ટી યોજ્યાનો ગુનો નોંધાયો છે.

એક્સ આર્મીમેન સામે ઘરના આંગણામાં પાર્ટી મુંબઈની ભત્રીજી અને બે યુવકો આરોપી બન્યાં

એક્સ આર્મીમેન ધિરજ પરમારે ઘરનું વાસ્તુ હોવાથી અનેક મહેમાનોને આમંત્રણ આપ્યું હતું. મહેમાનોમાં મુંબઈના વિદ્યાવિહારમાં રહેતી ભત્રીજી ફાલ્ગુની રમેશભાઈ પરમાર પણ સામેલ હતી અને તે હાથમાં બિયર ટીન લઈને ડાન્સ કરતી હોવાનો વીડિયો વાયરલ થયો છે. જ્યારે, મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં રહેતા દક્ષ પ્રહલાદભાઈ ગોહિલ અને પલકેશ રમેશભાઈ પરમાર પાર્ટી અગાઉ બકેટમાં દારૂની ચાર બોટલો અને બિયરના ત્રણ ટીન સાથે સોડા અને ઠંડાપીણાનું મિશ્રણ કરતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. મકાનમાલિક ધિરજ પરમારે દારૂ-ડાન્સનો વીડિયો પોતાના ઘરમાં પાર્ટીનો હોવાની કેફીયત આપતાં તે પોતે તેમજ મુંબઈની ભત્રીજી, બે યુવકો આરોપી બન્યાં છે.

ટીપી રોડ પર નડતરરૂપ બાંધકામોનું ડિમોલિશન

સરખેજ અને વેજલપુરમાં ૩૮ દુકાનો, ૨૯ મકાનો પર જેસીબી ફેરવી દેવાયા



અમદાવાદ, શુક્રવાર

વેજલપુર વોર્ડ અને સરખેજ સનાથલ રોડ પર આજે મ્યુનિ.ના એસ્ટેટ વિભાગ દ્વારા ૩૮ દુકાનો, ૨૯મકાનો અને પાંચ ધાર્મિક બાંધકામ પર જેસીબી ફેરવી દોઢેક કિલોમીટરનો ટીપી રોડ ખોલવામાં આવ્યો હતો.

વેજલપુરમાં પાંચ ધાર્મિક બાંધકામ તોડાયા, બંને વોર્ડમાં દોઢ કિમી રસ્તો ખુલ્લો કરાયો

અમદાવાદ મ્યુનિ.ના એસ્ટેટ વિભાગનો કાફલો જેસીબી, દબાણ ગાડીના કાફલા સાથે આજે દક્ષિણ પશ્ચિમ ઝોનના વેજલપુર અને સરખેજ વોર્ડમાં ધસી ગયો હતો. આ દરમિયાન વેજલપુરમાં ચામુંડાનગર અંડરપાસથી એકલદેવ સુધીના ટીપી રસ્તા પરથી ૨૯ રહેણાકં, ૧૪ કમર્શિયલ અને પંચ ધાર્મિક પ્રકારના બાંધકામ તોડી પડાયાહતા. તેમજ ત્રણ કમ્પાઉન્ડ વોલ તોડી ૫૨૫ મીટર લંબાઈનો ટીપી રસ્તો ખુલ્લો કરાયો હતો. બીજી તરફ સરખેજ વોર્ડમાં સનાથલ ચોકડીથી બાકરોલ તરફ જતા રિંગ રોડને સમાંતર આવેલા ટીપી રોડ પરથી ૨૪ દુકાનો તોડી ૧૧૦૦ મીટર ટીપી રોડ ખોલવામાં આવ્યો હતો. ટીપી રોડ પર નડતરરૂપ દબાણો તો તોડી પડાય છે. પરંતુ બાદમાં મહિનાઓ સુધી કાટમાળ હટાવી રસ્તો પહોળો કરવાની તસ્દી લેવાતી નથી. જેથી એકંદરે દબાણ હટાવ ઝુંબેશ બાદ પણ વાહનચાલકો માટે સ્થિતિ જેસે થે રહે છે.

કોન્સર્ટમાં અગાઉ બોંબની ધમકી મળી ચૂકી છે

દિલજીત દોસાંઝના લાઈવ કોન્સર્ટમાં બે હજારથી વધુ પોલીસનો બંદોબસ્ત

અમદાવાદ,શુક્રવાર

દિસજીત દોસાંજનો લાઈવ કોન્સર્ટ મોટેરા સ્ટેડિયમ ખાતે શનિવારે યોજાવવાનો છે. જેમાં બોંબ બ્લાસ્ટ કરવાની ધમકી આપતા ઈ-મેઈલ આવવાની સાથે ખુબ મોટા પ્રમાણમાં પ્રેક્ષકો ઉપસ્થિત રહેવાના હોવાથી અમદાવાદ પોલીસે ત્રિસ્તરીય બંદોબસ્ત ગોઠવ્યો છે. જેમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત બે હજારથી વધારે પોલીસ સ્ટાફ બંદોબસ્તમાં તૈનાત રહેશે.

સ્ટેડિયમમાં સીસીટીવી કેમેરા અને ડ્રોનથી સતત મોનિટરિંગ કરાશેઃ ભીડ નિયંત્રણ કરવા પણ ખાસ વ્યવસ્થા

મોટેરા સ્ટેડિયમ ખાતે દિલજીત દોસાંઝના લાઈવ કોન્સર્ટ યોજાવાનો છે. જે અનુસંધાનમાં અગાઉ અમદાવાદ પોલીસને આ શોમાં બોંબ બ્લાસ્ટ કરવાની ધમકીઓ ઈ-મેઈલથી મળી હોવાથી લોંખડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જે અંગે માહિતી આપતા પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું કે આ બંદોબસ્તમાં એક જેસીપી, પાંચ ડીસીપી, નવ એસીપી, ૨૨ પીઆઈ અને ૭૪ પીએસઆઈ સહિત બે હજારનો સ્ટાફ તૈનાત રહેશે. પોલીસે સ્ટેડિમયના તમામ ગેટ બોંબ ડીસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડ રહેશે. સાથેસાથે સોશિયલ મિડીયા પર પણ નજર રાખવામાં આવશે અને ખોટી અફવા ફેલાવનાર વિરૂદ્ધ કાર્યવાહી કરાશે. આ ઉપરાંત, મોબાઈલ ચોરી અને બનાવટી ટિકિટનું વેચાણ ન થાય તે માટે પોલીસ દ્વારા સ્થાનિક સ્તરે તેમજ ઓનલાઈન વોચ રાખવામાં આવી રહી છે. નાસભાગ ન થાય તેમજ ભીડ ને કાબુમાં રાખવા માટે પણ ખાસ વ્યવસ્થાની સાથે અલગ ગેટ તૈયાર કરાયા છે. સ્ટેડિયમમાં મોબાઈલ ફોન સિવાય અન્ય કોઈ વસ્તુ લઈ જવા પર પણ પ્રતિબંધ મુકાયો છે.

૩૬ કલાકની બેઠક બાદ બાંધકામની ઝડપ વધારવા નિર્ણય

કાલુપુર સ્ટેશનના ચાર પ્લેટફોર્મની ૧૨૦ દિવસમાં કાયાપલટ કરાશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ અંતર્ગત પ્લેટફોર્મ નંબર ૪,૫,૬ અને ૭ને આગામી ૧૨૦ દિવસમાં નવાં સ્વરૂપમાં તૈયાર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જોકે, શહેરના સૌથી વ્યસ્ત રેલવે મથકોમાંના એક એવા અમદાવાદ સ્ટેશન પર બાંધકામની કામગીરી વચ્ચે મુસાફરોની અવરજવર, ટ્રેન વ્યવહાર અને સુરક્ષા જાળવણી રેલવે તંત્ર માટે મોટો પડકાર બની રહેશે.અમદાવાદ રેલવે સ્ટેશન પરના પ્લેટફોર્મના પુનર્વિકાસ માટે રેલવે તંત્ર દ્વારા બાંધકામની કામગીરી ઝડપી બનાવવા કવાયત હાથ ધરાઈ છે. જેને લઈ અમદાવાદ રેલવે મંડળના ડીઆરએમએ આરએલડીએ, રેલવે અધિકારીઓ અને નિર્માણ એજન્સી સાથે સતત ૩૬ કલાક સુધી બેઠકો યોજી કામગીરીની સમીક્ષા કરી હતી. આયોજન મુજબ ૪૫૭ પાઈલ, ૧૦૮ પાઈલ કેપ અને ૨૧૩ પેડેસ્ટલ બનાવવાની સાથે આશરે ૬,૪૦૦ મેટ્રિક ટન સ્ટીલનું કામ કરાશે. આ માળખા પર આધુનિક કોન્કોર્સ તૈયાર કરવામાં આવશે. જોકે, બાંધકામની સમયમર્યાદા પ્રમાણે ગુજરાતના સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશન પર કામગીરી સમયસર પૂર્ણ કરવી પડકાર બની રહેશે. બાંધકામ માટે ટ્રાફિક અને પાવરબ્લોક, સામગ્રીની હેરફેર તથા હાલના માળખાં દૂર કરવાની કામગીરી દરમિયાન મુસાફરોને મુશ્કેલી પડી શકે છે. ખાસ કરીને ટ્રેન પકડવા દોડતા મુસાફરો અને ભારે સામાન સાથે આવતા લોકો માટે અવરજવર સરળ રહે તે જરૂરી છે. હવે ૧૨૦ દિવસની જાહેરાત વાસ્તવિક કામગીરીમાં કેટલી સફળ થાય તે જોવાનું રહ્યું.

સુભાષ બ્રિજની ઘટનાના એક વર્ષ બાદ મ્યુનિ. જાગ્યું

અમદાવાદમાં ૧૪ બ્રિજનું 'સ્વાસ્થ્ય' ચકાસવા ૧૩ પ્રકારના સેન્સર લગાવાશે, ૫૦ કરોડ ખર્ચ

અમદાવાદ, શુક્રવાર

સુભાષ બ્રિજમાં તિરાડો દેખાયાની ઘટના બાદ અમદાવાદના વર્ષો જૂના બ્રિજની જર્જરિત હાલત વિશે અનેક સવાલો ઉઠ્યા હતા. ત્યારે એક વર્ષ બાદ સફાળા જાગેલા મ્યુનિ. દ્વારા બ્રિજ હેલ્થ મોનિટરિંગ સીસ્ટમ વિકસાવવાનું આયોજન કરાયું છે. જે અંતર્ગત રૂ.૫૦ કરોડના ખર્ચે આશરે ૧૪ જેટલા બ્રિજ પર હવા, પાણી, ભેજ, ભૂંકપના આંચકા, વાઈબ્રેશન વગેરે માપવા સેન્સર લગાવવામાં આવશે.

વાઈબ્રેશન, વાહનોનું ભારણ, પવનની ગતિ, ભૂંકપના આંચકા, ભેજ વગેરેના આંકડાઓનો ત્રણ મહિના સુધી અભ્યાસ કરાશે

અમદાવાદમાં બ્રિજની ચકાસણીમાં પોલમપોલ ચાલતી હોવાની વારંવાર ફરિયાદો ઉઠે છે. સુભાષ બ્રિજ તોડી પાડવાની નોબત આવી ત્યાં સુધી તેની જર્જરિત હાલત વિશે મ્યુનિ.ને ખબર સુદ્ધાં નહોતી. આ મુદે વિવાદો થયા બાદ મ્યુનિ. દ્વારા આખરે મેન્યુઅલ ઈન્સપેક્શનના બદલે રૂ. ૫૦ કરોડના ખર્ચે સેન્સર આધારિત બ્રિજ હેલ્થ મોનિટરિંગ સીસ્ટમ તૈયાર કરવાનું આયોજન કરાયું છે. બ્રિજ પ્રોજેક્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, બ્રિજના સ્પાન પર ૧૩ જેટલા સેન્સર લગાવી ત્રણ મહિના સુધી તેમાં નોંધાતા આંકડાનો રિપોર્ટ તૈયાર કરાશે. જેના આધારે બ્રિજનું સમારકામ કરવું, મજબૂતાઈ વધારવી કે પછી તેને તોડી પાડવો જેવા નિર્ણયો લેવાશે. પ્રથમ તબક્કામાં નદી પરના વર્ષો જૂના બ્રિજ પર પ્રયોગ કરાશે. બાદમાં જો આયોજન સફળ રહેશે તો બીજા તબક્કામાં ફ્લાયઓવર પર પણ સેન્સર લગાવાશે. સેન્સર માટેના એસઓઆર નક્કી ન હોવાથી હાલ એક બ્રિજ પાછળ કેટલો ખર્ચ થશે તે સ્પષ્ટ નથી. ઉપરાંત ત્રણેક મહિનાથી ચાલતી ટેન્ડરિંગ પ્રક્રિયા હજી પૂરી થઈ નથી. જેથી નવી સીસ્ટમની અમલવારી વિલંબમાં મુકાઈ છે.

કયા બ્રિજનું મોનિટરિંગ કરાશે?

- એલિસ બ્રિજ
- સરદાર બ્રિજ
- નેહરુ બ્રિજ
- ગાંધી બ્રિજ
- દધીચિ ઋષિ બ્રિજ
- ઈન્કમ ટેક્સ ફ્લાયઓવર
- ગુજરાત કોલેજ બ્રિજ
- હેલ્મેટ ફ્લાય ઓવર
- શિવરંજની ફ્લાયઓવર
- એઈસી (સોલા) ફ્લાય ઓવર
- વાસણા પીરાણા બ્રિજ
- રાજેન્દ્ર પાર્ક બ્રિજ

કઈ વસ્તુઓ માપવા સેન્સર લગાવાશે?

- વાઈબ્રેશન
- તિરાડો
- તાપમાન, ભેજ
- પવનની ગતિ અને દિશા
- પાણીનું સ્તર
- ભૂકંપના આંચકા
- વાહનોનું ભારણ

હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સત્તાવાળાઓ પાસે જવાબ માંગ્યો

વિદ્યાસહાયકોની ભરતીમાં SEBC ઉમેદવારોને અન્યાય : હાઈકોર્ટમાં રિટ

અમદાવાદ,શુક્રવાર

રાજયની પ્રાથમિક શાળાઓમાં ૧૧ હજાર વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયામાં મરિટોરીયસ અનામત (રિઝર્વ)કેટેગરીના ઉમેદવારો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના પસંદગીના જિલ્લાઓમાં અનામત કેટેગરીની ખાલી જગ્યાઓ પર ગેરકાયદે રીતે કબ્જો જમાવી રહ્યા હોવાનો મુદ્દો ઉપસ્થિત કરતી એસઈબીસી ઉમેદવારોએ ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરી છે. જેની સુનાવણીમાં હાઈકોર્ટે રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને નોટિસ જારી કરી છે અને સમગ્ર મામલે જવાબ માંગ્યો છે. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી આવતા મહિને મુકરર કરવામાં આવી છે.

મેરિટના આધારે પસંદ થયેલા રિઝર્વ કેટેગરીના ઉમેદવારોને સત્તાધિશો જનરલ બેઠકમાં ભરવાને બદલે SEBC અનામત પર ભરી રહ્યા છે

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તરફથી કરાયેલી રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, રાજયની પ્રાથમિક શાળાઓમાં હજારો વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયામાં જે મેરિટોરીયસ રિઝર્વ કેટેગરીના ઉમેદવારો મેરિટના આધારે જનરલ કેટેગરીમાં પસંદગી પામ્યા હોવાછતાં તેઓને અનામત કેટેગરીની ખાલી જગ્યાઓ પર જિલ્લા ફાળવણી કરવામાં આવે છે, જેના કારણે અનામત કેટેગરીના અરજદારો જેવા ઉમેદવારોને ભારોભાર અન્યાય થાય છે.

પસંદગી દરમ્યાન મેરિટોરીયસ રિઝર્વ કેટેગરીના ઉમેદવારોને જનરલ કેટેગરીમાં સમાવવાની જગ્યાએ સરકારના સત્તાવાળાઓ તેમને તેમની પસંદગીના જિલ્લાઓમાં અનામત કેટેગરીની ખાલી જગ્યાઓ પર મૂકે છે, જેના લીધે અનામત કેટેગરીના પાત્રતા ધરાવતા અને લાયક ઉમેદવારો તેમના હકની તકથી વંચિત રહે છે. અરજદારપક્ષ તરફથી સુપ્રીમકોર્ટના સંબંધિત ચુકાદાને ટાંકીને અદાલતનું ધ્યાન દોરાયુ હતું કે, મેરીટોરીયસ રિઝર્વ કેટેગરીના ઉમેદવારોને તેમના પસંદગીના જિલ્લાઓમાં અનામત કેટેગરીની ખાલી જગ્યાઓ પર પોસ્ટીંગ આપવું મનસ્વી અને પક્ષપાતી કહેવાય અને તેથી મેરિટના આધારે પસંદગી પામનાર રિઝર્વ કેટેગરીના ઉમેદવારોને સંપૂર્ણપણે જનરલ કેટગેરીના ઉમેદવાર તરીકે જ સ્થાન અપાવું જોઈએ તો, અનામત કેટેગરીના સાચા અને લાયક ઉમેદવારોને તેમની અનામત બેઠકો પર યોગ્ય સ્થાન નળી શકે. એસઈબીસી ઉમેદવારોએ તેમની કેટગરીમાં કટ ઓફ માર્ક્સ કરતાં વધુ ગુણ મેળવ્યા હોવાછતાં સત્તાવાળાઓ દ્વારા તેમને નિમણૂંક આપવાનો ઈન્કાર કરાયો હતો કારણ કે, એસઈબીસીના ઉમેદવારો માટે નિર્ધારિત અનામત જગ્યાઓ મેરિટોરીયસ રિઝર્વ ઉમેદવારોને સમાવવાથી ભરી દેવાઈ હતી. આમ, સત્તાવાળાઓ દ્વારા જ એસઈબીસીના ઉમેદવારોને ભરતીમાં અન્યાય થઈ રહ્યો હોઈ હાઈકોર્ટે દરમ્યાનગીરી કરવી જોઈએ અને સરકારના સત્તાવાળાઓને જરૂરી હુકમ કરવો જોઈએ.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે નિધરાડની સીમના સર્વે નંબર-૧૧૫/૧ ની કુલ ૪૫૦૦ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) હિતેન્દ્રકુમાર રણછોડભાઈ પટેલ (વ.વ.૨૮%ના હિસ્સેદાર) (૨) મિનેશભાઈ વાસુદેવભાઈ પટેલ (વ.વ.૨૭%ના હિસ્સેદાર) (૩) પરેશકુમાર વિષ્ણુભાઈ પટેલ (વ.વ.૧૩%ના હિસ્સેદાર) (૪) વિકાસ પ્રવિણભાઈ પટેલ (વ.વ.૧૨%ના હિસ્સેદાર) (૫) આનંદ અશ્વિનકુમાર સિંધવ (વ.વ.૧૦%ના હિસ્સેદાર) તથા (૬) ભાવેશભાઈ મધુભાઈ રામાણી (વ.વ.૧૦%ના હિસ્સેદાર)એ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૪૧૮

તારીખ : ૨૧-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી (એડવોકેટ એન્ડ નોટરી)

(એમ.કોમ., એલ.એલ.બી.)

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

ફોન નંબર : +૯૧-૭૫૭૩૮૬૧૧૦૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા વિરમગામના ગામ મોજે કુમરખાણની સીમના (એ) રી-સર્વે અનુસાર સર્વે નંબર-૧૧૪૫ (જુના સર્વે નંબર-૨૯૧ પૈકી ૨) ની ૧૦૮૧૭ ચોરસમીટર જમીન તથા (બી) રી-સર્વે અનુસાર સર્વે નંબર-૧૧૯૭ (જુના સર્વે નંબર-૨૯૦) ની ૬૭૮૫ ચોરસમીટર જમીન એમ મળીને કુલે ૧૭૬૦૨ ચોરસમીટરના ક્ષેત્રફળની ખેતીની જમીન (૧) સુબાબેન તે જયાભાઈ મેરની વિધવા ઓરત (૨) અમીબેન જયાભાઈ મેર (૩) કંચનબેન જયાભાઈ મેર (૪) નાનીબેન જયાભાઈ મેર (૫) ગેલાભાઈ જયાભાઈ મેર (૬) વિનુબેન જયાભાઈ મેર તથા (૭) મેલાભાઈ જયાભાઈ મેરે તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૪૩૮

તારીખ : ૨૧-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી (એડવોકેટ એન્ડ નોટરી)

(એમ.કોમ., એલ.એલ.બી.)

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

ફોન નંબર : +૯૧-૭૫૭૩૮૬૧૧૦૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) પ્રફુલ્લા મુકેશભાઈ શાહ (૨) નિરાલી તે મુકેશભાઈ મણીલાલ શાહના પુત્રી તથા હર્ષ રવાણીના પત્નિ (૩) હાર્દિક મુકેશ શાહ તથા (૪) હર્ષ મુકેશ શાહ, સર્વે રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવ

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા પ્રથમવાર એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટેની

ધો.૧૦-૧૨ની ખાસ બોર્ડ પરીક્ષા ૧૬૦થી વધુ જિલ્લા કેન્દ્રોમાં લેવાશે

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે પ્રથમવાર ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહની ખાસ બોર્ડ પરીક્ષા એક્સટર્નલ-ખાનગી વિદ્યાર્થીઓ માટે લેવામા આવી રહી છે. ૩૦નવેમ્બરથી શરૂ થનારી આ ખાસ બોર્ડ પરીક્ષા વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને રાખીને રાજ્યના તમામ જિલ્લાના મુખ્ય કેન્દ્રો પર લેવાશે અને જે અંદાજે ૧૬૦થી વધુ કેન્દ્રોમાં લેવાશે.ગુજરાત બોર્ડ દ્વારા દર વર્ષે ફેબ્રુ-માર્ચમાં ધો.૧૦,૧૨ સામાન્ય પ્રવાહ અને ૧૨ સાયન્સ માટે મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષા લેવાય છે ત્યારબાદ જુન-જુલાઈમાં પૂરક પરીક્ષા લેવામા આવે છે.પરંતુ હવે પ્રથમવાર ગુજરાત બોર્ડ દ્વારા નવેમ્બર-ડિસેમ્બરમાં ખાસ બોર્ડ પરીક્ષા લેવાઈ રહી છે.જે સ્ટેટ ઓપન સ્કૂલિંગ હેઠળની એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે લેવાઈ રહી છે. ૩૦ નવેમ્બરથી શરૂ થનારી આ પરીક્ષા માટે ૩૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે.જેમાં ધો.૧૦માં ૨૯ હજારથી વધુ અને ધો.૧૨માં પાંચ હજારથી વધુ વિદ્યાર્થીઓ છે.

કુલ ૩૪ હજારથી વધુ વિદ્યાર્થીઓમાં યુવકોની સંખ્યા યુવતીઓની સરખામણીએ વધુ છે અને અનેક ઉમેદવારો એવા છે કે જેઓ ૨૦થી વધુ વયના પણ છે. દરેક જિલ્લામાં પાંચ જેટલા કેન્દ્રો રહેશે એટલે કે અંદાજે ૧૬૦થી વધુ જિલ્લા કેન્દ્રોમાં પરીક્ષા લેવાશે. આ ખાસ બોર્ડ પરીક્ષાની આખરી તૈયારી માટે આજે બોર્ડ દ્વારા પરીક્ષા સચિવો અને જિલ્લાના અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરવામા આવી હતી.

ખેડામાં ONGCની પાઈપલાઈનમાંથી આરોપીઓએ આશરે ત્રણ કરોડથી વધારેનું ઓઈલ ચોરી કર્યું હતું

અમદાવાદ, શુક્રવાર

ખેડાના સારસા ગામમાં ઓએનજીસીની પાઈપલાઈનમાંથી ક્રુડ ઓઈલ ચોરી કરવાના કેસમાં આરોપીઓની પુછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. જેમાં તેમણે અગાઉ ૧૦થી વધારે ટેન્કર ભરીને ઓઈલ સગેવગે કર્યું હતું. જેની કુલ કિંમત ત્રણ કરોડથી વધારે થાય છે. ઓએનજીસીના કોન્ટ્રાક્ટ કર્મચારી નસરૂદ્દીનની મુખ્ય ભૂમિકા હતી.તેમજ ભીખા ચૌહાણ અને રાયસંગ ઠાકોર ટેન્કરમાં ચોરીના ક્રુડ ઓઈલની હેરફેર કરતા હતા. તેમણે ઓઈલનો જથ્થો ગફાર રંગરેજ, મોહસીન રંગરેજ, મોહમંદ જાવેદ રંગરેજને આપ્યો હતો અને આ ગેંગ દ્વારા વિવિધ લોકોને ક્રુડ ઓઈલ વેચાણ કરવામાં આવતું હતું. જે અંગે એટીએસની તપાસમાં મોટા ખુલાસા થવાની શક્યતા છે.







પાલડીમાં પુત્રવધુએ સાસુને ઊંઘની ગોળી ખવડાવીને ૩.૧.૮૫ કરોડ સેરવી લીધા

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ શહેરના પાલડીમાં આવેલા શાંતિકૂંજ એપાર્ટમેન્ટમાં રહેતી પુત્રવધુએ તેના મૃત પતિની અને સસરાની મિલકતો પચાવવાના બદઇરાદે તેના સાસુને ઉંઘની ગોળીઓ આપીને સતત બિમાર રાખીને કોરા ચેક પર તેમની સહી કરાવીને અને ઓનલાઇન નાણાં ટ્રાન્સફર કરીને કુલ ૧.૮૫ કરોડની માતબર રકમની ઉચાપત કરી હોવાની ફરિયાદ પાલડી પોલીસ મથકે નોંધવામાં આવી હતી. વૃદ્ધાની તબિયત લથડતા તેમની પુત્રીએ ખાનગી હોસ્પિટલમાં લઈ જતા તબીબોએ તપાસ કરતા તેમની પુત્રવધુ દ્વારા આપવામાં આવતી ઘેનની ગોળીઓની આપવામાં આવતી હોવાનું સામે આવ્યું હતું.

ખાનગી તબીબે તપાસમાં ઊંઘની ગોળીઓ અપાતી હોવાનો ભાંડો ફૂટ્યો

આંબાવાડમાં રહેતા ૭૯ વર્ષીય જયશ્રીબેન શાહે હાલ પુત્રી કોષા અને જમાઇ સાથે રહે છે. જયશ્રીબેનના પતિ હેમેન્દ્રભાઇનું અવસાન ૨૦૦૪માં થયું હતું. બાદમાં તે તેમના પુત્ર અભિષેક સાથે પાલડીમાં શાંતિકૂંજ એપાર્ટમેન્ટમાં રહેતા હતા. પુત્ર અભિષેકના લગ્ન અંકિતા સાથે થયા હતા અને એક પુત્રી છે. ૨૦૨૪માં અભિષેકનું અવસાન થયું હતું. જયશ્રીબેનને પતિએ શેરબજારમાં સારૂ રોકાણ કર્યું હતું અને તેના નાણાંનું સંચાલન અભિષેક કરતો હતો. પરંતુ, પુત્રના અવસાન બાદ અંકિતાએ તમામ વ્યવહાર સંભાળવાનું કહીને વિવિધ બેંક એકાઉન્ટમાં તેનું નામ ઉમેર્યું હતું. સાથેસાથે ઘર ખર્ચ માટે નાણાં લેવા માટે તેણે જયશ્રીબેનની કોરા ચેક પર સહી કરાવી લીધી હતી અને અચાનક જયશ્રીબેનની તબિયત ખરાબ રહેવા લાગી હતી. જે સતત ઘેનમાં રહેતા હતા. તે બિમાર પડતા ત્યારે અંકિતા સારવાર માટે લઇ જતી હતી. ગત ડિસેમ્બર મહિનામાં જયશ્રીબેનને ખબર પુછવા માટે તેમની પુત્રી કોષા આવી ત્યારે તબિયત લથડતા તે પાલડીની ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતા. જ્યાં ડોક્ટરે કોષાને જણાવ્યું હતું કે જયશ્રીબેનને સતત ઘેનની દવા આપવામાં આવતી હતી. જેથી તે ઘેનમાં રહે છે. જેથી આ અંગે અંકિતાને પુછતા તેણે કોઇ સંતોષકારક જવાબ આપ્યો નહોતો. જેથી શંકા જતા કોષાએ બેંક એકાઉન્ટ ચેક કર્યા ત્યારે વિગતો સામે આવી કે અંકિતાએ એચડીએફસી સહિતના બેંક એકાઉન્ટમાંથી ઓનલાઇન તેમજ ચેકથી ૧.૮૪ કરોડ જેટલી રકમ ટ્રાન્સફર કરાવીને નાણાં પડાવી લીધા હતા. પાલડી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ઠંડી વધી

(છેલ્લા પાનાનું ચાલુ)

અને વડોદરા સૌથી ઠંડા શહેર રહ્યા હતાં. જ્યારે અમદાવાદમાં ૧૮.૧ ડીગ્રી સાથે લોકોએ ઠંડીનો અહેસાસ કર્યો હતો. આગામી દિવસોમાં રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનનો પારો ફરી વખત બેથી ચાર ડીગ્રી ઊંચો ચડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેના પગલે ઠંડી ઘટી જશે.

ભાજપ-કોંગ્રેસના

(છેલ્લા પાનાનું ચાલુ)

બીજીબાજુ, ભાજપ અને કોંગ્રેસ જેવા મોટા રાજકીય પક્ષો કે જેઓ ચૂંટણી ફંડના નામે કરોડો-અબજો રૂપિયા ભેગા કરે છે, તેમછતાં તેમના માટે ઈન્કમટેક્સ કાયદાની જોગવાઇઓ અને કાયદાની ફુટપટ્ટીના માપ કે ધારાધોરણો અલગ કેમ....??

સામાન્ય જનતા જો આવા કોઇ કૃત્યમાં સંડોવાય તો ઈન્કમટેક્સ વિભાગ તેના ત્યાં રેડ પાડવાથી માંડી નિવેદનો અને દસ્તાવેજો ફેબ્રીકેટ કરીને પોતે જ ખોટું કરતા અચકાતુ નથી તો, ભાજપ-કોંગ્રેસ જેવા મોટા રાજકીય પક્ષોનો કરોડો-અબજોના બેહિસાબ ફડીંગ અને ગોટાળાના મસમોટો કૌભાંડ કેમ માફ....??

ભાજપ અને કોંગ્રેસ તેમના કરોડો-અબજોના કોઇ હિસાબો પબ્લીક ડોમેઇનમાં આપતા નથી અને ત્યાં ઈન્કમટેક્સ વિભાગ પુછવાની પણ હિંમત સુધ્ધાં કરતું નથી અને સામાન્ય માણસમાં એક ડર અને હેરાનગતિની ધાક જમાવે છે. કાયદાના પરિમાણો પણ ભાજપ-કોંગ્રેસ જેવા મોટા રાજકીય પક્ષો માટે અલગ હોય છે, જે ગંભીર સવાલો સામાન્ય જનતાના મનમાં પેદા કરે છે. ઈન્કમટેક્સ વિભાગ અને કાયદાનો દંડો માત્ર આમ નાગરિકો અને પ્યાદા જેવા રાજકીય પક્ષો પૂરતો જ સીમિત હોય તેમ લાગે છે પરંતુ ભાજપ અને કોંગ્રેસ જેવા મોટા રાજકીય પક્ષોના અબજો રૂપિયાના ફંડીંગ અને બેનામી હિસાબોને લઇને કૂણું વલણ રહ્યું છે. જેથી એક વાત સ્પષ્ટ થઈ જાય છે, ઈન્કમટેક્સ વિભાગ હોય કે સરકાર ભાજપ અને કોંગ્રેસ અબજો રૂપિયાના કોર્પોરેટ ફંડીંગ અને ઈલેકટોરલ ટ્રસ્ટ દ્વારા આવતાં આંધળા ઉઘરાણાંની તપાસ કરવાને બદલે આવા નાના પક્ષો સામે કાર્યવાહીનો દેખાડો કરે છે.

વાત વાતમાં

સરકારી કર્મચારીઓનું પગાર-કાવ્ય !

કેન્દ્ર સરકારના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું વધીને ૬૩ ટકા થઈ ગયું છે ! એ પણ જુલાઈ મહિનાથી ગણવામાં આવશે.

જોવાની વાત તો એ છે કે આ લાંચિયા કર્મચારીઓને 'પગાર' કરતાં 'રિશ્વત'માં વધારે રસ હોય છે ! એ લોકો શું ગાઈ રહ્યા છે... સાંભળો...

* * *

'નવરંગ' ફિલ્મના ગાયન 'કવિરાજા કવિતા કે મત તુમ કાન મરોડો'ની તર્જમાં)

દેશવાસીયોં પગાર કી તુમ
ખાલ ન ખીંચો,
કરવાના હો કામ તો
પહલે રિશ્વત દે દો !
* * *
પગાર નહીં યહાં પર તો
હપ્તા ચલતા હૈ
જિતના ભારી અફસર
હપ્તા ઉતના તગડા હૈ !
ઓવર ટાઇમ ભી હપ્તે કા
તુમ હમ પર છોડો !
કરવાના હૈ કામ તો
પહલે રિશ્વત દે દો !
* * *
ઊંચી ઊંચી મિટિંગ મેં
'સેટિંગ' હોતી હૈ
છોટે દફ્તર મેં ડાયરેક્ટ
'ઈટિંગ' હોતી હૈ !
આલસી કૌન હૈ ભૈયા ?
યહાં કોઈ નહીં હૈ
કૌન મહેનતી બંદા ?
યહાં હર કોઈ હૈ !
પગાર પે જો જીતા
વો ઘોંચૂ હોતા હૈ
મલાઈ કમાનેવાલા હી
મહેનત કરતા હૈ !
કરવાના હૈ કામ તો
તો પહલે રિશ્વત દે દો !
* * *
પાસિંગ કે પાંચ સો લગતે હૈ
'ઓકે' કે એક હજાર
પાંચ હજાર મેં લગેગા સિક્કા
'સાઈન' કા બીસ હજાર !
તીસ હજાર ? વજન પડતા હૈ
પર પચાસ મેં હિલતી ફાઈલ
લાઈસન્સ કા તુમ લાખ સમજો
યહીં હૈ સબ કા સ્ટાઈલ !
* * *
કારોબાર કરોડોં કા
'ઉપર' તક કા હૈ
સેલેરી તો બસ, નામ કી
ગુણિયલ ગંગા હૈ !
દેશવાસીયોં પગાર કી તુમ
ખાલ ન ખીંચો
કરવાના હૈ કામ તો
પહલે રિશ્વત દે દો !

- મન્નુ શેખચલ્લી

જેન ઝી

(છેલ્લા પાનાનું ચાલુ)

કાર્ડ રીડિંગ, ન્યુમરોલોજી, વાસ્તુ શાસ્ત્ર, કયો રંગ અને કયા નંબર લકી છે, જેવી રીલ જોતા હોય છે. તેમજ ઓનલાઈન એસ્ટ્રોલોજી એપ્લિકેશન પર નાની-નાની બાબતોમાં સલાહ લેવા માંડ્યા છે. વિજ્ઞાન, ટેકનોલોજીમાં માનનારી પેઢીની જ્યોતિષશાસ્ત્રમાં શ્રદ્ધા જાગી છે. અમદાવાદના વરીષ્ઠ જ્યોતિષના જણાવ્યા અનુસાર, 'છેલ્લાં પાંચેક વર્ષથી યુવાનો એકલા સામે ચાલીને અમારી પાસે આવી રહ્યા છે. મોટા ભાગે તેઓ પોતાની કારકિર્દી અને રિલેશનશિપ બાબતે પ્રશ્નો પૂછે છે.' જીવનસાથી ઉપરાંત હવે જ્યાં નોકરી કરવી હોય તે કંપની સાથે કુંડળી મેચ કરાય છે!

અમદાવાદના અન્ય એક અનુભવી જ્યોતિષીના જણાવ્યા અનુસાર, વૈશ્વિક સ્તરે વધતી અનિશ્ચિતતા, બજારોમાં ચાલતી ઉથલપાલ, વધુ પડતી સ્પર્ધાના લીધે યુવાનોમાં ભવિષ્યને લઈને એક પ્રકારનો ડર બેસી ગયો છે. જેના સમાધાન માટે તેઓ એસ્ટ્રોલોજીની શરણ લઈ રહ્યા છે. તો કેટલાક યુવાનો પોતાને વધુ જાણવા એસ્ટ્રોલોજીનો પર્સનાલિટી ટેસ્ટ તરીકે ઉપયોગ કરી રહ્યા છે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઇટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

**Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28**

ઘાટલોડિયામાં ૧૦ લાખની બનાવટી નોટ સાથે બે પકડાયા

ઓનલાઈન આંગડિયા પેઢી ચલાવીને નકલી નોટો પધરાવતી ગેંગ ઝડપાઈ

અમદાવાદ,શુક્રવાર

આંગડિયા પેઢી દ્વારા લાખો અને કરોડો રૂપિયાની હેરફેર થતી હોવાથી દિલ્હી સ્થિત ગેંગ દ્વારા એક નવી જ મોડસ ઓપરેન્ડી અપનાવીને છેતરપિંડી કરવામાં આવતી હોવાની વિગતો સામે આવી છે. જેમાં ઉંઝાના એક વેપારીને રૂપિયા ૪૦ લાખની બનાવટી ચલણી નોટો આપીને છેતરપિંડી કરવામાં આવી હતી. જેથી ઠગાઇનો ભોગ બનેલા વ્યક્તિઓએ ફરીથી આંગડિયા પેઢીનો ઓનલાઇન સંપર્ક કરીને ૧૦ લાખ રૂપિયા અમદાવાદમાં આપવાના છે. તેમ કહીને ઘાટલોડિયા પોલીસની મદદથી છટકું ગોઠવીને બે આરોપીઓને રૂપિયા ૧૦ લાખની બનાવટી ચલણી નોટા સાથે ઝડપીને આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો હતો. જે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ઊંઝાની એક પેઢી સાથે ૪૦ લાખની છેતરપિંડી થતા પારસનગરમાં છટકું ગોઠવીને નકલી નોટો સાથે ઝડપી લેવાયા : આંતરરાજ્ય કૌભાંડ સામે આવ્યું

ગાંધીનગરના અડાલજ પાસે આવેલી રાજયોગ સોસાયટીમાં રહેતા રિકેનભાઇ પટેલે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તેમના પિતા ઉંઝામાં પેઢી ચલાવે છે. જેમાં તે ગુજરાતની બહાર માલની સપ્લાય કરે છે. ગત ૧૬ નવેમ્બરે તેમને નાગપુરથી ૪૦ લાખ રૂપિયા લેવાના હોવાથી ઓનલાઇન સર્ચ કરીને એક આંગડિયા પેઢીનો સંપર્ક કર્યો હતો. જેમાં તેમને વ્યાજબી ભાવ લાગતા ફોન કરીને આંગડિયું બુક કરાવ્યું હતું. જેથી નાગપુરના વેપારીનો માણસ ૪૦ લાખ લઈને એક પેઢી પર ગયો હતો અને બે શખ્સો ૪૦ લાખની રોકડ લઇને ઉંઝા આવ્યા હતા. જે થેલામાં રૂપિયા ૫૦૦ના બંડલ હતા. આ સમયે આસપાસ ભીડ હોવાથી થેલામાં ૪૦ લાખની રોકડ હોવાનું માનીને રિકેનભાઇના પિતાએ પેઢીની ઓફિસ પર જઈને તપાસ કરી ત્યારે તેમાં બંડલ પર ઉપર ૫૦૦ની અસલી નોટ હતી અને બાકીના નાણાં નકલી હતા. બીજી તરફ નાગપુરમાં તપાસ કરતા નકલી નાણાં પધરાવનાર ગેંગનો માણસ ૪૦ લાખની રોકડ લઈને જતો રહ્યો હતો. આ છેતરપિંડી સામે આવતા રિકેનભાઇએ આરોપીઓને ઝડપી લેવા માટે ઘાટલોડિયા પોલીસની મદદથી પારસનગરમાં એક છટકું ગોઠવ્યું હતું. જેમાં નાગપુરથી અમદાવાદમાં ૧૦ લાખ આંગડિયા ટ્રાન્સફર કરવાનું બુકીંગ કરાવી ફરીથી ઓનલાઇન આંગડિયામા કરાવ્યું હતું. ત્યારે અગાઉ ઉંઝામાં આવેલી બંને વ્યક્તિઓ ૧૦ લાખની બનાવટી ચલણી નોટો લઇને આવી હતી અને પોલીસે તેમને ઝડપી લીધા હતા. પુછપરછમાં તેમના નામ રાહુલ ઠાકુર (રહે. કટરા ગૌરીશંકર સોસાયટી, નવી દિલ્હી) અને માધવ શર્મા (રહે. રાઠીબેરા મોહલ્લો, રાજસ્થાન) હોવાનું જાણવા મળ્યું હતું.

ઘાટલોડિયા પોલીસ સ્ટેશનના પીઆઇ પી જે પંડ્યાએ જણાવ્યું કે મુળ ઉત્તરપ્રદેશના નોઇડામાં આવેલા હેબિટેટ પંચતત્વ એપાર્ટમેન્ટમાં રહેતો ગંજાનંદ શર્મા આ કૌભાંડનો મુખ્ય આરોપી છે. જે ઓનલાઇન આંગડિયા પેઢી ચલાવતો હતો.

આજે અધ્યાત્મિક ગુરુ માતા અમૃતાનંદમયી અમદાવાદમાં

અમદાવાદ, શુક્રવાર

આધ્યાત્મિક ગુરુ અને માનવતાવાદી માતા અમૃતાનંદમયી(અમ્મા) આઠ વર્ષ બાદ ૨૧ નવેમ્બરના રોજ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. આવતીકાલે શનિવારે સાંજે ૬ વાગ્યાથી સોલા સ્થિત ભાગવત વિદ્યાપીઠ ખાતે તેમનો કાર્યક્રમ યોજાશે. આખી રાત દરમિયાન સત્સંગ, ભજન, ધ્યાન અને દર્શન સહિતના કાર્યક્રમ યોજાશે. જરૂરિયાતમંદ મહિલાઓને સાડી અને પેન્શનનું વિતરણ પણ કરાશે.

**Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28**

ગરીબ કલ્યાણ

(છેલ્લા પાનાનું ચાલુ)

હોવાથી આરોપીની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન અનિવાર્ય છે. ગરીબ કલ્યાણ પાટીના ખજાનચી ક્ષત્રિય ધીરજકુમાર રામબરન સહિત અન્ય લોકો સામે સીઆઈડી ક્રાઈમમાં ગુનો નોંધાયો હતો. પોલીસ ધરપકડ ટાળવા આરોપી ખજાનચી ધીરજકુમાર રામબરને સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જેનો ઉગ્ર વિરોધ કરતાં સરકારપક્ષ તરફથી જણાવાયું હતું કે, વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ દરમિયાન રાજકીય પક્ષના નામે દાતાઓ પાસેથી રૂ. ૨૦૬ કરોડનું દાન મેળવવામાં આવ્યું હતું. ત્યારબાદ કમિશન કાપીને બાકીની રકમ રોકડમાં દાતાઓને પરત ચૂકવી દેવાતી હતી અને પાટીના ખોટા ખર્ચા દર્શાવી સરકાર સાથે અંદાજે રૂ. ૬૨ કરોડની મસમોટી ટેક્સ ચોરી કરવામાં આવી હતી. આરોપી પોતે પાટીના ખજાનચી હોવાથી આ સમગ્ર કાવતરા અને નાણાકીય વ્યવહારોથી સુપેરે વાકેફ હોવાની પૂરી શક્યતા છે. દેશની અર્થવ્યવસ્થા સાથે ચેડાં કરવાના આ ગંભીર ગુનાના મૂળ સુધી પહોંચવા આરોપીની ઊંડાણપૂર્વક પૂછપરછ અને કસ્ટડી અનિવાર્ય હોવાથી કોર્ટે તેની આગોતરા જામીન અરજી ફગાવી દેવી જોઈએ. સરકાર પક્ષનીની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.











જાહેર નોટિસ

મોજે આમસરણ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ખેડા સબ-ડિસ્ટ્રીક્ટ મહેમદાવાદ ના તાલુકા મહેમદાવાદ ના મોજે આમસરણ ની સીમના ખાતા નં.૪૩૫ માં ચાલતા સર્વે/બ્લોક નં.૭૫-અ ની ૦-૪૦-૪૭ હે.આરે.ચો.મી., આકાર રૂા.૨.૦૮ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન નવીનભાઈ પ્રહલાદભાઈ મીસ્ત્રી ની સ્વતંત્ર માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

PUBLIC NOTICE

Notice is hereby given to the general public that the agricultural lands situated within the sim of Mouje: Nandasan, Registration Sub-District: Kadi, District: Mehsana. bearing as per Re-Survey: (A) Survey No. 1526 (Old Survey No. 646/paiki 2) admeasuring 8,620 Sq. Mtrs., (B) Survey No. 1533 (Old Survey No. 646) admeasuring 5,954 Sq. Mtrs., (C) Survey No. 1534 (Old Survey No. 649 paiki 1) admeasuring 9,367 Sq. Mtrs., (D) Survey No. 1535 (Old Survey No. 649 paiki 2) admeasuring 9,476 Sq. Mtrs., (E) Survey No. 1536/002/001 (Old Survey No. 650 paiki 1) admeasuring 4,420 Sq. Mtrs., (F) Survey No. 1537 (Old Survey No. 652) admeasuring 971 Sq. Mtrs., (G) Survey No. 1527 (Old Survey No. 646/paiki 1) admeasuring 6,170 Sq. Mtrs., and (H) Survey No. 1532 (Old Survey No. 647) admeasuring 12,144 Sq. Mtrs. are stated to be under the independent ownership, possession, and enjoyment of Rizwanahmed Mehmudmiya Shaikh, and are stated to be free from all kinds of encumbrances and legal disputes. He has decided to sell the said lands to our client after converting them into Non-Agricultural (N.A.) land, and therefore, our client has requested us for a Title Clearance Opinion/Certificate regarding the said properties. Therefore, if any person, bank, firm, or institution has any kind of claim, right, share, interest, charge, encumbrance, lien, banakhat right, development right, possession right, or any other right in or upon the aforesaid properties, they are hereby called upon to notify the undersigned in writing along with certified copies of documentary evidence via Registered Post A.D. at the address mentioned below within 7 (seven) days from the date of publication of this notice. Failing which, it shall be presumed that no person has any right, title, or interest in the said properties, and if any existed, the same has been waived/relinquished. Upon expiry of the said period, we shall issue the Title Clearance Certificate regarding the said properties, and thereafter, no objection or dispute of any nature whatsoever shall be entertained.

Date: 21-11-2026

Manish Kanubhai Patel, Advocate
Chirag Dashrathbhai Patel, Advocate
Amit Dashrathbhai Patel, Advocate
Het Shankarbhai Patel, Advocate
BALCHANDBHAI ASSOCIATES
A/202, Second Floor, S.G. Business Hub, Nr. Gota Overbridge, S.G. Highway, Gota, Ta. Ghatlodia, Dist. Ahmedabad - 380060. Mob: 98793 44333

જાહેર નોટિસ

મોજે હાથીજણ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના તાલુકા વટવા ના મોજે હાથીજણ ની સીમના ખાતા નં.૮૭૯ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૫૯૮/૬ ની ૦-૫૩-૬૩ હે.આરે.ચો.મી., આકાર રૂા.૫.૮૮ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન કાલુમીયા દાદુમીયા ની સ્વતંત્ર માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રિસ્ટ્રીક્ટ ગાંધીનગર, રજીસ્ટ્રેશન સબ-રિસ્ટ્રીક્ટ કલોલ તથા તાલુકે કલોલના મોજે ગામ પલોડીયાની સીમના બ્લોક/સર્વે નંબર- ૭૭ (જુના એકત્રીત બ્લોક નંબર-૪૪/૧) ક્ષેત્રફળ ૪૬૧૪૨ સમચોરસમીટર રહેણાંકીય હેતુની બીનખેતીની જમીન ઉપર ''નંદનવન પ્લોટ ઓનર્સ એસોસીએશન'' માં આવેલ યોજના કે જે ''નંદનવન'' ના નામે ઓળખાય છે તેમાં આવેલ રહેણાંકીય જુદા જુદા પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર-૩૬ ક્ષેત્રફળ ૧૦૩૭ સમચોરસવાર યાને ૮૬૭ સમચોરસમીટર (મંજુર થયેલા પ્લાન અનુસાર ક્ષેત્રફળ ૮૫૯.૨૦ સમચોરસમીટર) ખુલ્લા પ્લોટવાળી જમીન અશોકભાઈ અંબાલાલ પટેલ, રહેવાસી :- અમદાવાદના એ તેઓની કુલ સ્વતંત્ર માલિકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત પ્લોટવાળી જમીનમાં ખોરાકી, પોષાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં કસૂર થયેથી ઉપરોક્ત પ્લોટવાળી જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ પ્લોટવાળી જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ સદરહુ પ્લોટવાળી જમીન અમારા અસીલ ખરીદ કરવામાં આવશે. જેની આથી ગંભીર નોંધ લેવી.

તારીખ-૨૦/૧૧/૨૦૨૬

હિરેન રાવલ એન્ડ એસોસીએટસ
એડવોકેટસ
વિનીત એચ. રાવલ (એડવોકેટ)
સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)
૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪ ફોન : ૦૭૯ - ૨૬૮૭૩૮૮૧ મોબાઈલ નંબર ૯૮૨૪૬ ૪૪૫૪૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે આ ઓફીસ ખાતે રજીસ્ટર્ડ થયેલ ૧૧૧૭૭ નંબરના રજીસ્ટર્ડ સોસાયટીના નામે ''ગોકુલધામ સોસાયટી'' ના નામે ઓળખાતી સોસાયટીના સભ્યોની સામાન્ય સભા તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ મળેલ હતી. જેમાં સોસાયટીના સભ્યોની સર્વાનુમતે સોસાયટીના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ છે. જેમાં પ્રમુખ તરીકે ભરતભાઈ ચંદુલાલ પટેલ, ઉપપ્રમુખ તરીકે ભાવેશભાઈ ચંદુલાલ પટેલ, મંત્રી તરીકે ભાવેશભાઈ ચંદુલાલ પટેલ, સહમંત્રી તરીકે ભરતભાઈ ચંદુલાલ પટેલ, ખજાનચી તરીકે ભરતભાઈ ચંદુલાલ પટેલ, સહખજાનચી તરીકે ભાવેશભાઈ ચંદુલાલ પટેલ, કારોબારી સભ્ય તરીકે ભરતભાઈ ચંદુલાલ પટેલ, ભાવેશભાઈ ચંદુલાલ પટેલ,

ઘરના નાણાંથી ખેતી કરવી સામાન્ય ખેડૂત માટે સંભવ નથી

ગુજરાતમાં માત્ર પાંચ જ વર્ષમાં કૃષિ ધિરાણમાં ૭૦ ટકાથી વધુનો ઉછાળો

અમદાવાદ,શુક્રવાર

ગુજરાતમાં ખેડૂતો આત્મનિર્ભર બનવાને બદલે દિવસેને દિવસે બેંકો અને ધિરાણ સંસ્થાઓના દેવાના બોજ તળે હેઠળ દબાતા જાય છે. સત્તાવાર આંકડાઓ મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં જ ગુજરાતમાં કૃષિ ધિરાણ માં ૭૦ ટકાથી વધુનો તોતિંગ ઉછાળો નોંધાયો છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં જે કૃષિ ધિરાણ રૂા.૮૪,૯૩૪ કરોડ હતું, તે વર્ષ ૨૦૨૫-૨૬ માં વધીને રૂા.૧,૪૪,૪૬૯ કરોડની સપાટીએ પહોંચ્યુ છે. આ આંકડો સ્પષ્ટ કરે છે કે, હવે ઘરના નાણાંથી ખેતી કરવી એ સામાન્ય ખેડૂત માટે સંભવ નથી.

વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૮૪,૯૩૪ કરોડ સામે વર્ષ ૨૦૨૫-૨૬માં કૃષિ ધિરાણનો આંકડો રૂ.૧.૪૪ લાખ કરોડે પહોંચ્યો

છેલ્લાં પાંચ વર્ષમાં બિયારણ, ખાતર, ડીઝલ, જંતુનાશક દવાઓ અને ખેત મજૂરીના ભાવમાં થયેલા અસાધારણ વધારાને કારણે વાવણીનો મૂળભૂત ખર્ચ જ ખુબ જ વધી ગયો છે. આભને આંબતા ખર્ચને લીધે ખેડૂતની મુશ્કેલી વધી છે. પાછલી સીઝનનું દેવું ચૂકવવા અથવા તો નવી સીઝનની શરૂઆત કરવા માટે ખેડૂતો ફરી બેંકોમાંથી મોટી રકમનું ધિરાણ લેવા મજબૂર બન્યા છે. બેંકિંગ ક્ષેત્રે ભલે કૃષિ ધિરાણના વધતા આંકડાને ઉપલબ્ધિ ગણાવે, પરંતુ અર્થશાીઓ આને ગ્રામીણ અર્થતંત્ર માટે 'લાલબત્તી' સમાન ગણાવી રહ્યા છે. આજે સ્થિતી એવી પરિણમી છેકે, બેંક લોનમાં ઉછાળાના પરિણામે આજે ગુજરાતના પ્રત્યેક ખેડૂતના માથે સરેરાશ રૂા.૫૬,૦૦૦નું દેવું છે.

ખેડૂતોની બેંક લોન નિર્ભરતા પાછળ કુદરતી આફતો પણ એટલી જ જવાબદાર છે. ગુજરાતમાં છેલ્લાં બે વર્ષથી અતિવૃષ્ટિ અને કસમયના વરસાદે ખેતીને મોટા પાયે નુકશાન પહોચાડ્યુ હતું પરિણામે ખેડૂતોને આર્થિક નુકશાન ભોગવવું પડ્યુ હતું. ચાલુ વર્ષે વળી નબળા ચોમાસાને કારણે ઊભો થયેલો દુષ્કાળનો ખતરો ખેડૂતોની આર્થિક કમર તોડી નાંખી છે. રોકેલી મૂડી પણ પાછી ન મળતા, ખેડૂતો પાસે બેંકના વ્યાજ ચક્રમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ બચ્યો નથી. સ્થિતી એટલી હદે કથળી છેકે, ઘણાં ખેડૂતો તો ખેતીની જમીનો વેચી અન્ય વ્યવસાય તરફ વળ્યાં છે.

કૃષિ વિશ્લેષકોના મતે, જો કૃષિ ધિરાણ આ જ ઝડપે વધતું રહેશે તો આગામી સમયમાં ખેડૂતો માટે લોનની ચૂકવણી કરવી અશક્ય બની જશે. આ સ્થિતિમાંથી ઉગારવા માટે સરકારે ખેતીના સાધનો અને ખાતર-બિયારણ પર સબસિડી વધારીને ઉત્પાદન ખર્ચ ઘટાડવો પડશે. પાકના પોષણક્ષમ ભાવ આપવા પડશે જેથી ખેડૂતોને પૂરતો નફો મળે. સાથે સાથે વ્યાજ રાહત અને પાક વીમાની પ્રક્રિયા વધુ સરળ બનાવવી પડશે.હાલ ચાર જીલ્લામાં દુકાળની સ્થિતી પ્રવર્તી રહી છે. આવી કપરી સ્થિતિમાં પણ ગુજરાત સરકાર ખેડૂતોનું દેવું માફ કરવાના મત માં નથી.

આદમખોર સિંહણના ખેડૂત પર હૂમલાને પગલે અરેરાટી

વિસાવદરના રબારીકામાં ખેતી કામ કરતા પ્રૌઢને સિંહણે ફાડી ખાધા

જૂનાગઢ, શુક્રવાર

આજે બપોરના સુમારે વિસાવદર તાલુકાના રબારીકા ગામની સીમમાં વન્યજીવ- માનવ સંઘર્ષની હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. ગામની સીમમાં હકુભાઈ ભીખાભાઈની વાડીમાં ભાગીયું રાખી મહેનત-મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા વેલજીભાઈ નાગજીભાઈ દાફડા (ઉ.વ. ૫૦) પર સિંહણે હુમલો કરી તેમને ફાડી ખાતાં શોક અને ભયનો માહોલ છવાઈ ગયો છે.

પાકમાં પાણી વાળતા હતા ત્યારે સિંહણ ઢસડીને ૧૦૦ મીટર દૂર લઈ ગઈ હતી, એક પગ મળી આવ્યા બાદ મૃત્તદેહ હાથ લાગ્યો

આ વિશે વનવિભાગના જણાવ્યા મુજબ, વેલજીભાઈ આજે બપોરે ખેતરમાં ઊભેલા તુવેરના પાકમાં પાણી વાળવાની કામગીરી કરી રહ્યા હતા તે દરમિયાન અચાનક ધસી આવેલી સિંહણે તેમના પર હુમલો કર્યો હતો અને તેમનો મૃતદેહ ૫૦થી ૧૦૦ મીટર દૂર ઢસડી લઈ જઈ શરીરનો અમુક ભાગ ખાઈ ગઈ હતી. બપોર બાદ ખેતરની કામગીરી પૂર્ણ થઈ હોવા છતાં વેલજીભાઈ ઘરે પરત ન ફરતા અને ફોન પર સંપર્ક ન થતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. પરિવારજનો વાડીએ પહોંચ્યા અને શોધખોળ હાથ ધરી ત્યારે ખેતરમાંથી તેમનો એક પગ મળી આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું અને સમગ્ર વાડી વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો.

ઘટનાની જાણ થતાં આસપાસના ખેડૂતો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઢસડી જવાના નિશાનને અનુસરીને તપાસ કરતા વેલજીભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારબાદ વન વિભાગને જાણ કરવામાં આવતાં સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે વિસાવદર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ સિંહણ છેલ્લા બે-ત્રણ દિવસથી રબારીકાની સીમ વિસ્તારમાં આંટાફેરા મારી રહી હતી. એક નિર્દોષ વ્યક્તિનો ભોગ લેવાયા બાદ વન તંત્ર સિંહણને પકડવા માટે ચાર પાંજરા ગોઠવવાની કામગીરી કરી રહ્યું છે. આમ, વન્ય પ્રાણીની રંજાડથી ખેડૂતોની ઊંઘ હરામ થઈ ગઈ છે.

અમરેલી-સાવરકુંડલા સ્ટેટ હાઈવે પર અકસ્માત

એસટી બસ અને બાઈક વચ્ચે જોરદાર ટક્કરમાં બે બાળકો સહિત પાંચ મોત

અમરેલી,શુક્રવાર

અમરેલી-સાવરકુંડલા સ્ટેટ હાઈવે પર શેત્રુંજી નદીના પુલ નજીક એસ.ટી. બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક સવાર એક જ પરિવારના ચાર સભ્યો ઉપરાંત એસ.ટી. બસના ચાલકનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. પાંચ લોકોની જિંદગી છીનવી લેનાર ગોજારા અકસ્માતને પગલે અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે.

દેવળિયા ગામનું દંપતી બાઈક પર બે સંતાનો સાથે સાવરકુંડલા જતું હતું ત્યારે કાળ આંબ્યો, એસ.ટી. બસનાં ડ્રાઈવરનું પણ મૃત્યુ

અમરેલી તાલુકાના દેવભૂમિ દેવળિયા ગામનો સોલંકી પરિવાર બાઈક પર સાવરકુંડલા તરફ જઈ રહ્યો હતો. દરમિયાન સાવરકુંડલાથી અમરેલી તરફ આવી રહેલી એસટી બસ સાથે બાઈકનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ એસટી બસ રસ્તા પરથી ખાડામાં ઉતરી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક પર સવાર ગોગનભાઈ બટુકભાઈ સોલંકી (ઉં.વ. ૩૭), પત્ની હીરલબેન ગોગનભાઈ સોલંકી (ઉં.વ. ૩૫), પુત્રી ધૃતિ ગોગનભાઈ સોલંકી (ઉં.વ. ૬) અને પુત્ર નીતિન ગોગનભાઈ સોલંકી (ઉં.વ. ૪)ના મોત નીપજ્યાં હતાં. જેમાં પિતા અને બંને સંતાનોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત પત્ની હીરલબેનનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ ઉપરાંત એસટી બસના ચાલક મેહુલ દિલુભાઈ વાળાનું પણ અકસ્માતમાં કરુણ મોત નીપજ્યું હતું.

આમ, આ દુર્ઘટનામાં કુલ પાંચ લોકોનાં મોત થવા ઉપરાંત બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે રાજકીય આગેવાનો અને પદાધિકારીઓ દોડી આવ્યા હતા. એક જ પરિવારના માતા-પિતા અને બે માસૂમ બાળકોના મોતથી દેવભૂમિ દેવળિયા ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. સોલંકી પરિવારનો માળો વિખેરાઈ જતાં સમગ્ર પંથકમાં હૃદયદ્રાવક માહોલ સર્જાયો છે. અમરેલી તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

મકાનના દસ્તાવેજમાં ખોટા ફોટોગ્રાફ્સનો ઉપયોગ કર્યો

ત્રણ ગઠિયાની મકાનના સોદાના નામે વેપારી સાથે ૧.૩૫ કરોડની છેતરપિંડી

અમદાવાદ,શુક્રવાર

શહેરના શીલજ વિસ્તારમાં રહેતા વેપારી પાસેથી ઉછીના લીધેલા નાણાં વળાવી આપવાના બદલામાં સસ્તામાં મિલકત અપાવવાનું કહીને ત્રણ વ્યક્તિઓએ ૧.૩૫ કરોડની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ બોડકદેવ પોલીસ મથકે નોંધવામાં આવી છે. જેમાં આરોપીઓએ નાણાં લઈને દસ્તાવેજમાં અન્ય મિલકતના ફોટોગ્રાફ્સ મુકવાની સાથે બનાવટી દસ્તાવેજ તૈયાર કર્યા હતા.

ઉછીના લીધેલા નાણાં વળાવી આપવાની સામે મિલકતો અપાવવાનું કહ્યું હતું : બોડકદેવ પોલીસે ગુનો નોંધ્યો

શહેરના શીલજમાં આવેલા આર્યમાન બંગ્લોઝમાં રહેતા સુનિલ પરીખ થલતેજમાં પોતાની ફર્મ ધરાવીને વ્યવસાય કરે છે. થોડા વર્ષ પહેલા વ્યવસાયિક કામથી નિલેશ પટેલ (રહે. જય જલારામ સોસાયટી,, બાપુનગર) સાથે પરિચય થયો હતો. તેણે સુનિલભાઈ પાસેથી પોતાનું મકાન ખરીદવા માટે ૧૦ લાખ રૂપિયા હાથ ઉછીના લીધા હતા. જે ચુકવી દેવાનો નક્કી થયેલો સમય પુરો થયા બાદ સુનિલભાઈએ નિલેશ પાસેથી નાણાં માંગતા તેમને એક મકાનનો સોદો કરાવી આપીને નાણાં વાળી લેવા માટેની ખાતરી આપી હતી અને બાદમાં નિલેશે તેના ભાગીદાર દીપક આહુજા (રહે.કુબેરનગર) સાથે મળીને નવરંગપુરામાં આવેલા આર્યમાન હોમ્સમાં આવેલા એક મકાનનો સોદો કરાવ્યો હતો.

જેના નાણાં સુનિલભાઈએ મકાનના ૩૦ લાખ જેટલા ચુકવી આપ્યા હતા. પરંતુ, આ મકાનના દસ્તાવેજ મકાન માલિક મોહનભાઈ પરમારે કરી આપ્યા નહોતા. બાદમાં જાણવા મળ્યું હતું કે આ મકાન અન્યને વેંચી દેવામાં આવ્યું હતું. બાદમાં અન્ય મિલકત અપાવવાનું કહીને લાખોનું પેમેન્ટ કરાવીને દસ્તાવેજની કોપી આપી ત્યારે તેમાં અન્ય મિલકતનો ફોટો અને દસ્તાવેજ પણ બનાવટી હતો.આમ, કુલ ૧.૩૫ કરોડની રકમ લઈને છેતરપિંડી કરતા બોડકદેવ પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

લોકો માટેના નિયમો તંત્રને લાગૂ પડતા નથી!

સ્વચ્છતામાં નંબર વન શહેરમાં માર્ગો પર કચરાનું દહન, વાયુ પ્રદૂષણને વેગ

અમદાવાદ, શુક્રવાર

સ્વચ્છતામાં નંબર ૧ શહેર કેટલું સુંદર દેખાતું હશે? અમદાવાદ વિશે બહારગામના લોકોને આવો ખ્યાલ આવતો હશે. પરંતુ હકીકત કંઈક જુદી છે. અમદાવાદમાં પૂર્વથી લઈને પશ્ચિમ સુધી ખાસ કરીને રિંગ રોડ પાસેના વિસ્તારોમાં અવારનવાર રાત્રે ખુલ્લા પ્લોટમાં કચરો સળગતો જોવા મળે છે. જેના લીધે સ્થાનિકો માટે શ્વાસ લેવું મુશ્કેલ બની ગયું છે.

રિંગ રોડ પાસેના વિસ્તારોમાં રાત્રે કચરો બાળવામાં આવતા લોકોને આંખોમાં બળતરા, શ્વાસની તકલીફો

પશ્ચિમમાં શીલજ, શેલા, ભાડજ, બોપલ સહિતના વિસ્તારો અને પૂર્વમાં નિકોલ, રામોલ, વસ્ત્રાલ, કઠવાડા, વટવા વગેરે વિસ્તારોમાં સાંજથી જ ખાલી પ્લોટમાં કચરો સળગાવવાનું શરૂ કરી દેવાય છે. જેના લીધે આસપાસમાં ઝેરી ધુમાડો અને પ્લાસ્ટિક બાળવાથી પેદા થતી દુર્ગંધ પ્રસરેલી રહે છે. આમ પણ હાલ રાત્રે વાયુ પ્રદૂષણ ૧૫૦થી ૨૦૦એ પહોંચી જાય છે. તેવામાંકચરો બાળવાથી આ સ્તરમાં વધારો થઈ રહ્યો છે. પરિણામે રિંગ રોડ પર સાયન્સ પાર્ક સહિત આસપાસની સોસાયટીના રહીશો અને ત્યાંથી પસાર થતા વાહનચાલકોને આંખોમાં બળતરા, શ્વાસ લેવામાં તકલીફ થવા માંડી છે.

એક બાજુ વૃક્ષારોપણ કરી હવાની ગુણવત્તા સુધારવાની ગુલબાંગો પોકારવામાં આવે છે. બીજી બાજુ બેદરકારથી વાતાવરણને ઝેરી બનાવાઈ રહ્યું છે. કચરો બાળવા બદલ રૂ. ૨૫૦થી ૨૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. પરંતુ તંત્ર પોતાના જ નિયમોનું પાલન ન કરતું હોય તો લોકો પાસેથી કેવી રીતે કરાવશે!

૪ રાઉન્ડ બાદ પણ ૧૨૦૦થી વધુ બેઠક ખાલી રહેતા

PTCમાં ફરી રાઉન્ડ કરવો કે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી તે મોટી મૂંઝવણ

અમદાવાદ,શુક્રવાર

ધો.૧૨ પછીના પીટીસી-ડીએલએડ કોર્સમાં પ્રવેશ માટેની સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં ત્રણ ઓનલાઈન રાઉન્ડ બાદ હાથ ધરાયેલો ઓફલાઈન રાઉન્ડ પણ પુરો થઈ ગયો છે.આમ ચાર રાઉન્ડ પુરા થઈ ગયા બાદ પણ હજુ ૧૨૦૦થી વધુ બેઠકો ખાલી રહી છે.પરંતુ આટલી બધી બેઠકો ખાલી રહી હોવાથી હવે નવો રાઉન્ડ કરવો કે નહીં તે મુદ્દે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી પણ મુંઝવણમાં મુકાઈ છે.

જો ફરી પ્રવેશ રાઉન્ડ કરાય તો શિક્ષણસત્ર બગડતું હોવાથી સરકારની મંજૂરી બાદ જ નવો રાઉન્ડ થશે

પીટીસીમાં ૨૪૦થી વધુ ખાનગી કોલેજો છે અને જેમાં ૧૬૧ ખાનગી તેમજ ૧૫ સરકારી અને ૩૫ ગ્રાન્ટેડ કોલેજો છે.આ કોલેજોની ૧૯૦૦૦થી વધુ બેઠકો છે.જેમાંથી મેનેજમેન્ટ ક્વોટાની ૨૧૦૦થી વધુ બેઠકો બાદ કરતા સ્ટેટ ક્વોટાની ૧૬૮૦૦થી વધુ બેઠકો માટે અનેક વર્ષો બાદ આ વર્ષે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીની પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયા હાથ ધરાઈ છે.કોલેજોની મંજૂરીને લઈને પહેલેથી જ પીટીસી પ્રવેશ પ્રક્રિયા ખૂબ જ વિલંબીત થઈ છે. અને આમ તો બીજુ શૈક્ષણિક સત્ર પણ શરૂ થવા આવ્યુ છે ત્યારે પીટીસીમાં હજુ પણ એક પ્રવેશ રાઉન્ડ કરવો પડે તેવી સ્થિતિ છે.

ત્રણ ઓનલાઈન અને એક ઓફલાઈન રાઉન્ડ બાદ ૧૨૬૨ બેઠકો સ્ટેટ ક્વોટામાં ખાલી પડી છે.જેમાં ગુજરાતી માધ્યમની ૧૦૭૪,અંગ્રેજી માધ્યમમાં ૪૬ ,હિન્દી માધ્યમમાં ૯૨ ,ઉર્દુમાં ૮ અને મરાઠીમાં ૪૨ બેઠકો છે.આટલી બધી બેઠકો હજુ પણ ખાલી પડી છે અને બીજી બાજુ વધુ એક રાઉન્ડ કરવાની માંગણી પણ ઉઠી રહી છે ત્યારે હવે નવો રાઉન્ડ કરવો કે નહી તે મોટી મૂંઝવણ છે.

કેમકે જો હજુ પણ પ્રવેશ પ્રક્રિયા ચાલુ રખાય તો શિક્ષણના દિવસો ખુટે તેમ છે અને સત્ર જ ખોરવાય તેમ છે. જેથી હાલ તો સરકારની મંજૂરી મંગાઈ છે.જો સરકાર મંજૂરી આપશે તો વધુ એક રાઉન્ડ હાથ ધરાશે. આ મૂંઝવણ વચ્ચે બીજી બાજુ ખાનગી કોલેજોની ૧૫ ટકા મેનેજમેન્ટ ક્વોટા બેઠકોમાં પણ પ્રવેશ પ્રક્રિયા પુરી કરી શકાઈ નથી.જે ખાનગી કોલેજો મેનેજમેન્ટ બેઠકોમાં પ્રવેશ ન આપતી હોય કે ડોનેશન માંગતી હોય તે કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને કચેરીમાં સીધા ફોર્મ જમા કરવાની પણ માંગણી કરાઈ હતી.

હાઈકોર્ટે ફરિયાદી મહિલાની અપીલ ફગાવી

સંબંધોમાં તિરાડ પડી જવાથી તેને દુષ્કર્મના ગુનામાં ફેરવી શકાય નહીં

અમદાવાદ,શુક્રવાર

બે સંતાનોની માતા એવી ૩૫ વર્ષીય પરિણિત મહિલાએ તેના પૂર્વ પ્રેમી અને અન્ય યુવક વિરૂધ્ધ દુષ્કર્મ, નગ્ન ફોટા પાડી બ્લેકમેઈલ કરવાના પ્રકરણમાં નોંધાવેલી ફરિયાદના કેસમાં અમદાવાદ સેશન્સ કોર્ટે બંને યુવકોને નિર્દોષ છોડી મૂકયા હતા. જેની સામે ફરિયાદી મહિલાએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી અપીલ હાઈકોર્ટે ફગાવી દીધી હતી અને ટ્રાયલ કોર્ટનો હુકમ બહાલ રાખ્યો હતો. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, પ્રસ્તુત કેસમાં આ સંબંધો પરસ્પર સંમતિથી બંધાયા હતા અને સંબંધોમાં તિરાડ પડવાથી તેને દુષ્કર્મના ગુનામાં ફેરવી શકાય નહીં.

દુષ્કર્મ અને નગ્ન વિડીયોના આધારે બ્લેકમેઈલિંગના કેસમાં બે આરોપીને નિર્દોષ ઠરાવતો ટ્રાયલ કોર્ટનો હુકમ બહાલ

કેસની વિગતો અનુસાર ૩૫ વર્ષીય પરિણીત અને બે સંતાનોની માતા વર્ષ ૨૦૧૯માં ફેસબુક મારફતે પાર્થ નામના યુવકના સંપર્કમાં આવી હતી. મહિલાનો આક્ષેપ હતો કે પાર્થે તેને અમદાવાદના એક ગેસ્ટહાઉસમાં લઈ જઈ મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતા અને ફોટા પાડી લીધા હતા. ત્યારબાદ ફોટા વાયરલ કરવાની ધમકી આપી ગેસ્ટહાઉસ અને ગાંધીનગરની એક હોટલમાં વારંવાર શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરી હતી. વધુમાં, કિશન નામના અન્ય યુવકને આ ફોટા વિશે જાણ થતાં તેણે પણ શારીરિક સંબંધની માંગણી કરી હોવાનો આક્ષેપ કરી વર્ષ ૨૦૨૨માં અમદાવાદના એક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જોકે, આ કેસમાં બંને આરોપીઓને અમદાવાદ સેશન્સ કોર્ટે નિર્દોષ છોડી મૂકયા હતા. આ ચુકાદાથી નારાજ થઈ ફરિયાદી મહિલાએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરેલી ક્રિમીનલ અપીલને હાઈકોર્ટે પણ કાઢી નાંખી હતી. હાઈકોર્ટે સુપ્રીમકોર્ટના વિવિધ ચુકાદાઓને ટાંકતા જણાવ્યું કે, દુષ્કર્મના કેસમાં એકમાત્ર ભોગ બનનારની જુબાનીના આધારે સજા થઈ શકે છે, પરંતુ તે જુબાની સંપૂર્ણ વિશ્વસનીય, વિરોધાભાસ વિનાની અને શંકાથી પર હોવી જોઈએ, જે આ કેસમાં જોવા મળતી નથી. આ ઉપરાંત, ફરિયાદ નોંધાયાના એક દિવસ પહેલાં જ ફરિયાદીના પતિ અને બીજા આરોપી કિશન વચ્ચે ગાડી પાર્ક કરવા બાબતે ઝઘડો થયો હતો અને કોઈ વાંધાજનક ફોટા પણ મળ્યા ન હોવાથી તેના પરના આક્ષેપો સાબિત થતા નથી. પરસ્પર સંમતિના સંબંધોને દુષ્કર્મમાં ખપાવવાથી ગંભીર ગુનાની ગંભીરતા ઘટે છે અને ન્યાયતંત્રની મશીનરીનો દૂરપયોગ થાય છે તેમ જણાવી હાઈકોર્ટે અપીલ નકારી કાઢી હતી.

અમદાવાદને સ્વનિધિ સન્માન એવોર્ડ : ૨.૨૯ લાખ ફેરિયાને લોન અપાઈ

અમદાવાદ, શુક્રવાર

પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ અમદાવાદ શહેરે દેશમાં બીજો ક્રમ મેળવ્યો છે. જેને પગલે આજે નવી દિલ્હી ખાતે યોજાયેલા સ્વનિધિ સન્માન સામરોહમાં અમદાવાદ મ્યુનિ.ને અવોર્ડ એનાયત કરાયો હતો. આ યોજના હેઠળ અમદાવાદમાં અત્યાર સુધી દેશમાં સૌથી વધુ ૨.૨૯ લાખ ફેરિયાઓને કુલ રૂ.૩૯૧.૬૧ કરોડની લોન અપાઈ છે.

જ્યારે ૧૨.૮૩ કરોડની વ્યાજ સબિસિડી અપાઈ છે. પ્રથમ લોન, બીજી લોન અને ત્રીજી લોન એમ ત્રણ તબક્કામાં આપેલી લોન અને તેની ભરપાઈનું પ્રમાણ જેવા વિવિધ માપદંડો આધારે શહેરનો ગુણ આપ્યા બાદ વિજેતા જાહેર કરાયા હતા.

વર્લ્ડ હેરિટેજ સિટીનો અદ્‌ભૂત વારસો ઉજાગર થયો



અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી છે. તેનો ઈતિહાસ પણ વર્લ્ડ હેરિટેજ સિટીને શોભે તેવો જ જાજરમાન છે. અમદાવાદના હેરિટેજ સિટીને શોભે તેવા અદ્‌ભૂત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ સૌને ખૂબ જ પસંદ આવ્યો. તેમાં સિદી સમુદાયના ધમાલ નૃત્યએ ચારચાંદ ઉમેર્યાં હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ કાર્યક્રમ માટે જેટલી પ્રસંશા કરો તેટલી ઓછી. દરેક અમદાવાદીની એક ઈચ્છા છે. આ ઈચ્છા છે કોઈ ટીકા નથી. અમદાવાદ કેટલું જાજરમાન છે. આ જાજરમાન સિટીની સફાઈ કેમ આવી ? કોર્પોરેશને એક મહિનાનો સમય ફાળવવાની જરૂર છે. અમદાવાદને ચમકાવવાની તાતી જરૂર છે. હેરિટેજ સિટીની મુલાકાત લઈને પરત ફરેલો વિદેશી આ સિટીના પ્રેમમાં પડી જવો જોઈએ. તે ફક્ત મુસાફર ન રહેવો જોઈએ. તે વિશ્વભરમાં ફરીને કહેવો જોઈએ કે, આખા વિશ્વમાં અમદાવાદ મારું ફેવરિટ સિટી છે. આપણા વડવાઓએ તો આપણને વારસો આપ્યો છે. આપણે આ વારસામાં સ્વચ્છતાની સુગંધ ઉમેરવાની જરૂર છે.

કાલથી હિતચિંતક અભિયાનના નામે લોક સંપર્ક

ભાજપનું સંગઠન નબળું પડતા VHP મેદાને, ૧૫ લાખ લોકોનો સંપર્ક કરશે

અમદાવાદ, શુક્રવાર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી હોય તેમ વડાપ્રધાન અને ગૃહમંત્રી વારંવાર મુલાકાત લઈ રહ્યા છે. બંને નેતાઓની આકસ્મિક મુલાકાતો ભાજપનું સંગઠન નબળું પડ્યું હોવાનું સૂચવે છે. ભાજપની નવી કેડર લોકોનો વિશ્વાસ જીતી શકી નથી. તેવામાં હવે લોકોનો વિશ્વાસ જીતવા અને હિન્દુત્વની લાગણી પેદા કરવા પેટા સંસ્થા વીએચપીને મેદાનમાં ઉતરવામાં આવી છે.

મુખ્ય એજન્ડા રાષ્ટ્ર, ધર્મ અને સંસ્કૃતિની રક્ષા : જિલ્લાના કાર્યકરોને ઓછામાં ઓછા ત્રણ દિવસ સમય આપવા સૂચના

વિશ્વ હિન્દુ પરિષદને ભાજપની પેટા સંસ્થા જ માનવામાં આવે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતા જ વિહિપને મેદાનમાં ઉતારવામાં આવી હોય તેમ તા.૨૨ નવેમ્બરથી ૬ ડિસેમ્બર દરમિયાન હિતચિંતક અભિયાનનું આયોજન કરાયું છે. જે અંતર્ગત વિહિપના આગેવાનો અને કાર્યકરો ગુજરાતમાં ગામડે ગામડે ફરીને ૧૫ લાખથી વધારે લોકોનો સંપર્ક કરશે. આ અભિયાનનો મુખ્ય એજન્ડા રાષ્ટ્ર, ધર્મ અને સંસ્કૃતિની રક્ષાનો છે. તેમજ યુવાનોને ધાર્મિક પરંપરાઓ અને સંસ્કૃતિ તરફ આકર્ષવાના પ્રયાસો પણ કરાશે. આ અભિયાન અંતર્ગત ક્ષેત્ર, પ્રાંત, જિલ્લાના જવાબદાર કાર્યકરોને ઓછામાં ઓછા ત્રણ દિવસ પૂર્ણ સમય આપીને પોતાના પ્રખંડોમાં પ્રવાસ કરવાની સૂચના આપવામાં આવી છે. અભિયાન અંતર્ગત પ્રત્યેક હિન્દુ પાસેથી રૂ.૨૦ નીધિ સ્વીકારવામાં આવશે. હિન્દુની એકતા થકી રાષ્ટ્રની શક્તિમાં વધારો કરવાના આશયથી આ અભિયાન શરૂ કરાયું છે.

એસટી બસમાં બે દિવસમાં ૨.૯૬ લાખ લોકોએ મુસાફરી કરી

અમદાવાદ, શુક્રવાર

ગુજરાત એસટી દ્વારા એક જ દિવસમાં સૌથી વધુ આવક અને મુસાફરોનો રેકોર્ડ બનાવવામાં આવ્યો છે. ૧૧ નવેમ્બરે ભાઈબીજના દિવસે ૧.૪૬ લાખ મુસાફરો દ્વારા રૂ.૩.૫૫ કરોડની આવક થઈ હતી. તેના બીજા જ દિવસે ૧.૫૦ લાખ મુસાફરો મારફત રૂ.૩.૬૪ કરોડની આવક થઈ હતી. એક દિવસમાં અત્યાર સુધીની આ સૌથી વધુ આવકનો રેકોર્ડ છે. આમ બે દિવસમાં એસટીની બસમાં કુલ ૨.૯૬ લાખ લોકોએ મુસાફરી કરી હતી. જેના દ્વારા નિગમને રૂ.૭.૧ કરોડથી વધુની આવક થઈ હતી.

બે વર્ષમાં ક્ષમતા ૧૦૦થી વધારીને ૨૦૦ કરાઈ હતી

વટવા લોકોશેડની ક્ષમતા ૨૦૦થી વધારીને હવે ૩૦૦ એન્જિન કરાશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદના વટવા સ્થિત ઈલેક્ટ્રિક લોકોશેડની ક્ષમતા વધારીને ૩૦૦ એન્જિન કરવાની દિશામાં પશ્ચિમ રેલવે દ્વારા તૈયારી હાથ ધરવામાં આવી છે. હાલમાં આ શેડમાં ૨૦૦ ઈલેક્ટ્રોનિક એન્જિનની જાળવણી થાય છે. દેશભરના ૬૭ ઈલેક્ટ્રિક લોકોશેડમાં એન્જિનની જાળવણી માટે લાગતા સમયના આધારે વટવા શેડે ચોથું સ્થાન મેળવ્યું છે. આ સફળતાને પગલે હવે તેની ક્ષમતા વધારવાનો પશ્ચિમ રેલવે દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.


એન્જિનની મરામત માટે લાગતા સમયમાં દેશમાં ચોથું સ્થાન મેળવ્યા બાદ વિસ્તરણનો નિર્ણય

છેલ્લાં બે વર્ષમાં વટવા લોકોશેડમાં એન્જિનની સંખ્યા ૧૦૦થી વધારીને ૨૦૦ કરવામાં આવી છે. હવે તેને ૩૦૦ સુધી લઈ જવાનું આયોજન કરાયું છે. જેને લઈ અમદાવાદ મંડળ સહિત પશ્ચિમ રેલવેના વિવિધ રૂટ પર ટ્રેન સંચાલન માટે એન્જિનની ઉપલબ્ધતા વધશે. વટવા લોકોશેડ પર્યાવરણ વ્યવસ્થાપન માટે ગ્રીનકો ગોલ્ડ રેટિંગ મેળવનાર પશ્ચિમ રેલવેનું પ્રથમ એવું શેડ બન્યું છે. તાજેતરમાં વટવા ખાતે યોજાયેલી બેઠકમાં વિવિધ લોકોશેડના અધિકારીઓએ રસ્તામાં દોડતી ટ્રેનોમાં એન્જિનમાં આવતી ટેકનિકલ ખામી અને તેના કારણોની સમીક્ષા કરી હતી. ત્યારે આ બેઠકમાં મુસાફરી દરમિયાન એન્જિનમાં ખામી સર્જાવાની ઘટનાઓ ઘટે અને ટ્રેનો સમયસર દોડી શકે તે માટે એક શેડમાં વિકસાવેલા ટેકનિકલ સુધારા અન્ય શેડમાં પણ અમલમાં મૂકવા આવે તેવું નક્કી કરાયું છે.


અસારવા - હિંમતનગર, ખેડબ્રહ્મા રૂટની ચાર મેમૂના સમયમાં ફેરફાર

અમદાવાદ, શુક્રવા












ગુજરાતમાં રેશન
(છેલ્લા પાનાનું ચાલુ)

રોજ ખાતા શ્રમિક વર્ગના લોકો કામ-ધંધો છોડીને અનાજ લેવા આવ્યા હતાં પણ તેમને ધરમધક્કો ખાવો પડ્યો હતો. કંટાળેલા ગ્રાહકો અને લાચાર બનેલા દુકાન સંચાલકો વચ્ચે રાજ્યના અનેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉગ્ર બોલાચાલી તથા ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. દુકાનદારોનું કહેવું છે કે ટેકનિકલ ખામી તંત્રની છે, પરંતુ ગ્રાહકોના ગુસ્સાનો ભોગ અમારે બનવું પડે છે. રેશન દુકાન સંચાલક મંડળના જણાવ્યા અનુસાર, દર મહિને વિતરણના શરૂઆતના દિવસોમાં જ સર્વર ધીમું પડવાની કે ઠપ થઈ જવાની સમસ્યા હવે કાયમી બની ગઈ છે. તંત્ર દ્વારા માત્ર થીંગડા મારવાને બદલે સર્વરની ક્ષમતા વધારવામાં આવે અને કાયમી ટેકનિકલ ઉકેલ લાવવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. જો વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં વિતરણ વ્યવસ્થા વધુ કથળવાની ભીતિ સેવાઈ રહી છે.







જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજી. ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકા દસ્ક્રોઈ(ઘાટલોડીયા)ના મોજે ગામ ઘુમા ગામની સીમના એકત્રીત બ્લોક નંબર- ૧૮૯ + ૧૯૦ +૧૯૧ + ૧૯૨ + ૧૯૪ / અ ની રહેઠાણના હેતુવાળી બીનખેતીની જમીનમાં રોડ-રસ્તાઓ વિગેરે મુકી પ્લોટીંગની સ્કીમ મુકવામાં આવેલ છે કે જે "દેવ-૯૪" વાળી સ્કીમના ખાનગી સબ પ્લોટ નંબર- ૩૯ ની ૩૨૨ ચોરસવાર એટલે કે આશરે ૨૬૯-૨૩ ચોરસમીટર (રોડ-રસ્તાની વગર વહેંચાયેલ જમીન સહીતની) (૧) નીકુંજ વસંત કોઠારી, (૨) રાહુલ વસંત કોઠારી, રહે-સુરત નાઓની કુલ સંયુક્ત માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોંપેલ છે. આથી સદરહુ પ્લોટ ઉપર જો કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેક, પેઢી, નાણાકીય સંસ્થા કે અન્ય કોઈનો પણ કોઈપણ પ્રકારનો પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, લીયન, કે અન્ય કોઈપણ રીતે હિતસંબંધથી પ્રાપ્ત થતા હક્કો આવેલ હોયતો તે અંગેની લેખિત જાણ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના લેખિત સર્ટીફાઈડ પુરાવા સહિત અમોને નીચેના સરનામે કરવી. જો તે કરવામાં નહિ આવે તો સદરહુ પ્લોટ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હિતસંબંધ નથી અને હોયતો તે જતા યાને કે વેવ કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર કે વાંધો ચાલશે નહીં તેની નોંધ લેવી.

તા.૨૦/૧૧/૨૦૨૬

નરેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા
એડવોકેટ & નોટરી
મો.૯૮૨૫૦૩૮૨૨૧

ડી.૩૭૮, ત્રીજોમાળ, સોબો-સેન્ટર, સાઉથ-બોપલ, બોપલ,અમદાવાદ. પીન.૩૮૦૦૫૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન-૨)ના તાલુકા ગાંધીનગરના ગામ મોજે ઝુંડાલના સર્વે નંબર-૪૫૫ ની કુલ ૫૪૬૩ ચોરસમીટર જમીનનો ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નંબર-૪૦૯/બ(ઝુંડાલ)માં સમાવેશ થતા તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબર-૯૭ ની જમીનને સર્વે નંબર-૪૫૫પૈકી૧ આપવામાં આવેલ અને તેનું ક્ષેત્રફળ ૩૨૭૮ ચોરસમીટર નક્કી કરેલ જેનો સીટી સર્વે વોર્ડ ઝુંડાલ(બીનખેતી)માં સમાવેશ થતાં તેને સીટી સર્વે નંબર-એનએ૪૫૫ ફાળવેલ તે મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન "CRESTAROCK PROJECTS LLP"એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી,કબજા,ભોગવટાની બોજા રહીત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારે અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્ર ની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક,હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૨૧/૧૧/૨૦૨૬

કૌશિક.જી.પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
(બી.એસ.સી.,એલ.એલ.બી.)

ઓફીસ :-૧૨,બીજો માળ,જે.બી.આર.આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનુ "જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અમદાવાદ સબ-ડિસ્ટ્રિક્ટ અમદાવાદ-૦૪(પાલડી) મોજે મકરબા તાલુકો વેજલપુર સીમના સર્વે નં. ૪૭૪/૧+૨+૩, ફાઈનલ પ્લોટ નં. ૩૬૫, ઓરીજીનલ પ્લોટ નં. ૩૬૫, ટી. પી. સ્કીમ નં. ૨૦૪ (સરખેજ-ઓકાફ-મકરબા-વેજલપુર-આંબલી) ની જમીનમાં "RATNAAKAR VERTE" નામથી ઓળખાતી સ્કીમમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ SHOP NO. S-3 કે જેનુ ક્ષેત્રફળ આશરે ૪૧.૯૮ ચોરસ મીટર યાને કે ૪૫૧.૮૭ ચોરસ ફૂટ કારપેટ એરિયા બાંધકામવાળી મિલકત તથા ૧૬.૫૮ ચોરસ મીટર સ્કીમની કુલ જમીનમાં વણ વહેંચાયેલ હિસ્સા સહીતની મિલકત" JAYA BHATIA રહેવાસી ઉત્તર પ્રદેશ, GAURAV HARIDAS CHANDANI અમદાવાદ, દ્વારા તેઓની કુલ સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવાટાની, તેમજ કોઈપણ પ્રકારના હક્ક, હિત, હિસ્સા, બોજા સિવાયની તથા તમામ પ્રકારના ટાઈટલ ક્લીયરની આવેલી છે તેમ જણાવી તેઓએ આમારી પાસે સદરહુ મિલકત અંગેના ટાઈટલ ક્લીયરન્સ અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તે સામે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, કંપની, પેઢી, બેંક, શ્રોફ ઈત્યાદીને કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, ચાર્જ ઈત્યાદી કે વાંધો હોય તો તે અંગે જાણ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં અસલ દસ્તાવેજ પુરાવાની પ્રમાણિત નકલ સહિત અમોને નીચેના સરનામે આર.પી.એ.ડી. દ્વારા જાણ કરવી (પુરાવા વગરના વાંધા ધ્યાને લેવાશે નહિ) નહિતર સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો ઈત્યાદી નથી અને હોય તો તે તેઓએ રાજીખુશીથી જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સનો અભિપ્રાય આપી દેવામાં આવશે. ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ જેની જાહેર જનતા તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

કેતન બી. મીસ્ત્રી, એડવોકેટ
મો. ૯૮૨૪૦૯૩૩૦૮

ઓફિસ નં. ૪૧૩, શીવાલીક સત્યમેવ, આંબલી બોપલ ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૫૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકા કડીનાં ગામ મોજે લ્હોરની સીમનાં ખાતા નં.૧૬૪૬ નાં સર્વે નં.૮૭૮ (જુના સર્વે નં.૫૪૩) ની હે ૧ - આરે ૦૧-૧૪ ચો. મી. એટલે કે ૧૦૧૧૪ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન (૧) પ્રજાપતિ ચંપાબેન રણછોડભાઈ, (૨) પ્રજાપતિ વિધ્યાબેન રણછોડભાઈ, (૩) પ્રજાપતિ પિન્કીબેન રણછોડભાઈ, (૪) પ્રજાપતિ શિલ્પાબેન રણછોડભાઈ, (૫) રેખાબેન જનકભાઇ પ્રજાપતિ, (૬) તીર્થભાઈ જનકભાઇ પ્રજાપતિ તથા (૭) હેલી જનકભાઇ પ્રજાપતિની કુલ સંયુક્ત માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજ પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા. ૨૦/૧૧/૨૦૨૬

ડી. વી. દેસાઈ એન્ડ કંપની, એડવોકેટસ
વતી હિતેષ ડી. દેસાઈ (એડવોકેટ)
રાજેશ ડી. દેસાઈ (એડવોકેટ)
પંકિત હિતેષ દેસાઈ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઈ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઈ (એડવોકેટ)

૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭ ટે.નં. ૨૬૬૨૧૭૯૩ / ૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડીસ્ટ્રીકટ દહેગામ ના તાલુકા દહેગામ ના ગામ મોજે હરસોલી ની સીમના સર્વે/બ્લોક નંબર- ૧૦૬૫ (જુનો બ્લોક/સર્વે નંબર. ૭૯૬/૩)ની કુલ ૨૪૬૦ચો.મી. ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) રંગતસિંગ બેચરસિંગ, (૨) માનબા બેચરસિંગ, (૩) સોમસિંગ અમરસિંગ, (૪) નવલસિંગ અમરસિંગ, (૫) સુરજબેન અમરસિંગ, (૬) હીરાબેન અમરસિંગ, (૭) રૂપાબેન તે અમરસિંગની વિધવા, (૮) ગંગાબેન હિરસિંહ, (૯) કાળુસિંહ હિરસિંહ, (૧૦) જોધાબેન હિરસિંહ, (૧૧) મધુબેન હિરસિંહ, (૧૨) અરૂણાબેન તે ગુલાબસિંહની દિકરી અને ઝાલા વિનુસિંહની પત્ની, (૧૩) સરોજબેન તે ગુલાબસિંહની દિકરી અને ઝાલા પ્રવિણસિંહની પત્ની, (૧૪) ઝાલા મહેન્દ્રસિંહ ગુલાબસિંહ, (૧૫) ઝાલા રણજીતસિંહ ગુલાબસિંહ ઓની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા બોજા રહીત કાનુની વિવાદોથી મુક્ત માર્કેટેબલ આવેલી હોવાનું જણાવી સદરહું જમીન અમારા અસીલ નામે પરેશભાઈ વશરામભાઈ વધાસીયાને વેચાણ આપવાનું નક્કી કરેલ છે આમ સદર જમીન માલિક ઉપ્રોકત જમીન પરત્વે ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ. સદરહુ જમીનમાં કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ,હિત સંબંધ, લીયન,ચાર્જ,ખેડ હક્ક કે દાવો-અલાખો હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે દિન -૭ (સાત) માં રજી.એ.ડી.થી જાણ કરવી જો તેમ કરવામાં નહીં આવે તો સદર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક-હિસ્સો કે બોજો નથી અને હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ જમીન અંગેના ટાઈટલ ક્લીયર હોવા અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.

સ્થળ: અમદાવાદ.

તા.૨૧.૧૧.૨૦૨૬

॥ સિદ્ધિ ॥ એસોસીએટ્સ
એચ.એલ. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી)
પાર્થ એચ. પટેલ (એડવોકેટ)
જાગૃતિબેન એચ. પટેલ (એડવોકેટ)
આંગી યોગેશભાઈ મહેતા (એડવોકેટ)
મો.૯૯૨૫૩૫૧૧૯૫

ડી-૧૧૦,૧૧૧, ફર્સ્ટફ્લોર, શ્યામ આર્કેડ, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે નિધરાડની સીમના સર્વે નંબર - ૬૩૯/૧,૬૭૨ વિગેરેની બીનખેતીની જમીન ઉપર આવેલ શ્રી વલ્લભ કો. ઓ. હા. સો. લી. ની ''રવિજા'' ના નામથી ઓળખાતી યોજનામાં સેક્ટર નંબર - ૩ માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર - ૧૮૧ની ૫૦૦ચોરસવારની બીનખેતીની જમીન વસુમતિ પ્રવિણચંદ્ર શાહ તથા ભવ્યા પ્રવિણચંદ્ર શાહ એ તેઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સદરહુ પ્લોટ ની જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

અમદાવાદ.

તા. ૨૧-૧૧-૨૦૨૬.

મુકેશ જી.પંડ્યા, એડવોકેટ

૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકો વિરમગામ, મોજે થુલેટા ગામના ખાતા નં. ૧૬૬ ની રે. સર્વે નં. ૭૮૪ (જુનો રે.સ.નં. ૨૮૪) ની કુલ હે.આરે.ચો.મી. ૦-૭૨-૯૬ યાને કે ૭૨૯૬ ચો.મી. તથા રે. સર્વે નં. ૮૦૪ (જુનો રે.સ.નં. ૩૩૬) ની કુલ હે.આરે.ચો.મી. ૦-૯૧-૧૪ યાને કે ૯૧૧૪ચો.મી. ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીનવાળી મિલકત હરગોવન નરસિંહભાઈ કો.પટેલ, ચંપાબેન તે નરસિંહભાઈ તરભોવનભાઈ કો.પટેલની વિધવા, ધનીબેન બળદેવભાઈ નરસીંહભાઈની વિધવા, વિનોદભાઈ બળદેવભાઈ, પ્રભુભાઇ પોપટભાઇ, કાળીબેન પોપટભાઈ, જેકીબેન પોપટભાઈ, ચંદ્રાબેન ગોવિંદભાઈ ની વિધવા, ગફુરભાઈ ગોવિંદભાઈ, નાનીબેન નવઘણભાઈ કોળી પટેલની વિધવા, રયાબેન નવઘણભાઈ કોળી પટેલ, શકરીબેન નવઘણભાઈ કોળી પટેલ, વાડીલાલ નવઘણભાઈ કોળી પટેલ, રમેશભાઈ નવઘણભાઈ કોળી પટેલ, તખુબેન વાઘજીભાઈ કોળીપટેલની વિધવા, મનસુખભાઈ વાઘજીભાઈ કોળીપટેલ, જગદીશભાઈ વાઘજીભાઈ કોળીપટેલ, લાભુબેન વાઘજીભાઈ કોળીપટેલ તથા દશરથભાઈ વાઘજીભાઈ કોળીપટેલ, રહે. થુલેટા, વિરમગામ, અમદાવાદ નાઓએ પોતાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની અને બોજારહિત હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસેથી સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ મિલકતમાં કોઈ પણ વ્યક્તિ, બેંક, પેઢી, કંપની, સંસ્થા, સહકારી મંડળી, વિગેરેનો કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો-અલાખો, ભરણ-પોષણનો હક્ક, બોજો, ચાર્જ, લોન, લીયન, ઈત્યાદી હોય કે ટાઈટલ સર્ટીફીકેટ જારી કરવા સામે વાંધો-વિરોધ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં યોગ્ય પુરાવાઓની પ્રમાણિત નકલ સહિત અમોને નીચેના સરનામે રજી.એડી.થી પોતાના વાંધા મોકલવા (પુરાવા વગરના વાંધા ધ્યાને લેવાશે નહીં) અન્યથા મુદત વિત્યેથી સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈ પણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, વગેરે નથી અને જો હોય તો તે તેમણે રાજીખુશીથી જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તકરાર ચાલશે નહીં, જેની જાહેર જનતાએ તથા લગતા-વળગતા તમામે સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ: ૨૦-૧૧-૨૦૨૬

મારી મારફતે
અજય એમ. પટેલ,
એડવોકેટ એન્ડ નોટરી
મો. ૯૮૭૯૮૧૦૦૪૩

ઓ. સેલર નં. ૩, અંકુર કોમર્શિઅલ સેન્ટર, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકા કડીનાં ગામ મોજે લ્હોરની સીમનાં ખાતા નં.૧૬૪૬ નાં સર્વે નં.૮૭૮ (જુના સર્વે નં.૫૪૩) ની હે ૧ - આરે ૦૧-૧૪ ચો. મી. એટલે કે ૧૦૧૧૪ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન (૧) પ્રજાપતિ ચંપાબેન રણછોડભાઈ, (૨) પ્રજાપતિ વિધ્યાબેન રણછોડભાઈ, (૩) પ્રજાપતિ પિન્કીબેન રણછોડભાઈ, (૪) પ્રજાપતિ શિલ્પાબેન રણછોડભાઈ, (૫) રેખાબેન જનકભાઇ પ્રજાપતિ, (૬) તીર્થભાઈ જનકભાઇ પ્રજાપતિ તથા (૭) હેલી જનકભાઇ પ્રજાપતિની કુલ સંયુક્ત માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજ પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો ટાઇટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા. ૨૦/૧૧/૨૦૨૬

ડી. વી. દેસાઈ એન્ડ કંપની, એડવોકેટસ
વતી હિતેષ ડી. દેસાઈ (એડવોકેટ)
રાજેશ ડી. દેસાઈ (એડવોકેટ)
પંકિત હિતેષ દેસાઈ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઈ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઈ (એડવોકેટ)

૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭ ટે.નં. ૨૬૬૨૧૭૯૩ / ૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડીસ્ટ્રીકટ દહેગામ ના તાલુકા દહેગામ ના ગામ મોજે હરસોલી ની સીમના સર્વે/બ્લોક નંબર- ૧૦૬૫ (જુનો બ્લોક/સર્વે નંબર. ૭૯૬/૩)ની કુલ ૨૪૬૦ચો.મી. ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) રંગતસિંગ બેચરસિંગ, (૨) માનબા બેચરસિંગ, (૩) સોમસિંગ અમરસિંગ, (૪) નવલસિંગ અમરસિંગ, (૫) સુરજબેન અમરસિંગ, (૬) હીરાબેન અમરસિંગ, (૭) રૂપાબેન તે અમરસિંગની વિધવા, (૮) ગંગાબેન હિરસિંહ, (૯) કાળુસિંહ હિરસિંહ, (૧૦) જોધાબેન હિરસિંહ, (૧૧) મધુબેન હિરસિંહ, (૧૨) અરૂણાબેન તે ગુલાબસિંહની દિકરી અને ઝાલા વિનુસિંહની પત્ની, (૧૩) સરોજબેન તે ગુલાબસિંહની દિકરી અને ઝાલા પ્રવિણસિંહની પત્ની, (૧૪) ઝાલા મહેન્દ્રસિંહ ગુલાબસિંહ, (૧૫) ઝાલા રણજીતસિંહ ગુલાબસિંહ ઓની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા બોજા રહીત કાનુની વિવાદોથી મુક્ત માર્કેટેબલ આવેલી હોવાનું જણાવી સદરહું જમીન અમારા અસીલ નામે પરેશભાઈ વશરામભાઈ વધાસીયાને વેચાણ આપવાનું નક્કી કરેલ છે આમ સદર જમીન માલિક ઉપ્રોકત જમીન પરત્વે ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ. સદરહુ જમીનમાં કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ,હિત સંબંધ, લીયન,ચાર્જ,ખેડ હક્ક કે દાવો-અલાખો હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે દિન -૭ (સાત) માં રજી.એ.ડી.થી જાણ કરવી જો તેમ કરવામાં નહીં આવે તો સદર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક-હિસ્સો કે બોજો નથી અને હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ જમીન અંગેના ટાઈટલ ક્લીયર હોવા અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.

સ્થળ: અમદાવાદ.

તા.૨૧.૧૧.૨૦૨૬

॥ સિદ્ધિ ॥ એસોસીએટ્સ
એચ.એલ. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી)
પાર્થ એચ. પટેલ (એડવોકેટ)
જાગૃતિબેન એચ. પટેલ (એડવોકેટ)
આંગી યોગેશભાઈ મહેતા (એડવોકેટ)
મો.૯૯૨૫૩૫૧૧૯૫

ડી-૧૧૦,૧૧૧, ફર્સ્ટફ્લોર, શ્યામ આર્કેડ, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કેજત ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪(પાલડી)ના સાબરમતી તાલુકાના મોજે વાસણા ગામની સીમના ટી.પી.સ્કીમ નંબર-૨૬ (વાસણા-નોર્થ)ના ફાઈનલ પ્લોટ નંબર-૨૩૫ પૈકીની જમીન ઉપર મણીરત્નમ કો.ઓ.હા.સો.લી. વિભાગ-૨ ના "મણિરત્નમ રો-હાઉસ-II"માં આવેલ રો-હાઉસ નંબર-૮૯ ની આશરે ૧૦૭ ચોરસવાર જમીન / પ્લોટ તથા તેના ઉપર આવેલ આશરે ૧૪૫ ચોરસવાર ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોરના સુપર-બિલ્ટઅપ એરીયાના બાંધકામ સહીતની મિલકત પ્રકાશ મફતલાલ વ્યાસ એ પોતાની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે તો સદર મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ વિગેરે રહેલ/કરેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી.થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો તે તમામ મિલકતના માલીકની અથવા અમારા અસીલની તરફેણમાં બીનશરતી જતા (Waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને અમારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ :- ૨૧- ૧૧-૨૦૨૬

પ્રથિત શ્રેણીક શાહ (MCA, DLP, LL.M.) એડવોકેટ,
જાનકી શ્રેણીક શાહ (B.com., LL.B.) એડવોકેટ,

૫૧૨, શિવાલીક સ્કવેર, અદાણી સીએનજી પંપ પાસે, વાડજ, અમદાવાદ-૨૭.
(મો). ૯૮૨૪૭૧૨૦૫૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકો વિરમગામ, મોજે થુલેટા ગામના ખાતા નં. ૧૯

નવી લિસ્ટેડ કંપનીઓ થકી બીએસઈની માર્કેટ કેપમાં રૂપિયા ૩૧ લાખ કરોડથી વધુનો ઉમેરો

મુંબઈ, તા. ૨૦

બીએસઈ પર લિસ્ટેડ શેરોની માર્કેટ કેપ વધીને વર્તમાન મહિનામાં રૂપિયા ૫૧૨.૨૭ લાખ કરોડની ઓલ ટાઈમ હાઈ સપાટીએ જોવા મળી હતી. વર્તમાન મહિનામાં ભારતીય શેરબજારમાં એકધારી તેજીને પરિણામે માર્કેટ કેપ ઊંચે જવા પામી છે ત્યારે ડિસેમ્બર, ૨૦૨૫થી અત્યારસુધીમાં બીએસઈ પર લિસ્ટેડ થયેલી નવી કંપનીઓએ માર્કેટ કેપમાં રૂપિયા ૩૧.૬૦ લાખ કરોડનો ઉમેરો કર્યો હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે.

વર્તમાન વર્ષમાં બીએસઈ પર અત્યારસુધી એકંદર ૩૦૦ નવી કંપનીઓનું લિસ્ટિંગ : વિદેશી રોકાણકારો પુનઃ ભારતીય બજાર તરફ વળ્યા

બીએસઈમાં લિસ્ટેડ શેરોની એકંદર માર્કેટ કેપ ૧લી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રૂપિયા ૪૭૪.૫૩ ટ્રિલિયન રહી હતી. વર્તમાન વર્ષમાં જિઓ પ્લેટફોર્મ્સ, એનએસઈ, એસબીઆઈ ફન્ડ સહિતની લિસ્ટેડ થયેલી અંદાજે ૩૦૦ જેટલી કંપનીઓને કારણે માર્કેટ કેપમાં જોરદાર વધારો જોવા મળ્યો છે.

૨૦૨૬ના વર્ષના અંતિમ ભાગમાં એટલે કે નવેમ્બરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ) ભારતીય બજારમાં સક્રિય બનતા બેન્ચમાર્ક ઈન્ડાઈસિસ સેન્સેકસ તથા નિફટીપ૫૦ તેમની ઓલ ટાઈમ હાઈ નજીક પહોંચી ગયા છે અને રેલી જળવાઈ રહેશે તો વર્ષના અંત સુધીમાં નવી ઊંચી સપાટી જોવા મળવાની બજારના ખેલાડીઓ અપેક્ષા રાખી રહ્યા છે.



ગયા વર્ષના ૧લી ડિસેમ્બરે સેન્સેકસે ૮૬૧૫૯.૦૨ની ઓલ ટાઈમ હાઈ સપાટી દર્શાવી હતી. વર્તમાન સપ્તાહમાં સેન્સેકસ ઈન્ટ્રાડેમાં ૮૪૦૦૦ની ઉપર જોવા મળ્યો હતો.

ડિસેમ્બર, ૨૦૨૫થી અત્યારસુધીમાં બીએસઈ પર ૨૯૯ કંપનીઓ લિસ્ટ થઈ છે જેને કારણે માર્કેટ કેપમાં રૂપિયા ૩૧.૫૯ લાખ કરોડનો ઉમેરો થયો છે.

૨૦૨૬ની જેમ ૨૦૨૭નું કેલેન્ડર વર્ષ પણ પ્રાઈમરી માર્કેટ માટે સારુ રહેવાની શકયતા જોવા મળી રહી છે. આગામી વર્ષમાં અસંખ્ય કંપનીઓ બજારમાં જાહેર ભરણાં લાવવાની કતારમાં હોવાનું પ્રાપ્ત અહેવાલોમાં જણાવાયુ હતું.

વર્તમાન વર્ષમાં સ્મોલ તથા મિડકેપની સરખામણીએ લાર્જકેપ કંપનીઓની કામગીરી સારી રહી હોવાનું જોવા મળી રહ્યુ છે. જો કે વૈશ્વિક સ્તરે ભૌગોલિકરાજકીય અનિશ્ચિતતા દૂર થવા લાગતા તથા ક્રુડ તેલના ભાવ ઘટાડા તરફી રહેતા સેકન્ડરી બજાર માટે આગામી વર્ષ સારુ રહેવાની ધારણાં રાખવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે ભારતીય બજારમાં વિદેશી રોકાણકારોનું નવેમ્બરમાં પુનરાગમન થયું છે અને ઈક્વિટી કેશમાં તેમની ખરીદી રૂપિયા એક લાખ કરોડને પાર કરી ગઈ છે, તેને કારણે પણ માર્કેટ કેપમાં વધારો જોવા મળ્યો છે.

સોના ચાંદીના ETFએ તેમની ચમક ગુમાવી, ૬ ટકા તૂટી વર્ષના તળિયે

અમદાવાદ, તા. ૨૦

સોના અને ચાંદીના ભાવમાં સતત ઘટાડાને કારણે એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ) પર પણ નોંધપાત્ર અસર પડી છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ પર ટ્રેડિંગ દરમિયાન ગોલ્ડ ઈટીએફ ૫% સુધી તૂટ્યા હતા, જ્યારે ચાંદીના ઈટીએફ ૬%થી વધુ તૂટ્યા હતા. વેચવાલીના ભારે વચ્ચે, ઘણા ચાંદીના ઈટીએફ પર-અઠવાડિયાના નીચલા સ્તરે ઉતરી આવ્યા હતા..

આંતરરાષ્ટ્રીય બજાર પર પણ કિંમતી ધાતુઓમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. સોનાનો વાયદો લગભગ ૪% તૂટીને ૩૫૨૦ ડોલર આસપાસ અને ચાંદીનો વાયદો લગભગ ૬% તૂટીને ૪૧ ડોલર પ્રતિ ઔંસ થયો હતો. ડિસેમ્બરમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા દરમાં વધારાની આશંકાએ તેમજ મજબૂત ડોલર અને બોન્ડ યીલ્ડ્સ કિંમતી ધાતુઓ પર દબાણ વધાર્યું છે. વિશ્લેષકોના મતે, યુએસ ડોલરના મજબૂત થવા અને બોન્ડ યીલ્ડમાં વધારો થવાથી સોના અને ચાંદીના ભાવ નબળા પડ્યા છે. વધતા ફુગાવાના સૂચકાંકો વચ્ચે, બજારને ડર છે કે ફેડરલ રિઝર્વ ડિસેમ્બરમાં વ્યાજ દરમાં વધારો કરી શકે છે. કિંમતી ધાતુઓ માટે બજારનું સેન્ટિમેન્ટ હાલમાં નબળું છે. આગામી સમયગાળામાં તેઓ વધુ અસ્થિરતાનો અનુભવ કરી શકે છે.

તેમના મતે, ડિસેમ્બરમાં યુએસ ફેડરલ રિઝર્વની નાણાકીય નીતિ બેઠક બજારની ભાવિ દિશા નક્કી કરવામાં મહત્વપૂર્ણ રહેશે. ડોલરનું મજબૂત થવું, ફુગાવાની



અપેક્ષાઓ અને ફેડરલ રિઝર્વના નીતિ સંકેતો સોના અને ચાંદીના ભાવ કઈ દિશામાં જશે તે નક્કી કરશે.

કોમોડિટી એક્સચેન્જના ડેટા અનુસાર, છેલ્લા બે અઠવાડિયામાં સોના અને ચાંદીના ભાવ ૨૫% સુધી તૂટી ગયા છે. આ સમયગાળા દરમિયાન, સોનાના ભાવમાં ૨૫.૩% અને ચાંદીના ભાવમાં ૨૦.૪%નો ઘટાડો થયો છે. ચાંદીના ભાવ જાન્યુઆરી ૨૦૨૬માં ૧૨૧.૭૮૫ ડોલર પ્રતિ ઔંસના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી લગભગ ૬૬% ઘટ્યા છે. સોનામાં પણ તેની રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી ૩૭.૩% ઘટાડો થયો છે. સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ઈટીએફમાં પણ સતત ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા સતત ત્રણ મહિનામાં ગોલ્ડ ઈટીએફમાં આશરે ૨૧% ઘટાડો થયો છે, અને તે તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી ૩૩% નીચે છે. આ જ સમયગાળા દરમિયાન ચાંદીના ઈટીએફ માં આશરે ૩૫% ઘટાડો થયો છે, જે તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી ૬૨% નીચે છે.

યુએસ વ્યાજ દરમાં વધારા, મજબૂત ડોલર અને બોન્ડ યીલ્ડમાં વધારાથી કિંમતી ધાતુઓ પર દબાણ વધ્યું

સોનામાં વધુ રૂ.૬૦૦૦, ચાંદી રૂ. ૯૦૦૦ તૂટી : પ્લેટીનમ ગબડીને રૂ.૪૯૦૦૦ની અંદર

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે મંદી વેગથી આગળ વધતાં સોના-ચાંદીના ભાવમાં વધુ ગાબડા પડ્યા હતા. તૂટતી બજારે નવી માગ ધીમી પડી હતી. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૬૦૦૦ તૂટ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ વધુ રૂ.૯૦૦૦ તૂટી ગયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ આજે ઔંસદીઠ વધુ ગબડી ૩૬૦૦ ડોલરની અંદર ઉતરી સવા વર્ષના તળિયે પહોંચ્યા હતા.

વૈશ્વિક સોનું વધુ ગબડી ૩૬૦૦ ડોલરની અંદર ખાબક્યું

અમેરિકામાં વ્યાજ દર વધશે એવી શકયતા તથા વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ફંડોનું વ્યાપક સેલીંગ જોવા મળ્યું હતું. અધૂરાપુરું ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયો ઉછળતાં તથા વિશ્વ બજાર પણ ગબડતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ થતી કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ નીચી, ઉતરતાં દેશના ઝવેરી બજારો ગબડતાં રહ્યા હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર વધુ રૂ.૬૬૦૦ તૂટી ૯૯૫ના ભાવ રૂ.૧૨૩૩૯૩ તથા ૯૯૯ના રૂ.૧૨૩૮૯૩ બોલાયા હતા. મુંબઈ ચાંદીના ભાવ કિલોના જીએસટી વગર આજે વધુ રૂ.૮૦૦૦ તૂટી રૂ.૧૫૨૫૨૮ રહ્યા હતા. નીચામાં ભાવ રૂપિયા દોઢ લાખ નજીક ઉતર્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જોકે જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.



દરમિયાન વિશ્વ બજારમાં સોનાના ભાવ ૩૭૧૫ વાળા વધુ ઘટી નીચામાં ભાવ ૩૫૧૪ થઈ ૩૫૭૪ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૪૪.૯૯ વાળા ઘટી ૪૧.૧૧ ડોલર થઈ ૪૨.૨૮થી ૪૨.૨૯ ડોલર રહ્યા હતા.

અમદાવાદ બજારમાં સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૨૮૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૨૯૦૦૦ બોલાયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ ગબડી રૂ.૧૫૫૦૦૦ બોલાતા થયા હતા. વૈશ્વિક પ્લેટીનમ ઘટી ૧૨૯૩ થઈ ૧૩૧૨થી ૧૩૧૩ ડોલર રહ્યું હતું.

જ્યારે વૈશ્વિક પેલેડીયમ ના ભાવ નીચા માં ૯૭૮ થઈ ૯૧૧થી ૯૧૨ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે વધુ ૧.૬૧ ટકા તૂટી ૭ મહિનાના તળિયે જતા રહ્યા હતા. દરમિયાન સોનાના ભાવ આ વર્ષે જાન્યુઆરીમાં ઉંચામ ાં ૫૪૦૦ ડોલર હતા તેભાવથી ગણતાં ૩૪થી ૩૫ ટકા તૂટ્યા છે. આ સપ્તાહમાં સોનાના ભાવ ૯ ટકા તથા ચાદીના ભાવ ૧૪ ટકા તૂટ્યા છે. વૈશ્વિક બોન્ડ યીલ્ડ વધતાં તેનાં પગલે પણ સોનું દબાણ હેઠળ આવ્યું છે.

FCI ઓકશનમાં વધુ માંગને પગલે ઘઉંના ભાવ ઊંચકાયા

મુંબઈ, તા. ૨૦

ગયા સપ્તાહમાં ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ) દ્વારા તેના રિઝર્વમાંથી ઘઉંના વેચાણ માટે કરાયેલા ઈ-ઓકશનમાં ઘઉંના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૯૬થી ૨૬૦નો વધારો જોવા મળ્યો હતો.

૧લી નવેમ્બરના એજન્સી પાસે એકંદરે ૪૪૭.૫૮ લાખ ઘઉંનો સ્ટોક

ખુલ્લા બજારમાં ઘઉંના ઊંચા ભાવને પરિણામે ઓકશનમાં પણ ભાવ ઊંચા કવોટ થયા છે, એમ મિલરો તથા ટ્રેડરો દ્વારા દાવો કરાયો હતો. અલ નિનોની સ્થિતિને કારણે વર્તમાન વર્ષે ઘઉંનો પાક નીચો ઊતરવાની ધારણાંએ ટ્રેડરો ઘઉંનો સ્ટોક કરવાનો વ્યૂહ ધરાવી રહ્યા છે.

હરિયાણામાં ઓકશનમાં ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૨૬૪૧થી વધી રૂપિયા ૨૯૦૧ સુધી પહોંચી ગયા હતા જ્યારે મધ્ય પ્રદેશમાં ભાવ રૂપિયા ૨૬૦૫થી વધી રૂપિયા ૨૭૬૧ પહોંચી ગયા હતા. રાજસ્થાન, પંજાબ તથા ઉત્તર પ્રદેશમાં પણ ભાવ ઊંચકાયા હતા.

વર્તમાન રવી મોસમમાં ઘઉંનું વાવેતર નીચું રહ્યું હોવાના અહેવાલે ઓકશનમાં ઘઉંની માગ નીકળી હોવાનું સ્થાનિક ટ્રેડરે જણાવ્યું હતું.

૧લી નવેમ્બરના રોજ એફસીઆઈ પાસે એકંદરે ૪૪૭.૫૮ લાખ ઘઉંનો સ્ટોક જમા પડયો હતો. જે ઓકટોબરની સરખામણીએ સાધારણ નીચો હતો. જો કે ગયા વર્ષની ૧લી નવેમ્બરની સરખામણીએ સ્ટોક ૪૬ ટકા વધુ હતો.

ધિરાણદારો સાથેની બેઠકમાં

રિઝર્વ બેન્ક સાઈબર હુમલા અને સોનાના ભાવમાં કડાકા પર ચર્ચા કરશે

મુંબઈ, તા. ૨૦

નાણાં સંસ્થાઓ પર થઈ રહેલા સાઈબર હુમલા તથા સોનાના ભાવમાં થયેલા મોટા કડાકા બાદ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ નાણાં સંસ્થાઓને સચેત રહેવા સૂચના આપવા ઉપરાંત આવતા સપ્તાહના પ્રારંભમાં નોન બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઓ (એનબીએફસીસ)ના ચીફ એક્ઝિકયૂટિવ ઓફિસર્સ (સીઈઓ)ની ખાસ બેઠક બોલાવાઈ હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.

૨૩ નવેમ્બરે મળી રહેલી સૂચિત બેઠકમાં ગોલ્ડ લોનની સ્થિતિનો અંદાજ મેળવાશે

સાઈબર હુમલાને કારણે નાણાં સંસ્થાઓ સામે વધેલા જોખમ, ગોલ્ડ લોન્સમાં વધુ પડતી ઉદારતા તથા નબળા ચોમાસાને કારણે કૃષિ ક્ષેત્રની નબળી સ્થિતિને ધ્યાનમાં રાખી કૃષિ લોનની રિકવરી જેવા મુદ્દાઓ ૨૩મી નવેમ્બરની બેઠકમાં ચર્ચાશે.



છેલ્લા કેટલાક સપ્તાહથી ભારત સહિત વિશ્વના અનેક દેશોની નાણાં સંસ્થાઓ પર સાઈબર હુમલામાં વધારો થયો છે, જેને પરિણામે કરોડો રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે.

આ ઉપરાંત વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે સોનાના ભાવમાં જોરદાર કડાકો બોલાઈ ગયો છે, જેને કારણે ઊંચા ભાવની ગોલ્ડ લોન જોખમમાં મુકાઈ જવાની શકયતા વધી ગઈ છે.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ પાંચ મહિનામાં ગોલ્ડ લોનની નોન પરફોર્મિંગ એસેટસ (એનપીએ)માં વધારો થયાનું રિઝર્વ બેન્કના આંકડા જણાવે છે.

અત્રે ઉલ્લેખનિય છે કે એપ્લિકેશન પ્રોગ્રામીંગ ઈન્ટરફેસિસ (એપીઆઈસ) સંબંધિત નિયંત્રણોને મજબૂત બનાવવા, થર્ડ પાર્ટી સિસ્ટમ્સ માટે સલામતિ સખત કરવા તથા ફન્ડસ ટ્રાન્સફર પરની દેખરેખ વધારવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ બેન્કો, સ્મોલ ફાઈનાન્સ બેન્કસ તથા નોન બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઓ (એનબીએફસીસ)ને સૂચના આપી છે. નાણાંકીય સંસ્થાઓને ટાર્ગેટ કરતા સાઈબર હુમલામાં થઈ રહેલા વધારા વચ્ચે રિઝર્વ બેન્કની આ સૂચના આવી પડી હોવાનું બેન્કિંગ ક્ષેત્રના સુત્રોએ અગાઉ જણાવ્યું હતું. એપીઆઈ સલામતિ તથા વહીવટ પર કેન્દ્રીત એવી એડવાઈઝરી રિઝર્વ બેન્ક દ્વારા જારી કરવામાં આવી છે.

એક અંદાજ પ્રમાણે એનબીએફસીસ દ્વારા ગોલ્ડ જ્વેલરી સામે પૂરી પડાયેલી લોન્સનો બાકી પડેલો આંક સપ્ટેમ્બરના અંતે વાર્ષિક ધોરણે ૬૬ ટકા વધી રૂપિયા ૩.૭૪ ટ્રિલિયન રહ્યો હતો. એનબીએફસીસના રિટેલ લોન પોર્ટફોલિઓમાં ગોલ્ડ લોન ઝડપથી વધી રહેલુ સેગમેન્ટ છે.

એન્થ્રોપિકના ભરણાંને પગલે ક્રિપ્ટોમાં વેચવાલીથી બિટકોઈન ૬૨ હજાર ડોલરની અંદર

મુંબઈ, તા. ૨૦

અમેરિકામાં એઆઈ રિસર્ચ પેઢી એન્થ્રોપિકના ૮૦ અબજ ડોલરથી વધુના જાહેર ભરણાંને પરિણામે વર્તમાન સપ્તાહમાં જોખમી એસેટસ એવી ક્રિપ્ટોકરન્સીઝમાંથી નાણાંના જંગી આઉટફ્લોસને કારણે ભાવમાં જોવા મળેલો ઘસારો શુક્રવારે પણ ચાલુ રહ્યો હતો અને મુખ્ય ક્રિપ્ટો બિટકોઈને ૬૨૦૦૦ ડોલરની સપાટી ગુમાવી હતી.

વર્તમાન વર્ષના જુલાઈ બાદ બિટકોઈનનો આ સૌથી નીચો ભાવ જોવાઈ રહ્યો છે. બિટકોઈનની પાછળ એકસઆરપી, સોલાના,એથર સહિતની ક્રિપ્ટોસમાં પણ ઘટાડો ચાલુ રહ્યો હતો.

ભાવમાં ઘટાડાને કારણે ક્રિપ્ટો ફ્યૂચર્સમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૬૦ કરોડ ડોલરથી વધુનું લિક્વિડેશન આવ્યુ હતું.

એન્થ્રોપિકનું ગુરુવારે નેસ્ડેક પર લિસ્ટિંગ થયું છે ત્યારે અરજદારોના નાણાં ફરી છૂટા થવાની શકયતાએ બિટકોઈનમાં ફરી સુધારો જોવા મળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. શુક્રવારે મોડી સાંજે બિટકોઈન ૬૧૯૦૦ ડોલર બોલાતો હતો જ્યારે એથરમ ૧૭૪૫ ડોલર, એકસઆરપી ૦.૯૭ ડોલર તથા સોલાના ૭૨.૮૦ ડોલર ભાવ બોલાતા હતા.

બાગાયતી ઉત્પાદન વિક્રમી ૩૮૭ મિલિયન ટન પર પહોંચ્યું

અમદાવાદ, તા. ૨૦

ફળો, શાકભાજી, મસાલા અને ફૂલો સહિતના બાગાયતી પાકોનું ઉત્પાદન ૨૦૨૫-૨૬ના પાક વર્ષ (જુલાઈ-જૂન)માં વાર્ષિક ધોરણે ૪.૩૬% વધીને ૩૮૬.૯૨ મિલિયન ટન (MT) થયું છે તેમ કૃષિ મંત્રાલયે જણાવ્યું હતું.

બાગાયતી પાકો હેઠળના વિસ્તારમાં ઘટાડો થયો હોવા છતાં ઉત્પાદનમાં વધારો હાંસલ કરાયો

મંત્રાલયે જણાવ્યું હતું કે પાછલા પાક વર્ષમાં બાગાયતી પાકો હેઠળનો વિસ્તાર ૩૦.૧૩ મિલિયન હેક્ટર હતો, જે ૨૦૨૫-૨૬ના પાક વર્ષમાં ઘટીને ૨૯.૭૨ મિલિયન હેક્ટર થયો હોવા છતાં આ પાકોના ઉત્પાદનમાં વધારો હાંસલ કરવામાં આવ્યો છે. ભારતીય કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર અને પ્રોત્સાહક વૈવિધ્યીકરણ જોવા મળી રહ્યું છે, જેમાં ખેડૂતો પરંપરાગત પાકોથી આગળ વધીને ફળો, શાકભાજી, ફૂલો, મસાલા, કાજુ, નાળિયેર અને કોકો જેવા બાગાયતી પાકો તેમજ સુગંધિત અને ઔષધીય વનસ્પતિઓની ખેતી તરફ વધુ ને વધુ વળી રહ્યા છે. બટાકાનું ઉત્પાદન પાછલા વર્ષની સરખામણીમાં આશરે ૧૨% વધીને ૬૫.૫ મિલિયન ટન થવાનો અંદાજ છે. ટામેટાંનું ઉત્પાદનવાર્ષિક ધોરણે ૩.૮% વધવાનો અંદાજ છે.

વધુ રોકાણ માટે તમાકુ ઉત્પાદનમાં FDI પરનો પ્રતિબંધ દૂર કરો

અમદાવાદ, તા. ૨૦

ઈન્ડિયા ફાઉન્ડેશનના એક અહેવાલ મુજબ, નવા રોકાણકારોને આકર્ષવા અને આ ક્ષેત્રમાં સ્પર્ધા વધારવા માટે ભારતે ૧૯૯૯થી અમલમાં રહેલા લાઈસન્સિંગ પ્રતિબંધોની સમીક્ષા કરવાની સાથે તમાકુ ઉત્પાદનમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ) પરનો પ્રતિબંધ હટાવી લેવો જોઈએ. ધ એનાટોમી ઓફ અ પ્રોહિબિશન શીર્ષક હેઠળનો આ અહેવાલ પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય શમિકા રવિ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.

સોના-ચાંદીમાં વૈશ્વિક ફંડો તેજીનો વેપાર ઉથલાવી ઈક્વિટીમાં સક્રિય : ક્રુડ, ડોલર ગબડતાં

બેંકિંગ શેરોમાં તોફાની તેજીના જોરે ઈન્ટ્રા-ડે સેન્સેક્સ ૮૪૦૦૦ ક્રોસ : અંતે ૮૯૮ પોઈન્ટ ઉછળી ૮૩૯૨૦

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, શુક્રવાર

વિશ્વ બજારમાં સોના-ચાંદીમાં વૈશ્વિક ફંડોએ તેજીનો વેપાર ખંખેરીને જાણે મંદીમાં આવી ગયા હોય એમ રોજબરોજ તૂટતાં ભાવો સામે આ ફંડો ઈક્વિટીમાં સક્રિય લેવાલ બન્યા હોવાનું અને ખાસ ભારતીય શેર બજારોમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ, એફઆઈઆઈઝ)ની ટૂંકાગાળામાં રેકોર્ડ ધૂમ ખરીદીના જોરે આજે ઈન્ટ્રા-ડે સેન્સેક્સે ૮૪૦૦૦ની સપાટી અને નિફ્ટી ૫૦ ઈન્ડેક્સે ૨૫૮૦૦નું લેવલ કુદાવ્યું હતું. ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડા અને અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો આજે ૬૩ પૈસા સુધરીને ૯૨.૬૩ થઈ જતાં શેરોમાં તેજી આક્રમક બની હતી. ફંડોએ અનપેક્ષિત બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં આક્રમક ખરીદી ચાલુ રાખી આજે મોટું તોફાન મચાવ્યું હતું. ખાનગી બેંકો સાથે પીએસયુ બેંક શેરોમાં છેલ્લા દોઢ મહિનામાં મોટું બાઈંગ કરતાં આજે બેંક નિફ્ટી ઈન્ડેક્સ પણ નવી વિક્રમી ઊંચાઈએ પહોંચ્યો હતો.

બેંકિંગ શેરો સાથે ફંડો ઘટાડે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ શેરોમાં ટીસીએસની આગેવાનીએ લેવાલ બન્યા હતા. ઓટોમોબાઈલ, હેલ્થકેર, મેટલ શેરોમાં પણ ખરીદી રહી હતી. અલબત કન્ઝયુમર ડયુરેબલ્સ, કેપિટલ ગુડઝ શેરોમાં પ્રોફિટ બુકિંગ થતું જોવાયું હતું. ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ ઘટી આવી સાંજે બ્રેન્ટ ક્રુડના ૧.૩૧ ડોલર ઘટીને ૯૦.૨૭ ડોલર અને નાયમેક્ષ-ન્યુયોર્ક ક્રુડના ૧.૨૪ ડોલર ઘટીને ૮૧.૨૦ ડોલર નજીક રહેતાં ઓઈલ-ગેસમાં ચુનંદા શેરોમાં ફંડો લેવાલ રહ્યા હતા.

બેંક નિફ્ટી ૧૫૭૨ પોઈન્ટ ઉછળી ૬૪૬૩૫ નવી ટોચે ઈન્ડસઈન્ડ બેંક રૂ.૮૨, એચડીએફસી રૂ.૨૫ ઉછળ્યા

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં આજે ફંડોએ તોફાની તેજી કરી હતી. જેના પરિણામે બેંક નિફ્ટી ઈન્ડેક્સ ૧૫૭૨.૨૦ પોઈન્ટ ઉછળીને ૬૪૬૩૫.૨૦ બંધ રહ્યો હતો. જે ઈન્ટ્રા-ડે ૬૪૬૮૦ની નવી ટોચ બનાવી હતી. ઈન્ડસઈન્ડ બેંક રૂ.૮૨ ઉછળીને રૂ.૧૦૦૫, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા રૂ.૯.૨૫ વધીને રૂ.૨૧૮.૭૫, કોટક મહિન્દ્રા બેંક રૂ.૧૫.૪૦ વધીને રૂ.૫૧૬, એચડીએફસી બેંક રૂ.૨૪.૭૫ વધીને રૂ.૮૪૫.૨૫, ફેડરલ બેંક રૂ.૮.૫૦ વધીને રૂ.૩૭૩, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૩૫.૬૦ વધીને રૂ.૧૬૪૧, કેનેરા બેંક રૂ.૨.૯૫ વધીને રૂ.૧૩૮.૭૫, એક્સિસ બેંક રૂ.૨૯ વધીને રૂ.૧૪૪૩ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૧૬૬૦.૬૮ પોઈન્ટની છલાંગે ૭૨૬૯૬.૦૫ બંધ રહ્યો હતો.

ઓટોમોબાઈલ શેરોમાં ફંડોની સતત તેજી : મારૂતી રૂ.૩૯૧ ઉછળ્યો : ટાટા મોટર્સ, હ્યુન્ડાઈમાં આકર્ષણ

ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં ફંડો આજે સતત લેવાલ રહ્યા હતા. અલબત ઉછાળો આજે સિલેક્ટેડ શેરો પૂરતો મર્યાદિત રહ્યો હતો. મારૂતી સુઝુકી રૂ.૩૯૧.૩૦ વધીને રૂ.૧૩,૯૯૦.૩૦, ટાટા મોટર્સ કમર્શિયલ વ્હીકલ રૂ.૧૦.૮૦ વધીને રૂ.૪૫૬.૬૦, હ્યુન્ડાઈ મોટર રૂ.૫૨ વધીને રૂ.૨૨૧૨, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૭ વધીને રૂ.૪૦૭.૨૦, ભારત ફોર્જ રૂ.૨૭.૯૦ વધીને રૂ.૧૩૫૬, બાલક્રિષ્ન ઈન્ડસ્ટ્રીઝ રૂ.૩૬.૨૫ વધીને રૂ.૨૩૬૪.૪૫, એમઆરએફ રૂ.૧૪૫૮.૬૦ વધીને રૂ.૧,૩૦,૬૦૮.૪૦, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ રૂ.૨.૭૫ વધીને રૂ.૨૬૬.૦૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૩૧.૩૦ વધીને રૂ.૩૫૪૧.૫૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૪૬૮.૧૯ પોઈન્ટ વધીને ૬૩૩૯.૦૬ બંધ રહ્યો હતો.

વિશ્વ બજાર સાથે સોના-ચાંદીના ભાવ તૂટતાં કલ્યાણ જવેલર્સ રૂ.૨૨, ટાઈટન કંપની રૂ.૮૦ ગબડ્યા

કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં આજે ફંડોએ ફરી ટાઈટન સહિતમાં વેચવાલી કરી હતી. સોના અને ચાંદીના ભાવમાં કડાકાના કારણે જવેલરી કંપનીઓને મોટા નુકશાનીના અંદાજોએ ફંડો સાવચેત બન્યા હતા. કલ્યાણ જવેલર્સ રૂ.૨૨.૪૦ ઘટીને રૂ.૬૩૮.૪૦, ટાઈટન કંપની રૂ.૮૦ ઘટીને રૂ.૪૬૧૦, ટીબીઝેડ રૂ.૨૮.૭૦ તૂટીને રૂ.૫૪૫.૯૫, પીએન ગાડગિલ જવેલર્સ રૂ.૬.૩૫ ઘટીને રૂ.૫૭૦.૧૫ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૩૫૯.૫૮ પોઈન્ટ ઘટીને ૬૧૭૦૪.૦૩ બંધ રહ્યો હતો.

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં ઉછાળે સાવચેતી : સીજી પાવર, જીઈ વર્નોવા, જયોતી સીએનસી, કમિન્સ ઘટ્યા

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં પણ ફંડોએ આજે ઉછાળે સાવચેતીમાં ફરી લેણ હળવું કર્યું હતું. સીજી પાવર રૂ.૨૦.૬૫ ઘટીને રૂ.૭૯૧.૬૫, જીઈ વર્નોવા ટી એન્ડ ડી ઈન્ડિયા રૂ.૧૦૫ ઘટીને રૂ.૪૨૪૪, હિટાચી એનર્જી ઈન્ડિયા રૂ.૫૭ ઘટીને રૂ.૨૯૪૮, જયોતી સીએનસી રૂ.૧૭.૪૫ ઘટીને રૂ.૧૦૫૪, કમિન્સ ઈન્ડિયા રૂ.૪૮.૪૫ ઘટીને રૂ.૪૦૮૯.૫૫ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૩૨૧.૯૦ પોઈન્ટ ઘટીને ૭૦૮૨૧.૩૮ બંધ રહ્યો હતો.

સેન્સેક્સ, નિફ્ટીમાં તોફાન સામે સ્મોલ કેપ, મિડ કેપ શેરોમાં સતત વેચવાલી : ૨૫૭૫ શેરો નેગેટીવ બંધ

ફંડો, ખેલંદાઓની આજે સપ્તાહના અંતે સેન્સેક્સ, નિફ્ટીમાં અવિરત આક્રમક તેજી સામે સ્મોલ, મિડ કેપ શેરોમાં પ્રોફિટ બુકિંગ સાથે સાવચેતીમાં રિટેલ ઈન્વેસ્ટરો પણ હળવા થતાં માર્કેટબ્રેડથ નેગેટીવ બની હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૩૧ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૧૮૦૪ અને ઘટનારની સંખ્યા ૨૫૭૫ રહી હતી.

FPIs/FIIની કેશમાં રૂ.૧૦,૩૦૮ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની રૂ.૪૮૬૦ કરોડની ચોખ્ખી વેચવાલી

ફોરેન પોર્ટ

ટ્રમ્પે ખાનગી

(૧૫મા પાનાનું ચાલુ)

આવ્યા પછી એનવિડિયાના શેરમાં કુલ ૧૦૮ વખત સોદા પાડ્યા છે, જેનું મૂલ્ય ૨.૭૨ કરોડ ડોલરથી ૯.૭૯ કરોડ ડોલર છે. આ ઉપરાંત પેલેન્ટિરે ૪.૨ કરોડ ડોલરના બે ફેડરલ કોન્ટ્રાક્ટ મેળવ્યા તેના પહેલા ટ્રમ્પે તેમા રોકાણ કર્યુ હતુ. જ્યારે સ્પેસએક્સે નાસા પાસેથી ૯૪.૬ કરોડ ડોલરનો કોન્ટ્રાક્ટ મેળવ્યો તેના પૂર્વે ટ્રમ્પે તેમા રોકાણ કર્યુ હતું. પેલેન્ટિરની ટેકનોલોજીનો ઉપયોગ યુએસ મિલિટરી, ઈન્ટેલિજન્સ અને સિવિલિયન એજન્સીઓ કરે છે. ટ્રમ્પે બીજી ઓક્ટોબરના રોજ ૧૫,૦૦૧ ડોલરથી લઈને ૫૦,૦૦૦ ડોલરના પેલેન્ટિરના શેરની ખરીદી કરી હતી. તેના પછી ૯મી સપ્ટેમ્બરના રોજ ફરીથી ૧,૦૦૧ ડોલરથી લઈને ૧૫,૦૦૦ ડોલરના પેલેન્ટિરના શેરની ખરીદી કરી હતી. તેના અઠવાડિયા પછી યુએસ હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ વિભાગે પેલેન્ટિરને એઆઈ પાવર્ડ ફ્રોડ ડિટેકશન માટેનો એક કરોડ ડોલરથી વધુ રકમનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. આટલું ઓછું હોય તેમ ૨૯મી સપ્ટેમ્બરે યુએસ હોમલેન્ડે પેલેન્ટિરને ૩.૨૧ કરોડ ડોલરનો સોફ્ટવેર કોન્ટ્રાક્ટ આપ્યો હતો. સ્પેસએક્સે નાસાનો કોન્ટ્રાક્ટ મેળવ્યો તે જ સમયે ટ્રમ્પે તેના શેર અને ડેટ ઈન્સ્ટ્રુમેન્ટની ખરીદી કરી હતી. પહેલી સપ્ટેમ્બરના રોજ ટ્રમ્પે સ્પેસએક્સના એક લાખ ડોલરથી અઢી લાખ ડોલરના બોન્ડ ૫.૩૫ ટકાના દરે ખરીદ્યા હતા. અઠવાડિયા પછી તેમણે ૧,૦૦૧ અને ૧૫,૦૦૦ ડોલરના શેર ખરીદ્યા હતા. નાસાએ સ્પેસએક્સને કોન્ટ્રાક્ટ આપ્યાના અઠવાડિયા પછી ટ્રમ્પે તેના શેરમાં ૧૫,૦૦૧ અને ૫૦,૦૦૦ ડોલરની ખરીદી કરી હતી. મસ્કે આ જ દિવસે વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ સાથે ડિનર કર્યુ હતું. ટ્રમ્પનું ખાતુ દર્શાવે છે કે ઓગસ્ટમાં તણે સ્પેસએક્સના ૧૦ લાખ ડોલર અને ૫૦ લાખ ડોલરના બોન્ડ ખરીદ્યા હતા. કોમર્સિયલ સ્પેસ ટ્રાન્સપોર્ટેશનનું વિસ્તરણ કરવાની નીતિ પર સહી કરતા પહેલા ટ્રમ્પે આ ખરીદી કરી હતી.

યોગીનાં માતા

(૧૫મા પાનાનું ચાલુ)

પાંખની બેઠકને સંબોધન કરવાના હતા. જોકે આ બધા કાર્યક્મો રદ કરાયા છે.

પૌરી ગઢવાલનું સ્થાનિક વહીવટીતંત્ર યોગી આદિત્યનાથના કૌટુંબિક સભ્યોના સંપર્કમાં છે. સ્વ.સાવિત્રીદેવી લાંબા સમયથી બીમાર હતાં અને તેઓ કૌટુંબિક સભ્યોને ફક્ત ઓળખી જ શકતાં હતા. સદ્‌ગતની અંત્યેષ્ટિ એમના પતિના અંત્યેષ્ટિ સ્થળ ફૂલચટ્ટિ ખાતે થશે કે હરિદ્વારમાં એ હજી સ્પષ્ટ નથી. એ, કૌટુંબિક સભ્યોના આગમન પછી નક્કી થશે.

સાવિત્રીદેવીના પરિવારમાં ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓ સહિત સાત સંતાનો છે. આ પૈકી જ્યેષ્ઠ પુત્ર માનવેન્દ્રસિંઘ બિશ્ત પૌરી ગઢવાલ જિલ્લાના બિથયાનિ ખાતે આવેલી કોલેજમાં ફરજ બજાવે છે. આદિત્યનાથ એમના દ્વિતીય પુત્ર છે. આદિત્યનાથના પિતા આનંદસિંઘ બિશ્તનું ૨૦૨૦માં અવસાન થયું, જેમની અંતિમક્રિયામાં આદિત્ય, કોરોનાને પગલે લદાયેલા લોકડાઉનના પરિણામે ઉપસ્થિત રહી શક્યા નહોતા.

સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘ ઉપરાંત ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને નાયબ મુખ્યમંત્રીઓ તથા ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ યોગીને દુઃખદ પ્રસંગે દિલસોજી પાઠવી.

૨૦૨૭માં

(૧૫મા પાનાનું ચાલુ)

રાજકારણ અને વિદેશ નીતિ કેવાં હશે ?

(૨) ઈરાન યુદ્ધનું કોઈ સ્થાયી સમાધાન મળે તેવું દેખાતું નથી. ૨૦૨૭માં પણ તે અંગે અનિશ્ચિતતા રહેશે. ટ્રમ્પે આ યુદ્ધ શરૂ કરી વૈશ્વિક સ્તરે અમેરિકાની સ્થિતિ નિર્બળ કરી છે. તેના સાથી દેશોને વિશ્વાસ ઘટતો જાય છે. વિરોધીઓના મનમાં પહેલા જેવો ડર રહ્યો નથી આ યુદ્ધથી પશ્ચિમ એશિયાની રાજનીતિ અને વૈશ્વિક ઊર્જા પર અસર થવાની જ છે. અન્ન ઉત્પાદન ઉપર પણ અસર થશે કારણ કે, રાસાયણિક ખાતર ઘટી જશે. ઈરાનની વર્તમાન સરકારની દેશ ઉપર પણ પકડ મજબૂત બનવા સંભવ છે.

(૩) ૨૦૨૭નું વર્ષ સતત બીજાં વર્ષે પણ ગરમ રહેશે. ઉષ્ણતામાન નવો રેકોર્ડ બનાવશે. સુપર 'અલ-નીનો' દુનિયાને વધુ ગરમ બનાવશે. મોસમ અસ્થિર થશે. દુષ્કાળ તથા વનની આગ ભીષણ ગરમી, કાર્બન ઉત્સર્જન ન ઘટતાં આવી ઘટનાઓ બનતી રહેશે.

(૪) AI વિષે દુનિયામાં વિવાદ ઉભો થશે. સાઈબર હુમલાઓ વધશે. રાજકીય જોખમ વધશે. લોકોની AI પ્રત્યે નારાજગી વધતી રહેશે.

(૫) ફ્રાંસમાં જમણેરી પક્ષો મજબૂત થશે. જમણેરી નેતા મરીન લે પેન નવા પ્રમુખ બની શકે.

(૬) સરકારોના ખર્ચ વધશે, બોન્ડ બજાર ઉપર દબાણ વધશે.

(૭) યુકેન અને ઈરાન યુદ્ધે દર્શાવ્યું છે કે, નવી ટેકનોલોજી યુદ્ધનું પરિણામ બદલી શકે તો છે. તાઈવાનની વાત લઈએ તો શી જિનપિંગે ચીની સેનાને ૨૦૨૭ સુધીમાં તાઈવાન કબ્જે કરવા તૈયાર રહેવા કહ્યું છે.

(૮) વજન ઘટાડનાર દવાઓ, કોસ્મેટિક્સ, ફીટનેસ વગેરે માટે લોકો ખર્ચ કરશે.

(૯) અંતરિક્ષમાં સેટેલાઈટ લોન્ચ કરવું સરળ બનશે. ચીનની રોકેટ કંપનીઓ બૂસ્ટર ફરી ઉપયોગમાં લેવાય તેવી ટેક્નિક ડેવલપ કરશે.

(૧૦) હોલીવૂડમાં મોટી ફિલ્મો અને ફ્રેન્ચાઈઝીની ગતવિધિ વધશે 'સ્ટાર-વૉર્સ' ૫૦ વર્ષ વીતી જતાં ફરી રીલીઝ થશે.

ગુજરાત સમાચાર

CLASSIFIEDS | ટચુકડી જાહેરખબર

ક્લાસિફાઈડ્સ

Call : 8799236001/2/3

ટચુકડી જાહેરખબર હવે દરરોજ પ્રકાશિત થશે.

શિક્ષક-અધ્યાપક

Required Female Teachers for Maths Commerce at a School Near Science City, Ahmedabad. Whatsapp Resume/ Call: 9574XX0522

Required Pre- Primary/ Primary Teachers. Good Communication Skills. Love For Teaching And Working With Children, Chenar, Ahmedabad. Share Your Resume: 6356XX4667

વેપાર-ધંધાકીય તકો

જરૂરિયાત વાળા ફ્રાન્ચાઈસ ધોરણે ચાલતી ઈન્ડિયા નંબર વન બ્રાન્ડની કેરિયર આપે જોબ્સ ગ્રોથ સાથે જોબ સેટિસ્ફેક્શન આપતી કંપની

જરૂરિયાત વાળા ફ્રાન્ચાઈસ ધોરણે ચાલતી ઈન્ડિયા નંબર વન બ્રાન્ડની કેરિયર આપે જોબ્સ ગ્રોથ સાથે જોબ સેટિસ્ફેક્શન આપતી કંપની. ઈન્ટરવ્યુ ઓનલાઈન. Whatsapp: 9727XX8888

વેપાર-ધંધાકીય તકો

Required Sales Executive, For Real Estate Office, 2 Years Experience At, Nanapete. Salary: 3000/PM(C). 7272XX3627

જરૂરિયાત વાળા Male લોકો માટે ઓફિસ જરૂરિયાત વાળા ઓફિસ સ્ટાફ માટે ઓફિસ જરૂરિયાત વાળા

જરૂરિયાત વાળા ઈલેક્ટ્રિક, ઈલેક્ટ્રોનિક, ઈલેક્ટ્રિક મોટર, ઓટોમોબાઈલ, ઓફિસ સ્ટાફ, ઓફિસ બોય, ડ્રાઈવર, ITI, ડિપ્લોમા, ધોરણ ૧૨ પાસ, ધોરણ ૧૦ પાસ, ગ્રેજ્યુએટ, બી.કોમ, બી.એસસી, બી.બી.એ, બી.સી.એ, એમ.બી.એ, એમ.કોમ, એમ.એસસી, એમ.સી.એ, બી.ઈ, બી.ટેક, એમ.ઈ, એમ.ટેક, ડિપ્લોમા ઈન મિકેનિકલ, ડિપ્લોમા ઈન ઈલેક્ટ્રિકલ, ડિપ્લોમા ઈન સિવિલ, ડિપ્લોમા ઈન કેમિકલ, ડિપ્લોમા ઈન ઓટોમોબાઈલ, ડિપ્લોમા ઈન પ્રોડક્શન, ડિપ્લોમા ઈન ઈન્સ્ટ્રુમેન્ટેશન, ડિપ્લોમા ઈન ફાર્મસી, ડિપ્લોમા ઈન ટૂલ એન્ડ ડાઈ મેકિંગ, ડિપ્લોમા ઈન પ્લાસ્ટિક ટેક્નોલોજી, ડિપ્લોમા ઈન ફાયર એન્ડ સેફ્ટી, ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી, ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રિયલ એન્જિનિયરિંગ, ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રિયલ ઈલેક્ટ્રોનિક્સ, ડિપ્લોમા ઈન ઈન્સ્ટ્રુમેન્ટેશન, ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રિયલ ઈલેક્ટ્રોનિક્સ, ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રિયલ ઈલેક્ટ્રિકલ, ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રિયલ ઈલેક્ટ્રિકલ, ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રિયલ ઈલેક્ટ્રોનિક્સ

રૂપિયો ૬૩ પૈસા ઉછાળતા ડોલર તૂટી ૯૩ની અંદર : ફોરેક્સ રિઝર્વ ત્રણ માસના તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ વધુ તૂટી રૂ.૯૩ની અંદર જતા રહ્યા હતા. તથા રૂપિયામાં તેજી આગળ વધી હતી. શેરબજાર ફરી ઉછળતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલ ના ભાવ ઘટતાં મુંબઈ કરન્સી બજારમાં રૂપિયો ઉછળતો રહ્યો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

પાઉન્ડે રૂ.૧૨૨ની તથા યુરોએ ૧૦૨ની સપાટી ગુમાવી : ફોરેક્સ રિઝર્વ ૧૪.૨૦ અબજ ડોલર ઘટયું : ગોલ્ડ રિઝર્વમાં પણ પીછેહટ

મુંબઈ કરન્સી બજારમાં આજે ડોલરના ભાવ રૂ.૯૩.૩૦વાળા સવારે રૂ.૯૩.૨૦ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૩.૨૧ તથા નીચામાં ભાવ રૂ.૯૨.૬૪ થઈ રૂ.૯૨.૬૭ બંધ રહ્યા હતા. ડોલરના ભાવ આજે વધુ ૬૩ પૈસા તૂટતાં ડોલર સામે રૂપિયો આજે વધુ ૦.૬૮ ટકા ઉછળ્યો હતો.

દરમિયાન ભારતનું ફોરેક્સ રિઝર્વ ૧૪.૨૦ અબજ ડોલર ઘટી ૭૦૫.૩૪ અબજ ડોલર થયાનું રિઝર્વ બેન્કના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, ગોલ્ડ રિઝર્વ પણ ૬.૧૮ અબજ ડોલર ઘટી ૯૨૯.૪૩ અબજ ડોલર થયાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૩.૯૫ તથા નીચામાં ૧૦૩.૭૦ થઈ ૧૦૩.૭૬ થઈ રૂ.૧૦૧.૬૯ બંધ રહ્યા હતા. જોકે રૂપિયા સામે જાપાનની કરન્સી આજે ૦.૦૭ ટકા પ્લસમાં રહી હતી. જોકે ચીનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૪૬ ટકા તૂટી ગઈ હતી. ભારતમાં ફોરેક્સ રિઝર્વ ઘટી ત્રણ મહિનાના તળિયે ઉતરી ગયું હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. ભારતમાં શેરબજાર ઉંચકાતાં ડોલરનો ઈન્ફ્લો વધ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. આ જોતાં હવે આગળ ઉપર ફોરેક્સ રિઝર્વ ફરી વધવાની ગણતરી બજારમાં બતાવાઈ રહી હતી. વિશ્વ બજારમાં આજે ક્રૂડ તેલ બજારમા બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના વધુ ઘટી નીચામાં ૯૦.૦૬ થઈ ૯૧.૨૬ ડોલર રહ્યા હતા. જ્યારે મુંબઈ શેરબજારમાં આજે તેજીનો પવન ફૂંકાયો હતો.

ફોરેક્સ ભાવ

ડોલર	રૂા. ૯૨.૬૭
પાઉન્ડ	રૂા. ૧૨૧.૪૪
યુરો	રૂા. ૧૦૧.૬૯
યેન	રૂા. ૦.૫૮
બ્રેન્ટ ક્રૂડ	૯૧.૫૦ ડોલર

પામતેલમાં વૈશ્વિક કડાકો : ચીનના ઈમ્પોર્ટરોએ ઈમ્પોર્ટ સોદા કેન્સલ કર્યા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે કપાસિયા તેલ, સોયાતેલ તથા મસ્ટર્ડ-સરસવ તેલના ભાવ ઘટયા હતા જ્યારે અન્ય ખાદ્યતેલોના ભાવ બેતરફી સાંકડી વધઘટે ફરતા રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા. દરમિયાન, દિવેલ તતા હાજર એરંડાના ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં મલેશિયા પામતેલ વાયદાના ભાવ આજે વધુ ૧૦૩થી ૧૧૬ પોઈન્ટ તૂટ્યા હતા.

વિશ્વ બજારની ઈમ્પર્કટ ભારતમાં પણ દેખાઈ : ચીનમાં પામતેલનો સ્ટોક વધી પાંચ વર્ષની ટોચે પહોંચ્યો

ક્રૂડતેલના ભાવ વિશ્વ બજારમાં ઘટતાં વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ પર તેની ઈમ્પેકટ દેખાઈ હતી. મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ.૧૧ ઉંચકાતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના રૂ.૫૫ વધ્યા હતા. મુંબઈ ખોળ બજારમાં આજે ટનના ભાવ સિંગખોળના રૂ.૧૦૦૦ તથા સોયાખોળના ભાવ રૂ.૧૫૦૦થી ૨૦૦૦ ઉછળ્યા હતા જ્યારે સનફલાવ ર ખોળના ભાવ ટનના રૂ.૧૦૦૦ વધ્યા હતા. જો કે અન્ય ખોળો શાંત હતા.દરમિયાન, મુંદ્રા ખાતે પામતેલના ભાવ રિસેમ્બરના રૂ.૧૨૯૦ તથા જાન્યુઆરીના રૂ.૧૩૦૦ રહ્યા હતા. સોયાતેલના ભાવ રિસેમ્બરના રૂ.૧૪૦૦ તથા જાન્યુઆરીના રૂ.૧૪૧૦ રહ્યા હતા જ્યારે ત્યાં સનફલાવરના ભાવ રિસેમ્બરના રૂ.૧૬૩૦ રહ્યા હતા. હઝીરા ખાતે પામતેલના ભાવ રિસેમ્બરના રૂ.૧૩૦૫ તથા જાન્યુઆરીના રૂ.૧૩૧૫ જ્યારે સોયાતેલના ભાવ રિસેમ્બરના રૂ.૧૪૧૫ તથા જાન્યુઆરીના રૂ.૧૪૨૫ અને સનફલાવરના ભાવ રિસેમ્બરના રૂ.૧૬૪૫ રહ્યા હતા. ચીનના બજારોમાં આજે પામતેલ તથા સોયાતેલના ભાવ વધુ તૂટ્યા હતા. ચીનમાં પામતેલનો સ્ટોક વધી પાંચ વર્ષની ટોચે પહોંચતા ચીનના આયાતકારોએ વિશ્વ બજારમાથી પામતેલની નવી ખરીદી બંધ કરી છે તથા આ પૂર્વે ઈમ્પોર્ટના જે સોદા કરાયા હતા તેવા ૫૦ હજારથી એક લાખ ટનના ઈમ્પોર્ટ સોદા પણ ચીનના ઈમ્પોર્ટરોએ કન્સલ કર્યાના વાવડ મળ્યા હતા. મલેશિયાથી પામતેલની નિકાસ નવેમ્બરના ૨૦ દિવસમાં ૯થી ૧૦ ટકા ઘટી હોવાના સમાચાર પણ મળ્યા હતા.

ચાલુ નાણાં વર્ષના સાત મહિનામાં

ક્રુડ આયાત પાછળ બેરલ દીઠ ૩૩ ડોલરનો વધુ ખર્ચ થયો

મુંબઈ, તા. ૨૦

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ સાત મહિનામાં ભારતનું ક્રુડ ઓઈલ આયાત બિલ વાર્ષિક ધોરણે ૫૪ ટકા વધી ૧૧૧ અબજ ડોલર રહ્યું છે. જો કે વોલ્યુમની દ્રષ્ટિએ વધારો ૨.૭૦ ટકા રહીને ૧૪.૬૬ કરોડ ટન રહ્યો હોવાનું પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા જણાવે છે.

એપ્રિલથી ઓકટોબરના સમય ગાળામાં ઈમ્પોર્ટ બિલ વધીને ૧૧૧ અબજ ડોલર

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ સાત મહિનામાં ભારતના ક્રુડ આયાત બિલ પાછળ વાર્ષિક ધોરણે પ્રતિ બેરલ અંદાજે ૩૩ ડોલરનો વધુ ખર્ચ થયો છે. પશ્ચિમ એશિયા યુદ્ધને પરિણામે ઓઈલ ટેન્કરોની અવરજવર પર પડેલી અસરને કારણે ભારતનું ક્રુડ ઓઈલ આયાત બિલ ઊંચુ રહેવા પામ્યુ છે.

૧૪.૬૬ કરોડ ટન આયાતને ધ્યાનમાં રાખતા પ્રતિ બેરલ આયાત ખર્ચ સરેરાશ ૧૦૩.૩૦ ડોલર જેટલો થવા જાય છે. જે ગયા નાણાં વર્ષના સમાન ગાળામાં બેરલ દીઠ ૬૯ બેરલ રહ્યો હતો. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ સાત મહિનાનું આયાત બિલ ગયા સંપૂર્ણ નાણાં વર્ષના ૮૮ ટકા જેટલુ થઈ ગયું છે અને નાણાં વર્ષ સમાપ્ત થવાને હજુ પાંચ મહિના બાકી છે.

વર્તમાન વર્ષના ઓકટોબરનું આયાત બિલ વાર્ષિક ધોરણે ૮૩ ટકા ઊંચું રહી ૧૯.૫૦ અબજ ડોલર રહ્યુ છે.

લિક્વિડ નેચરલ ગેસ (એલએનજી)ની વાત કરીએ તો એપ્રિલથી ઓકટોબરના ગાળામાં એલએનજીનો આયાત પૂરવઠો વાર્ષિક ધોરણે ૭.૪૦ ટકા વધી ૨૨૧૭૫ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર્સ રહ્યો છે. આ પેટેનું બિલ ૩૫.૮૦ ટકા વધી ૧૧ અબજ ડોલર રહ્યુ હોવાનું પણ પ્રાપ્ત ડેટામાં જણાવાયુ છે.

ભારતની આયાતમાં ક્રુડ ઓઈલનો હિસ્સો સૌથી વધુ છે જે ભારત માટે ચિંતાનો વિષય રહેલો છે. યુદ્ધની સ્થિતિ થાળે પડી રહી છે ત્યારે નાણાં વર્ષના બાકીના સમયગાળામાં આયાત ખર્ચ ઘટવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

મોંઘા LNGના કારણે ગેસ વિતરકોના માર્જિન પર અસર

અમદાવાદ, તા. ૨૦

આયાતી ગેસના વધતા ભાવ અને કરારબદ્ધ પુરવઠામાં આવેલા વિક્ષેપોને કારણે ભારતના સિટી ગેસ વિતરકોની નફાકારકતા પર તીવ્ર દબાણ આવ્યું છે. સીએનજી અને પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી)ની માંગ સતત વધી રહી હોવા છતાં કંપનીઓને મોંઘો એલએનજી ખરીદવાની ફરજ પડી રહી છે. ગ્રાહકો પર વધેલા ખર્ચનો બોજ નાખવાનો અવકાશ મર્યાદિત હોવાથી, ખરીદ ખર્ચ (પ્રોક્યોરમેન્ટ એક્સપેન્સ) આ ક્ષેત્ર માટે એક મોટો પડકાર બનીને ઉભર્યો છે.

કરારબદ્ધ ગેસની ઓછી ઉપલબ્ધતાને કારણે સ્પોટ માર્કેટમાંથી ખરીદી વધારવાની ફરજ

આ અસર ખાસ કરીને ઈન્દ્રપ્રસ્થ ગેસ પર વધુ જોવા મળી હતી, જે વેચાણ વોલ્યુમમાં વાર્ષિક ધોરણે ૮%નો વધારો થયો હોવા છતાં સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ઓપરેટિંગ ખોટમાં સરી પડી હતી.

તાજેતરની ઓઈલ અને ગેસ સેક્ટરની સમીક્ષામાં જણાવાયું હતું કે, મુખ્ય પડકાર તરીકે નબળા વોલ્યુમ ગ્રોથનું સ્થાન હવે માર્જિનના દબાણે લઈ લીધું છે, જેના કારણે કમાણીનો અંદાજ લગાવવો વધુ મુશ્કેલ બન્યો છે. કરારબદ્ધ ગેસની ઓછી ઉપલબ્ધતાને કારણે સિટી ગેસ કંપનીઓને સ્પોટ માર્કેટમાંથી ખરીદી વધારવાની ફરજ પડી હતી.

મહાનદી કોલફિલ્ડસનો IPO

કોલસા ઉત્પાદક કંપની મહાનદી કોલ્ડફિલ્ડસ કંપની આઈપીઓ સાથે મુડીબજારમાં પ્રવેશી છે. આ આઈપીઓ તા. ૨૩ નવેમ્બરે બંધ થશે. કંપનીએ રૂ. બેની મુળ કિંમતના શેર માટે શેર દીઠ રૂ. ૧૨૯થી ૧૩૬ની પ્રાઈસબેન્ડ નક્કી કરી છે. આ ઈશ્યુમાં લઘુત્તમ બિડ ૧૧૦ શેરની અને ત્યારબાદ તેના ગુણાંકમાં કરી શકાશે.

સેબી FPIsના નિયમો વધુ સરળ બનાવશે પાંચ દિવસમાં રજિસ્ટ્રેશન પૂર્ણ કરાશે

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૨૦

ભારતીય શેર બજારોમાં ફોરેન ઈન્વેસ્ટમેન્ટને પ્રોત્સાહન આપતા એલટીસીજી નાબૂદ કરવાની સરકારની વિચારણા સાથે હવે વિદેશી પોર્ટપોલિયો રોકાણકારો માટે લાલજાજમ બિછાવવાની તૈયારીના ભાગરૂપ એફપીઆઈઝ-ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ માટેના નિયમો અને પાલનની પ્રક્રિયાને વધુ સરળ બનાવવાની મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની યોજના છે. સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ જણાવ્યું હતું કે, અન્ય મોટા વૈશ્વિક બજારોમાં લાગુ ન હોય તેવી કેટલીક ભારત-વિશિષ્ટ શરતો દૂર કરવા અંગે વિચારણા કરવામાં આવી રહી છે.

ભારતીય સિક્યોરિટીઝ માર્કેટ માટે ખાસ ડિઝાઈન કરાયેલ અને દેશમાં જ સંચાલિત એઆઈ મોડલ વિકસાવવાની સેબીની યોજના

એફપીઆઈ માટેની કામગીરી સરળ બનાવવા સેબી ટૂંક સમયમાં કન્સલ્ટેશન પેપર જાહેર કરશે. આ ઉપરાંત, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) સાથે સંયુક્ત કાર્યકારી જૂથની રચના કરવામાં આવશે. જે એફપીઆઈની રજીસ્ટ્રેશન પ્રક્રિયા સરળ બનાવવા માટે એક જ કોમન એપ્લિકેશન ફોર્મ તૈયાર કરશે. સેબીનો લક્ષ્યાંક એફપીઆઈનું રજીસ્ટ્રેશન અને ઓનબોર્ડિંગ પ્રક્રિયાનો સમય ઘટાડીને માત્ર પાંચ કામકાજના દિવસો સુધી લાવવાનો છે. તેમણે વધુ કહ્યું હતું કે, વિશ્વસનીય દેશોના કેટલાક રોકાણકારોની નોંધણી હાલમાં પણ આ સમયગાળામાં પૂર્ણ કરવામાં આવી રહી છે.

સેબીએ અનેક પ્રક્રિયાઓનું ડિજિટાઈઝેશન કર્યું છે અને ડિજિટલ હસ્તાક્ષર ધરાવતા પાવર ઓફ એટર્ની દસ્તાવેજો સ્વીકારવાનું શરૂ કર્યું છે, તેમ છતાં પ્રક્રિયાને વધુ સરળ બનાવવાની શક્યતાઓ રહેલી છે. ૧લી ડિસેમ્બરથી લાગુ પડનારા ફેરફારો મુજબ, લાગુ પડતા એફપીઆઈ માટે કેવાયસી સમીક્ષાનો સમયગાળો એક અને ત્રણ વર્ષથી વધારીને અનુક્રમે બે અને આઠ વર્ષ કરવામાં આવશે. આ ઉપરાંત, પાત્ર બિનનિવાસી ભારતીયો (એનઆરઆઈ), ઓવરસીઝ સિટિઝન્સ ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) અને વિદેશી નાગરિકો ભારતમાં રૂબરૂ હાજર રહ્યા વિના પણ કેવાયસી અને રી-કેવાયસી પૂર્ણ કરી શકશે.

આ ઉપરાંત સેબી ચેરમેને કહ્યું હતું કે, ભારતીય સિક્યોરિટીઝ માર્કેટ માટે ખાસ ડિઝાઈન કરાયેલા અને દેશમાં જ સંચાલિત થઈ શકે તેવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) મોડલ વિકસાવવાની શકયતા પણ સેબી તપાસી રહ્યું છે. જ્યારે સેબી, આરબીઆઈ, નાણા મંત્રાલય અને બજારના અન્ય હિતધારકો સાથે મળીને સેકન્ડરી કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં લિક્વિડિટી વધારવા માટે માર્કેટ મેકિંગ ફ્રેમવર્ક પર પણ સેબી કામ કરી રહ્યું છે.

CSR નિયમો કડક બનાવાશે : ભંડોળને પરિણામ સાથે જોડી દેવામાં આવશે

અમદાવાદ, તા. ૨૦

સરકારે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) ખર્ચની વ્યાખ્યાઓમાં સુધારો કરીને અને આ શ્રેણી હેઠળ થતા ખર્ચ પર વધુ કડક દેખરેખ લાદીને તેના નિયમોમાં મોટા ફેરફાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

કંપનીઓ વતી સીએસઆર પ્રોજેક્ટ્સ અમલમાં મૂકતી એજન્સીઓ પર પણ વધુ કડક દેખરેખ રખાશે

કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા મુસદ્દા (ડ્રાફ્ટ) સુધારાઓનો ઉદ્દેશ્ય કંપનીઓને સરકારી યોજનાઓમાં ભંડોળ આપવા, એક વખતના કાર્યક્રમો (વન-ઓફ ઈવેન્ટ્સ), કોર્પસ ફંડમાં યોગદાન આપવા અથવા તાત્કાલિક આપત્તિ રાહત સિવાય પોતાની જ પ્રોડક્ટ્સ કે સેવાઓનું વિતરણ કરવા પર થયેલા ખર્ચને સીએસઆર ખર્ચ તરીકે દર્શાવતા અટકાવવાનો છે.

આ મુસદ્દામાં કંપનીઓ વતી સીએસઆર પ્રોજેક્ટ્સ અમલમાં મૂકતી એજન્સીઓ પર પણ વધુ કડક દેખરેખ રાખવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નિયમોના ઉલ્લંઘન બદલ તેમની નોંધણી રદ થઈ શકે છે અને તેમના પર ત્રણ વર્ષ સુધી ફરીથી નોંધણી કરાવવા પર પ્રતિબંધ મૂકી શકાય છે. સૂચિત ફેરફારોમાં કંપનીઝ (સીએસઆર પોલિસી) નિયમો, ૨૦૧૪ની સાથે કંપની અધિનિયમ, ૨૦૧૩ની સુધારેલી અનુસૂચિ VII (Schedule VII)નો સમાવેશ થાય છે, જેમાં સીએસઆર ભંડોળ માટે પાત્ર પ્રવૃત્તિઓની યાદી આપવામાં આવી છે.

અનુસૂચિ VII હેઠળની સુધારેલી યાદીમાં માનસિક સ્વાસ્થ્ય, ટેલિ-મેડિસિન, કારકિર્દી માર્ગદર્શન (કરિયર કાઉન્સેલિંગ), પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજનામાં ભાગીદારી, સ્વચ્છ ઊર્જા, ઈ-વેસ્ટ મેનેજમેન્ટ, પશુ કલ્યાણ, દરિયાઈ સંરક્ષણ અને રમતગમત માળખાકીય સુવિધાઓ સહિતની ઘણી નવી પ્રવૃત્તિઓ ઉમેરવામાં આવી છે. મુસદ્દામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે અનુસૂચિ VIIનું વ્યાપક અર્થઘટન થવું જોઈએ, જેથી કંપનીઓ એવી સીએસઆર પ્રવૃત્તિઓ પણ હાથ ધરી શકે જેનો ખાસ ઉલ્લેખ ન હોય પરંતુ તે સૂચિબદ્ધ શ્રેણીઓ જેવા જ ઉદ્દેશ્યો પૂરા કરતી હોય.

કંપની અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ, ત્રણમાંથી કોઈપણ એક માપદંડ પૂરો કરતી કંપનીઓ રૂ. ૫૦૦ કરોડની નેટવર્થ, રૂ. ૧,૦૦૦ કરોડનું ટર્નઓવર અથવા રૂ. ૫ કરોડનો ચોખ્ખો નફો, એ પાછલા ત્રણ નાણાકીય વર્ષોના તેમના સરેરાશ ચોખ્ખા નફાના ઓછામાં ઓછા ૨% સીએસઆર પ્રવૃત્તિઓ પાછળ ખર્ચવા જરૂરી છે. કોર્પોરેટ લોઝ (સુધારા) બિલ, ૨૦૨૬માં સીએસઆર લાગુ પડવા માટેની ચોખ્ખા નફાની મર્યાદા વધારીને રૂ. ૧૦ કરોડ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૯૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૪૫૦-૨૬૩૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૦૦
સોયાબીન નવો ડબો ૨૫૦૦
દિવેલ ૨૮૦૦
પામોલીન જુનો ડબો ૨૧૫૦
પામોલીન નવો ડબો ૨૩૦૦
કોપરેલ ૪૩૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૨૮૫૦
તીખું સરસીયું ૩૨૦૦
સનફ્લાવર ૨૬૫૦
મકાઈ તેલ ૨૩૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૮૨૫
રાજકોટ મગફળી ૧૮૪૦-૧૮૫૦
સોનુ ૨૪ કેરેટ ૧૨૯૦૦૦
૧ કિલો ચાંદી ૧૫૨૦૦૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો
બટાકા દેશી ૧૦૦-૧૬૦
બટાકા ડીસા ૧૬૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૦૪૦
ડુંગળી એમપી ૫૦૦-૯૦૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૦૦-૧૨૦
ટગર ૩૦૦-૪૦૦
ડમરો ૧૫-૨૦
લીલી ૧૫-૨૦
હજારી ગલ ૬૦૦-૮૦૦

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૫૨૫૨૮
મુંબઈ સોનું (૯૯.૫) ૧૨૩૩૯૭
મુંબઈ સોનું (૯૯.૯) ૧૨૩૮૯૩
અમ. ચાંદી ૧૫૫૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૨૯૦૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૨૮૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૦૦
અમ. કપાસિયા નવો ૨૬૩૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૫૨૦૦૦-૧૫૫૦૦૦
ચાંદી રૂપુ ૧૫૧૮૦૦-૧૫૪૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૨૮૦૦૦-૧૨૯૦૦૦
સોનું (૯૯.૫) ૧૨૭૭૦૦-૧૨૮૭૦૦
હોલમાર્ક ૧૨૬૪૨૦

મુંબઈ

ચાંદી ૧૫૨૫૨૮
સોનું (૯૯.૫) ૧૨૩૩૯૭
સોનું (૯૯.૯) ૧૨૩૮૯૩

રાજકોટ

ચાંદી ૧૫૨૦૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૨૯૦૦૦
સીક્કા (૧ ગ્રામ)૧૨૯૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૧૮૬૦૦

NSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
એપોલો હોસ્પિ.	૯૨૦૦.૦૦	૫.૨૯
એક્સિસ બેંક	૧૪૪૬.૦૦	૪.૭૨
મેક્સ હેલ્થ	૧૦૮૧.૦૦	૩.૮૮
મારૂતિ	૧૪૦૧૧.૦૦	૩.૧૧
અલ્ટ્રાટેક	૧૨૯૩૯.૦૦	૩.૦૨
HDFC બેંક	૯૪૬.૦૦	૨.૯૪
બજાજ ફાય	૧૧૨૨.૦૦	૨.૬૭
કોટક બેંક	૫૧૫.૮૦	૨.૫૪
હિંદાલકો	૯૨૯.૫૦	૨.૧૪
ઈન્ડિગો	૫૫૮૭.૬૦	૨.૦૬
HDFC લાઈફ	૫૮૮.૬૫	૨.૦૧
ICICI બેંક	૧૬૪૦.૦૦	૧.૯૩
પાવરગ્રીડ	૨૬૯.૦૦	૧.૭૦
નેસ્લે	૧૩૨૫.૦૦	૧.૬૬
TCS	૨૩૭૬.૨૦	૧.૪૩

BSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
કોટક બેંક	૫૧૬.૦૦	૩.૦૮
HDFC બેંક	૮૪૫.૨૫	૩.૦૨
મારૂતિ	૧૩૯૯૦.૩૦	૨.૮૮
અલ્ટ્રાટેક	૧૨૯૨૬.૪૦	૨.૭૫
બજાજ ફાય	૧૧૨૦.૦૦	૨.૪૭
ICICI બેંક	૧૬૪૧.૦૦	૨.૨૨
એક્સિસ બેંક	૧૪૪૭.૦૦	૨.૦૫
ઈન્ડિગો	૫૫૮૦.૦૦	૧.૮૭
પાવરગ્રીડ	૨૬૮.૫૦	૧.૭૦
TCS	૨૩૭૫.૦૦	૧.૨૧
ટેક મહિન્દ્રા	૧૭૪૨.૦૦	૧.૧૦
ટ્રેન્ટ	૩૨૫૨.૨૫	૦.૯૪
મહિન્દ્રા	૩૫૪૧.૫૦	૦.૮૯
SBI	૧૧૬૪.૯૫	૦.૬૦
બજાજ ફીન	૧૮૯૧.૩૦	૦.૫૫



ગુજરાત સમાચાર

મેડિકલ ખર્ચમાં ઉછાળો

ડેન્ગ્યુના કેસોને સરકાર અંકુશમાં લાવી શકી નથી. વળી, આંકડાઓ જે સાચા છે એને છુપાવે છે. હોસ્પિટલોમાં એના સિવાયના દરદીઓની ભીડ પણ વધી રહી છે. પોતાની અને પરિવારની સારવાર કરાવતાં-કરાવતાં અંદાજે સાડા પાંચ કરોડ લોકો છેલ્લા એક વરસમાં દેશમાં ગરીબ થઈ ગયા છે. દેશના અંદાજે ૩.૫ કરોડ નાગરિકો એક વરસમાં માત્ર દવા કરાવવાના કે ઈલાજ અજમાવવાના ખર્ચને કારણે ગરીબીની રેખાની નીચે આવી ગયા છે. આ ચોંકી જવાય તેવો ઘટસ્ફોટ અને તેની વિગત મૂળભૂત રીતે તો કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ ખાતાના પ્રધાને ખુદ રાજ્યસભામાં કહી હતી. એનડીએ સરકારના આ વિધાનથી સમજી શકાય છે કે ભલે આપણે સાત દાયકામાં દુનિયાની પાંચમા કે સાતમા નંબરની મોટી અર્થવ્યવસ્થા બની ગયા હોઈએ, પરંતુ વૈશ્વિક સ્વાસ્થ્ય સૂચકાંકમાં આપણે ૧૫૪ મા નંબરે આસન જમાવીને બેઠા છીએ.

'ધ લોન્સેટ' જર્નલ દ્વારા જાહેર કરાયેલા સૂચકાંકમાં (ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ)માં બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન અને શ્રીલંકાથી પણ આપણી દશા ખરાબ છે. ખરેખર જુઓ તો ભારતીય પરિવારોના પોતપોતાના અર્થકારણમાં માંદગી માટે કોઈ અવકાશ કે પ્રોવિઝન નથી, કુટુંબના માસિક બજેટમાં દવાઓ અને સારવારનો ખર્ચ ફાળવવાની શક્યતા જ નથી. છતાં જ્યારે પણ કુટુંબના કોઈ સભ્ય માંદગીમાં સપડાઈ પડે છે ત્યારે ટૂંકા બજેટમાં સૌથી પ્રથમ અગ્રતાક્રમ એમની સારવાર માટેના ખર્ચનો આવે છે. ભારતમાં માંદગી સ્વાસ્થ્યોપરાંત મોટો આર્થિક આઘાત છે. દેશના નાગરિકો ડગલે ને પગલે ટેક્સ ચૂકવે છે. હવે તો વિવિધ દંડ પણ પાર વગરના ભોગવવા પડે છે. કોઈ પણ વસ્તુને હાથ અડાડો એમાં સરકારનો વેરો છે જ. તેમ છતાં પોતાની આવકનો મહત્ત ભાગ સામાન્ય નાગરિકોએ સારવારમાં ખર્ચ કરવો પડે છે. વાહનચાલકોને ખબર છે કે એક જમાનાની નમો સરકાર હવે મેમો સરકાર બની ગઈ છે.

એનડીએ સરકારે દેશની સરકારી હોસ્પિટલો અને આરોગ્યકેન્દ્રોને અપગ્રેડ કરવા માટે જરૂરી એવાં પગલાં આજ સુધી તો લીધાં નથી. હવે નિર્મલા સીતારામને છેલ્લા બજેટમાં હેલ્થ માટે જંગી ફંડ ફાળવતા કંઈક આશા બંધાઈ હતી, પરંતુ હજુ એની અમલવારીના ચિહનો દેખાતા નથી. સામાન્ય નાગરિક પાસે ખાનગી હોસ્પીટલોની મોંઘેરી સેવા લેવા સિવાયનો કોઈ વિકલ્પ નથી. એનડીએ સરકારની વર્તમાન સ્વાસ્થ્ય નીતિ વીમા-મોડેલ આધારિત થઈ ગઈ છે. એના દ્વારા કંપનીઓના ભરોસે હોસ્પિટલાઈઝેશન પર ફોકસ કરવામાં આવે છે. એટલે કે નાગરિક ગંભીર રીતે બિમાર હોય તો એનો ઈલાજ આયુષ્યમાન યોજના હેઠળ થશે, પરંતુ જેમાં દર્દીને હોસ્પીટલમાં દાખલ કરવો જરૂરી નથી એવા પ્રાથમિક ઉપચાર કે અન્ય અગંભીર બિમારીઓમાં એણે ખાનગી હોસ્પીટલ તરફ જ પોતાની જાતને ધકેલવી પડશે, જ્યાં ઈલાજના ખર્ચનો ભારે બોજ પડે છે.

કેન્દ્ર સરકારની નેશનલ સેમ્પલ સર્વે ઓફિસના સર્વેક્ષણ પ્રમાણે ગ્રામવિસ્તારોમાં વસતા લોકો પોતાના કુલ દવા ખર્ચનો ૭૨ ટકા ખર્ચ તો કોઈ પણ દવાખાને દાખલ થયા વિના જ નાની-મોટી બિમારીઓમાં કરે છે. જ્યારે કે શહેરી લોકોના તબીબી ખર્ચની કુલ ૬૮ ટકા રકમ દાખલ થયા વિનાની સારવાર પાછળ વહી જાય છે. એટલે કે જેમાં સૌથી વધુ ખર્ચ થઈ રહ્યો છે એના પર સરકારનું હજુ ધ્યાન નથી અથવા તેઓ ધ્યાન આપવા ચાહતા નથી. સરકારે બજેટમાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો ખોલવા માટેની વાત અગાઉ કરી હતી, પણ પરિણામ કંઈ આવ્યું નથી. ગપ્પાં જ હતા અને આ વરસે તો એ વાત ખુદ સીતારામનને જ યાદ રહી નથી. આપણે છેલ્લા સાત-સાત દાયકાઓથી સાંભળીએ છીએ કે દેશની તમામ સરકારી હોસ્પિટલોને આધુનિક બનાવવામાં આવશે. દેશના તમામ રાજ્યોમાં સામાન્ય નાગરિકોની સેવા કરવા માટે રચાયેલા આરોગ્યતંત્રના લગભગ તમામ મોડેલ ખાડે ગયા છે.

એ જોઈને જ દિલ્હીના તત્કાલીન મુખ્યમંત્રીએ મોહલ્લા ક્લિનિકથી નવું સાહસ કર્યું. અનેક અંતરાયો અને વિવાદો વચ્ચે પણ એ મોડેલ સફળ નીવડ્યું છે. આધારભૂત સાધન સંપન્નતા વિના દેશની હજારો સિવિલ હોસ્પિટલો ખખડધજ થઈ ગયેલી છે, એક ડોકટરને બદલે કોઈ પુરાતત્ત્વવિદને વધુ રસ પડે એવા નમૂનાઓ દેશમાં પારાવાર છે. અત્યારે એનડીએ સરકારનો જે અભિગમ છે એ જોતાં સરકારી હોસ્પિટલોને સ્થાને ભવિષ્યમાં હજુ પણ કોર્પોરેટ હોસ્પિટલોનો દબદબો વધશે. અગાઉની યુપીએ સરકારે સરકારી અને ખાનગી એમ સંયુક્ત સ્વરૂપની સેમિ-ગવર્મેન્ટ હોસ્પિટલોના મોડેલના અખતરા દ્વારા અનેક સરકારી હોસ્પિટલો ખાનગી ટ્રસ્ટને ચલાવવા આપી દીધેલી છે. ભાજપે પણ એ મલાઈદાર પ્રવૃત્તિ ચાલુ રાખી છે, કારણ કે એ હોસ્પિટલો જ મેડિકલ કોલેજ નામની ટંકશાળમાં રૂપાંતરિત થાય છે.

ટાગોર અને વિક્ટોરિયાઃ મારો પ્રેમ એવો ગહન અને પાગલ છે કે...

જિંદગીમાં લવઅફેર મોડામાં મોડું કઈ ઉંમરે થઈ જવું જોઈએ? અને કઈ ઉંમરની સ્ત્રી સાથે? જો તમે મહાન પેઈન્ટર પાબ્લો પિકાસો હો તો ૭૩ વર્ષની ઉંમરે ૪૫ વર્ષ નાની મોડલના પ્રેમમાં પડી શકો છો. જો તમે નોબેલપ્રાઈઝ વિજેતા મહાન નેતા નેલ્સન મંડેલા હો તો ૨૭ વર્ષ નાની સ્ત્રીના પ્રેમમાં પડી ૮૦મા બર્થડે પર ત્રીજાં લગ્ન કરી શકો છો. મીડિયા મોગલ રૂપર્ટ મર્ડોકે ૩૨ વર્ષનાં લગ્નજીવન પછી ડિવોર્સ લઈને સત્તર જ દિવસમાં પોતાની આસિસ્ટન્ટ સાથે લગ્ન કરી લીધાં હતાં. બન્ને વચ્ચે વયમાં ૩૮ વર્ષનો ફર્ક હતો.


રવીન્દ્રનાથ ટાગોર - વિક્ટોરિયા ઓકામ્પો

ક્યાં ઈમોશનલ, ઈન્ટેલેક્ચ્યુઅલ, ક્રિએટિવ, ફાયનાન્સિયલ અને સેક્સ્યુઅલ સમીકરણો કામ કરતાં હોય છે આ પ્રકારના સંબંધોમાં? અલબત્ત, જરૂરી નથી કે માત્ર કલાકારો કે સેલિબ્રિટીઓ જ પોતાના કરતાં વયમાં ઘણી નાની સ્ત્રીના પ્રેમમાં પડતા હોય છે ને પરણતા હોય છે. સ્ત્રીનું પોતાના પિતાના હમઉમ્ર પુરુષ પ્રત્યેના આકર્ષણનું મોટું કારણ સામાન્યપણે પાવર, પોઝિશન અને પરિપક્વતા હોવાનું. સામે પક્ષે, પ્રેમથી છલકાતી નાની સ્ત્રી આદમીમાં ચેતના ભરી દે છે, જાણે ચાબૂક વીંઝાઈ હોય તેમ એની બૌદ્ધિક અને ક્રિએટિવ ક્ષમતા સતર્ક થઈ જાય છે.

હજુ અઠવાડિયા પહેલાં, ૧૩ નવેમ્બરે, રવીન્દ્રનાથ ટાગોરના નોબલ પારિતોષિક વિજયની ઉદ્ઘોષણાને ૧૧૩ વર્ષ પૂરાં થયાં. ૬૩ વર્ષની ઉંમરે તેમના જીવનમાં એક આર્જેન્ટિનિયન સ્ત્રી આવી હતી. એનું નામ વિક્ટોરિયા ઓકામ્પો, જે તે વખતે ૩૪ વર્ષની હતી. ટાગોરની પ્રચંડ પ્રતિભાથી પ્રભાવિત આ માનુની આર્જેન્ટિનામાં એમની યજમાન બની હતી. મૂળ આયોજન પ્રમાણે નદીકિનારે આવેલા એક આવાસમાં ટાગોર બે અઠવાડિયાં મહેમાન બનીને રહેવાના હતા, પણ રોકાણ બે મહિના સુધી ખેંચાયું - નવેમ્બર અને ડિસેમ્બર, ૧૯૨૪.

વિક્ટોરિયા સાથેની બે મહિનાની પ્રત્યક્ષ મૈત્રી પછી ટાગોર બીજાં સત્તર વર્ષ જીવ્યા (ટાગોરનો જન્મઃ ૧૮૬૧, મૃત્યુઃ ૧૯૪૧). આ સમયગાળા પર વિક્ટોરિયાની દોસ્તીની મહેક વીંટળાયેલી રહી, ઓક્સિજનના આવરણની જેમ. વિક્ટોરિયા ભારત કદી ન આવી, પણ બન્ને વચ્ચે પત્રવ્યવહાર ચાલતો રહ્યો. ટાગોરના જીવનના અંતિમ તબક્કામાં વિક્ટોરિયા એમના માટે એક મહત્ત્વનું પ્રેરકબળ બની રહી. ટાગોરે પોતાની નવલકથા 'પૂરબી' વિક્ટોરિયાને અર્પણ કરી છે. કેતકી કુશારી ડાયસન નામનાં બ્રિટનમાં સ્થાયી થયેલાં બંગાળી લેખિકા-રિસર્ચરે પુષ્કળ મહેનત કરીને,આર્જેન્ટિનાના જે ઘરમાં ટાગોર-વિક્ટોરિયાની મૈત્રી પાંગરી હતી એની મુલાકાત લઈને, બન્નેની રિલેશિનશિપ તેમજ પત્રવ્યવહાર પર 'ઈન યોર બ્લોસોમિંગ ફ્લાવર-ગાર્ડન' નામનું પુસ્તક લખ્યું છે. આ સિવાય એક બંગાળી પુસ્તક તેમજ 'ઓન ધ ટ્રાયલ ઓફ રવીન્દ્રનાથ ટાગોર એન્ડ વિક્ટોરિયા ઓકામ્પો' નામનો વિસ્તૃત લેખ પણ લખ્યો છે. ટાગોર-વિક્ટોરિયાના પત્રવ્યવહારના ચૂંટેલા અંશોનો ગુજરાતીમાં મહેશ દવેએ સરસ અનુવાદ કર્યો છે.

ટાગોર પ્રત્યેની વિક્ટોરિયાની ઉત્કટતા એટલી તીવ્ર હતી કે પોતાના મોંઘેરા મહેમાન બનેલા ગુરુદેવ સાથે દિવસનો મોટો ભાગ પસાર કરવા છતાં રાતે કે વહેલી સવારે એમને કાગળો લખતી. આવા એક પત્રમાં એ લખે છેઃ

'તમારા આગમનના ઉલ્લાસે એવી તો ઉત્તેજના વ્યાપી છે કે રાતે હું જાગતી રહું છું અને દિવસે સપનાં જોયાં કરું છું. હરખની વર્ષાથી હૃદય ભરાઈ ગયું છે ને આશંકાથી ફફડી રહ્યું છે. મારો પ્રેમ એવો ગહન અને પાગલ છે, એવો સમજદાર ને નમ્ર છે કે તમારા માટે હું સાવ નકામી તો નહીં જ નીવડું. તમારા માટે કંઈક ને કંઈક કરતા રહેવું મને ગમે. તમે આવ્યા તે પહેલાં હું તમને ચાહતી હતી. તમે જશો પછી પણ તમને પ્રેમ કરતી રહીશ. એથી વિશેષ હું કરી પણ શું શકવાની?'

વિક્ટોરિયાએ એક પત્રમાં લખ્યું છેઃ

'મારો પ્રેમ તમારી ચારે બાજુ ફેલાયેલો છે - જાણે તમારા પગને ઠંડીથી બચાવવા માટે પાથરી દીધેલી ગાલીચો.'

ઠંડીથી બચાવવા પાથરી દીધેલો ગાલીચો... પ્રેમની લાગણીનું કેટલી સુંદર વર્ણન છે આ!

જ્યાં પ્રેમ આવે ત્યાં માલિકીભાવ પણ ચુપચાપ પ્રવેશી જતો હોય છે. ટાગોર અને વિક્ટોરિયા સાધારણ સ્ત્રી-પુરુષ નહોતાં છતાં પણ એમની વચ્ચે આવો કશોક ભાવ પ્રગટી ગયો હશે? એ સિવાય ટાગોર એવું શા માટે લખે કે-

'મેં તને ઘણી વાર કહ્યું છે કે મારી સ્વતંત્રતા જતી કરીને હું કોઈનો થઈ શકું તેમ નથી... કારણ કે આ સ્વતંત્રતા પર મારા માસ્ટર, મારા ઈશ્વરનો હક છે, આ સ્વતંત્રતા એમની સેવા માટે છે... હું તને આ એટલા માટે કહું છું કે હું જાણું છું કે તું મને પ્રેમ કરે છે.'

અહીં ટાગોર વિક્ટોરિયા ઓકામ્પોના પ્રેમનો સ્વીકાર કરે છે, પરંતુ સાથે જ સમજાવે છે કે એ સંપૂર્ણપણે તેના થઈ શકે તેમ નથી. તેમની આધ્યાત્મિક સાધના અને આંતરિક સ્વતંત્રતાની ઝંખના બંનેની વચ્ચે આવે છે.

ટાગોર અને વિક્ટોરિયા વચ્ચેનો સંબંધ ફક્ત પ્લેટોનિક નહોતો. એક સીમારેખાની અંદર રહીને તેમાં શારીરિક અભિવ્યક્તિનું તત્ત્વ પણ સામેલ હતું. વિક્ટોરિયા સાથે ભેટો થયો તેનાં વીસ વર્ષ પહેલાં ગુરુદેવનાં પત્ની ગુજરી ચૂક્યાં હતાં. વિક્ટોરિયાનું લગ્નજીવન કથળી ચૂક્યું હતું. કાયદેસર ડિવોર્સ લેવામાં ધર્મ વચ્ચે આવી જતો હતો એટલે એ પતિથી અલગ ઘરમાં રહેતી હતી. ટાગોરની માફક વિક્ટોરિયા પણ ઉમરાવ પરિવારમાં જન્મી હતી. એ કેવળ ટાગોરની મુગ્ધ ચાહક ન હતી, એ વિદુષી હતી, લેખિકા હતી, ઉચ્છ્રુંબ્રૂ સાહિત્યિક સામયિકની પ્રકાશક હતી. ક્રમશઃ તે પોતાના સમયની સૌથી નોંધપાત્ર લેટિન અમેરિકન મહિલા તરીકે ઉભરી.

ઉંમરમાં ખૂબ મોટો પુરુષ અને ખૂબ નાની સ્ત્રી વચ્ચેના સંબંધમાં કયાં ઈમોશનલ,ઈન્ટેલેક્ચુઅલ, ક્રિએટિવ, ફાયનાન્સિયલ અને ફિઝિકલ સમીકરણો કામ કરતાં હોય છે? રવીન્દ્રનાથ ટાગોર ૬૩ વર્ષના હતા ત્યારે એમના જીવનમાં એક ૩૪ વર્ષીય વિદુષી આર્જેન્ટિનિયન સ્ત્રી આવી હતી - વિક્ટોરિયા ઓકામ્પો. એમની વચ્ચે વચ્ચે વિકસેલો હૂંફાળો સંબંધ ટાગોર મૃત્યુ પામ્યા ત્યાં સુધી અકબંધ રહ્યો.

વાત-વિચાર

શિશિર રામાવત

ટાગોર વિક્ટોરિયાને 'વિજયા' કહીને બોલાવતા. એક કાગળમાં ગુરુદેવે વિજયાને લખ્યું છેઃ

'સંપૂર્ણ નમ્રતાથી જણાવું છું કે ઈશ્વરે મને જીવનના અનંત ચક્રમાં રઝળવા નથી મોકલ્યો, પણ એણે મને કોઈ ખાસ યોજના મુજબ મોકલ્યો છે. તેથી જ માનું છું કે તારો પ્રેમ કોઈક રીતે ઈશ્વરની યોજના પૂર્ણ કરવામાં મદદરૂપ થશે. તારી મૈત્રી અણધારી જ આવી. મારા સાચા તત્ત્વને તું પામીશ અને મારા જીવનનો ગૂઢાર્થ તું સમજીશ ત્યારે એ મૈત્રી પૂર્ણરૂપે પામીશ. નવી મૈત્રી થાય ત્યારે મને દહેશત થાય છે, પણ હું નિયતિનો સ્વીકાર કરું છું. તારામાં પણ તે નિયતિ પૂર્ણપણે સ્વીકારવાની હામ હોય તો આપણે જીવનભર મિત્રો બની રહીશું.'

એવું જ થયું.

૮ જૂન, ૧૯૪૦ના પત્રમાં વિક્ટોરિયા ઓકામ્પો લખે છેઃ

'વહાલા ગુરુદેવ, આખો દિવસ તમને અને આપણે સાથે ગાળેલા સુખી દિવસોને યાદ કરું છું.'

આના જવાબમાં એક મહિના પછી ટાગોર લખે છેઃ

'આટલા લાંબા સમય પછી પણ તું મને યાદ કરે છે એ મારા તરફની તારી મીઠી લાગણી છે. નિકટતા બંધાઈ હોય એવા મિત્રો માટે હૃદય તલસે છે. સમય જેમ જેમ વીતતો જાય છે તેમ તેમ સ્મરણોનું મૂલ્ય વધતું જાય છે.'

૭૯ વર્ષે જો પુરુષનું હૃદય તલસાટ અનુભવી શકતું હોય તો એને ભાગ્યશાળી ગણવો જોઈએ. સ્ત્રીનો, એમાંય ઉંમરમાં ઘણી નાની સ્ત્રીનો પ્રેમ પુરુષના ઈગો માટે ગજબનાક ટોનિકનું કામ કરે છે. આહ્લાદક તૃપ્તિથી તર-બતર રહેતો પૌરુષિક અહમ્ આદમીને વધારે જિવાડી નાખે એમાં કશું આશ્ચર્ય ખરું?

ગધેડાઓ અભિનેતાના નામે વેચાય છે, નેતાના નામે નહીં

કાર્તિક મહિનો એટલે દેશમાં ઠેર ઠેર ગધેડાઓના મેળાની સીઝન છે. જોકે, આ ગધેડાઓ અહીં 'હું તો ગઈ'તી મેળે' જેવાં ગીતો ગર્દભ સૂરે ગાવા માટે નહિ પરંતુ વેચાવા માટે એકઠા થાય છે.

મજાની વાત એ છે કે આ મેળાઓમાં ગધેડાઓને મોટાભાગે અભિનેતાઓના નામ આપીને વેચવામાં આવે છે. તાજેતરમાં ચિત્રકૂટમા આ વૈશાખનંદનોના મેળામાં ચંકી પાંડે નામનો ગધેડો સૌથી ઊંચા ભાવે વેચાયો હતો. અસામાન્ય જ્ઞાનની વાત એ છે કે ચંકી પાંડે નામનો એક્ટર ક્યારેય તેની કરીઅરમાં બોલિવુડના સૌથી ઊંચા ભાવે વેંચાતો એક્ટર બન્યો જ ન હતો.



ગધેડાઓને હીરોનું નામ અપાય છે પરંતુ હિરોઈનોનું નહીં.કદાચ ગધેડાઓ આમ પણ પૂરેપૂરા ગોરા હોય છે એટલે તેમને કોઈ હિરોઈનનું નામ આપી મેક અપના રવાડે ચઢાવવાની કોઈ જરુર નથી તેવું માલિકોને લાગતું હશે.

દેશમાં સૌથી બિકાઉ તો નેતાઓ હોય છે, છતાં પણ ગધેડાઓને કોઈ નેતાનું નામ કેમ નથી અપાતું તે એક કોયડો છે.

અગડમ્ બગડમ્

બાબા આદમ

આપણા નેતાઓ તો તડજોડની રાજનીતિ વખતે કરોડોમાં વેચાતા હોય છે. જોકે, એ પણ સત્ય છે કે નેતાઓને આટલા ઊંચા ભાવે ખરીદનારા પાછા બીજા નેતાઓ જ હોય છે. બાકી, સામાન્ય જનતાની નજરે અભિનેતાઓ મૂલ્યવાન છે, પરંતુ નેતાઓનું કોઈ મૂલ્ય નથી એ વાત આ ગદર્ભ મેળાઓમાં પુરવાર થાય છે.

એક દંતકથા અનુસાર એકવાર એક માલિકે તેના ગધેડાઓને નેતાનું નામ આપવા પ્રયાસ કર્યો હતો. તે પછી કેટલાક ગધેડા આગલા પગે પણ તેના માલિકને જ લાતો મારવા લાગ્યા હતા. કેટલાક ગધેડા ઊંચા ટેકરા પર ચઢી હોંચી હોંચીના સૂરે ભાષણ કરવા માંડ્યા હતા. અમુક ગધેડાઓએ તો અંદરોઅંદર સંતલસ કરી નવી પાર્ટી બનાવી લીધી હતી. કેટલાક ગધેડા તો બધુંય કામ છોડી ચોવીસેય કલાક કેમેરા સામે પોઝની મુદ્રામાં જ ઉભા રહેવા લાગ્યા હતા.

જોકે, અમુક 'સમજદાર' ગધેડાઓએ સામે ચાલીને માલિકને કહી દીધું હતું કે, 'હે માલિક, અમે તો સોંપાયેલું તમામ કામ વફાદારીપૂર્વક નિભાવીએ છીએ, પરંતુ નેતાનું નામ મળ્યા પછી અમને અમારું કામ રખડતું રાખવાના કે પછી અમારા છબરડા બીજા માથે ઢોળવાના જ કુવિચાર આવ્યા કરે છે. અમારી ખાલ ઉજળી છે, પરંતુ અંદરથી મન મલિન થતું હોય એવું લાગે છે. એટલે અમને નેતાઓનું નામ ન આપો, પ્લીઝ.'

જોકે, ગધેડાઓના મેળા અને રાજકારણ વચ્ચે એક સામ્ય ચોક્કસ છે. જેમ મેળા વખતે લાખો રુપિયામાં વેચાતા અને સાજ શણગારની વીવીઆઈપી ટ્રીટમેન્ટ મેળવતા ગધેડા મેળો પૂરો થયા પછી ફરી મજૂર ગધેડા બની ધૂળ ફાકતા થઈ જાય છે . એ જ રીતે ચૂંટણી વખતે વીવીઆઈપી ટ્રીટમેન્ટ મેળવતા મતદારોને ચૂંટણી પત્યા પછી ગધેડા બનાવી દેવામાં આવે છે.

ચૂંટણી મેળા વખતે વીઆઈપી ટ્રીટમેન્ટ મેળવતા મતદારોને ચૂંટણી પછી ગધેડા જ બનાવી દેવામાં આવે છે

આદમનું અડપલું

ગરજે ગધેડાને પણ બાપ કહી દેવાની પ્રક્રિયાને રાજકારણમાં પક્ષાંતર કહેવાય છે.

રોકસ્ટાર ગેમ GTA 6 એટલે Grand Theft Auto 6

GTA 6 વીડિયો ગેમે લોન્ચ થતાં જ રૂપિયા ૨૨,૦૦૦ કરોડની કમાણી કરી

GTA 6 એટલે ગ્રાન્ડ થેફ્ટ ઓટો સિક્સ. આ રોકસ્ટાર ગેમ્સની એક લોકપ્રિય ઓપન-વર્લ્ડ એક્શન-એડવેન્ચર વીડિયો ગેમ છે, જે ૧૯ નવેમ્બર ૨૦૨૬ના રોજ ભારત સહિત વિશ્વભરમાં લોન્ચ થઈ છે. અહીં તેને એટલા માટે સ્થાન આપ્યું છે કે આ એક્શન-એડવેન્ચર વીડિયો ગેમે બહાર પડતાની સાથે જ ૨૨ હજાર કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. કોઈ એક્શન કે એડવેન્ચર પરની હિટ ફિલ્મને ૨૨ હજાર કરોડ જેટલી કમાણી કરતાં મહિનાઓ લાગે છે, પરંતુ આ ગેમે લોન્ચ થતાની સાથે જ ૨૨,૦૦૦ કરોડ રૂપિયા કમાઈ લીધા છે.


રોકસ્ટાર ગેમ્સની 'ગ્રાન્ડ થેફ્ટ ઓટો સિક્સ'ની શરૂઆત જબરદસ્ત રહી છે.

લોન્ચ થતાની સાથે જ ૨૨,૦૦૦ કરોડની કમાણી હકીકતે મોટી સિદ્ધિ કહી શકાય, કેમ કે રોકસ્ટાર સેલિબ્રિટીઓને પણ તેમના કોન્સર્ટમાંથી આટલી જંગી કમાણી કરતાં મહિનાઓ લાગી જાય છે. ૬૭ ૬ ૧૩ વર્ષ પછી આવેલી આ ગેમ તેની સિરીઝનો છઠ્ઠો ભાગ છે. તેનો ક્રેઝ ભારત સહિત દુનિયાભરમાં જોવા મળી રહ્યો છે.

આ ગેમ ફ્લોરિડાથી પ્રેરિત 'લિયોનિડા' વિસ્તાર અને મિયામીથી પ્રેરિત 'વાઈસ સિટી'માં સેટ છે. તેની વાર્તા બે મુખ્ય પાત્રો - જેસન ડુવાલ અને લુસિયા કેમિનોસની આસપાસ ફરે છે. હાલમાં આ ગેમ પ્લેસ્ટેશન ફાઈવ અને એક્સબોક્સ સિરીઝ એક્સ્ એસ પર ઉપલબ્ધ છે. પીસી વર્ઝનની તારીખ હજુ જાહેર થઈ નથી.

ભારતમાં તેની કિંમત પ્લેસ્ટેશન સ્ટોર પર સ્ટાન્ડર્ડ એડિશન રૂ. ૫,૯૯૯ અને અલ્ટિમેટ એડિશન રૂ. ૭,૪૯૯માં ઉપલબ્ધ છે. ગેમ ઈન્સ્ટોલ કરવા માટે કન્સોલ પર આશરે ૨૧૨ જીબી સ્ટોરેજ જરૂરી હોય છે.

GTA 6 આવી ગઈ છે, અને કેવી ધમાકેદાર રીતે! એક વીડિયો ગેમ, અંદાજિત રૂ. ૨૨,૦૦૦ કરોડની કમાણી અને એવું લોન્ચ જેણે દુનિયાના સૌથી મોટા બિઝનેસ અને એન્ટરટેઈનમેન્ટ પ્રોપર્ટીઝને પણ પાછળ છોડી દીધા છે. ચાલો આ આંકડાને થોડા વધુ સારી રીતે સમજીએ.

પ્રસંગપટ

કરોડ થાય છે.

રૂ. ૨૨,૦૦૦ કરોડની કમાણીની સરખામણી ભારતના કેટલાક સૌથી મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને સરકારી ખર્ચના કાર્યક્રમો સાથે કરીએ તો, અંદાજિત રૂ. ૨૨,૦૦૦ કરોડમાં GTA 6નું વેચાણ મુંબઈના અટલ સેતુના સમગ્ર બાંધકામ ખર્ચને આવરી લેવા માટે પૂરતું છે, જે લગભગ રૂ. ૧૭,૮૪૦ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. તેમ છતાં રૂ. ૪,૦૦૦ કરોડથી વધુની રકમ બચી જશે. આ રકમ ભારતના મુખ્ય ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ્સમાંના એક, નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના ફેઝ ૧ના અહેવાલ મુજબના રૂ. ૧૯,૬૫૦ કરોડના ખર્ચ કરતાં પણ વધારે છે.

સરકારી ખર્ચ સાથેની સરખામણી પણ એટલી જ ચોંકાવનારી છે. કેન્દ્ર સરકારે ૨૦૨૬-૨૭ માટે પીએમ-કિસાન યોજના હેઠળ રૂ. ૬૩,૫૦૦ કરોડ ફાળવ્યા છે. GTA 6નું અંદાજિત વેચાણ તે સમગ્ર વાર્ષિક ફાળવણીના લગભગ ૩૫% જેટલું છે. આ રકમ એ જ બજેટમાં જલ જીવન મિશન માટે ફાળવવામાં આવેલા રૂ. ૬૭,૬૭૦ કરોડના લગભગ ત્રીજા ભાગ જેટલી પણ છે.

સ્ટાન્ડર્ડ એડિશનમાં સંપૂર્ણ મુખ્ય વાર્તા મળે છે, જ્યારે અલ્ટિમેટ એડિશનમાં વધારાનાં વાહનો, શ ો, કપડાં અને અન્ય ડિજિટલ સામગ્રીનો સમાવેશ થાય છે. જો માત્ર વાર્તા જ રમવી હોય, તો સ્ટાન્ડર્ડ એડિશન પૂરતું છે.

જો તમારી પાસે GTA 6 ચલાવી શકે તેવું કન્સોલ ન હોય, તો તે પણ ખરીદવું પડશે. ઉદાહરણ તરીકે, પ્લેસ્ટેશન ૫ ડિજિટલ એડિશનની કિંમત રૂ. ૬૪,૯૯૦ છે. તેમાં ગેમના રૂ. ૫,૯૯૯ ઉમેરતાં કુલ ખર્ચ રૂ. ૭૦,૯૮૯ થાય છે. આમાં ટીવી અથવા મોનિટર અને ઈન્ટરનેટનો ખર્ચ સામેલ નથી.

GTA 6ની અંદાજિત ૨.૩૬ બિલિયન ડોલરની કમાણી જીટીએ પના પ્રથમ દિવસના આંકડા કરતાં લગભગ ત્રણ ગણી છે, અને બંને રિલીઝ વચ્ચે ૧૩ વર્ષનું અંતર છે.

લોજીટેક કંપનીએ તેના કર્મચારીઓને 'ગેમ ડે' નામ આપીને એક વધારાની રજા આપી હતી. કોમ્પ્યુટર ગેમ માટે રજા આપવી તે પહેલીવાર બન્યું છે.

લોજીટેક કંપનીએ 'ગેમ ડે' નામ આપીને તેના શોખીન કર્મચારીઓને એક વધારાની રજા આપી હતી

અઠવાડિક ભવિષ્ય

અગ્નિદત્ત પદ્મનાભ

(અગ્નિહોત્રી)

તા. ૨૨-૧૧-૨૦૨૬ રવિવારથી તા. ૨૮-૧૧-૨૦૨૬ શનિવાર સુધી

મેષ (અ. લ. ઈ.)

સપ્તાહ દરમ્યાન આપને ન ધારેલી સાનુકૂળતા સફળતા મળી રહે. આપના ગણત્રી- ધારણા પ્રમાણેના કામ કરી શકો. આપના યશ- પદ- ધનમાં વધારો થાય તેવી કાર્યરચના થવાથી આનંદ અનુભવો. ધંધામાં લાભ જણાય. આપના કાર્યની સાથે સામાજિક- વ્યવહારિક કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. જુના સ્વજન- સ્નેહી- મિત્રવર્ગની મુલાકાતથી આનંદ રહે. ધર્મકાર્ય- શુભકાર્ય થઈ શકે. તા ૨૨ આપના કામમાં વ્યસ્ત રહો, ૨૩ મહત્ત્વના નિર્ણય લઈ શકાય, ૨૪ ધર્મકાર્ય- શુભકાર્યમાં ખર્ચ જણાય, ૨૫ બેંકના- વીમા કંપનીના શેરોના કામ થઈ શકે, તા. ૨૬ કામકાજમાં સાનુકૂળતા રહે, ૨૭ ઠીક, ૨૮ બેચેની વ્યગ્રતા રહે સ્ત્રી વર્ગને કાર્યસફળતાથી આનંદ રહે, વિદ્યાર્થી વર્ગને હર્ષ-લાભ

વૃષભ (બ. વ. ઉ.)

સપ્તાહના પ્રારંભમાં આપને કામમાં પ્રતિકૂળતા જણાય. ઉતાવળ કરવામાં પાછળથી પસ્તાવો કરવો પડે. પરંતુ સપ્તાહ પસાર થતું જાય તેમ આપને રાહત થતી જાય. આપના કાર્યમાં વ્યસ્ત થતા જાવ. મહત્ત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય. રાજકીય- સરકારી કામકાજ અંગે મુલાકાતમાં ધ્યાન રાખવું પડે. કૌટુંબિક- પારિવારિક કામકાજ અંગે દોડધામ- શ્રમ જણાય. સીઝનલ ધંધામાં આવક જણાય. યાત્રા- પ્રવાસ મિલન- મુલાકાતનું આયોજન ગોઠવાય. તા. ૨૨ ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરી લેવો. ૨૩ આકસ્મિક ખર્ચ- ખરીદી જણાય, ૨૪ ધાર્યા પ્રમાણેનું કામકાજ થઈ શકે, ૨૫ મિલન- મુલાકાત થાય, ૨૬ ધંધામાં આવક જણાય, ૨૭ કૌટુંબિક- પારિવારિક પ્રશ્ને ચિંતા રહે, ૨૮ સારી. સ્ત્રી વર્ગને પતિ- સંતાનની ચિંતા રહે, વિદ્યાર્થી વર્ગને સારું.

મિથુન (ક. છ. ઘ.)

સપ્તાહના પ્રારંભમાં આપની સાનુકૂળતા મળી રહે. આપના કામની કદર- પ્રશંસા થવાથી કામ કરવાનો ઉત્સાહ જણાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી લાભ થાય. સપ્તાહ પસાર થાય તેમ આપને પ્રતિકૂળતા જણાય. કોર્ટ- કચેરીના કામમાં આપે સંભાળવું પડે પરંતુ સપ્તાહના અંતમાં આપના અગત્યના કામનો ઉકેલ આવવાથી આપને રાહત થતી જાય. ઇચ્છિત વ્યક્તિ સાથે મુલાકાત થવાથી આનંદ અનુભવો. તા. ૨૨ હર્ષ-લાભ રહે, ૨૩ પરદેશના કામ થઈ શકે, ૨૪ ધર્મકાર્ય- શુભકાર્યમાં ખર્ચ- ખરીદી જણાય, ૨૫ કામકાજમાં ઉતાવળ કરવી નહીં, ૨૬ આપના કામનો ઉકેલ લાવી શકો, ૨૭ માનસિક પ

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

જોડાયેલા પડકારો વિશે લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ ન્યાયપત્રમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦૧૪થી વળતર, રોજગારી અને ખાનગી રોકાણમાં કોઈ વધારો થયો નથી. ૨૦૧૪ પછી અસમાનતા વધી ગઈ છે. વડાપ્રધાનએ એ વખતે ન્યાયપત્રની ટીકા કરી હતી. હવે વડાપ્રધાન કોંગ્રેસના જ ચૂંટણી ઢંઢેરામાંથી મુદ્દા ઉઠાવીને લોકો સમક્ષ રજુ કરી રહ્યા છે.

વિવાદાસ્પદ જસ્ટીસ વર્માનો લોકસભા સેક્રેટરીને પત્ર

અલ્હાબાદ હાઇકોર્ટના ભૂતપૂર્વ જસ્ટીસ યશવંત વર્માના ઘરમાંથી કરોડો રૂપિયાની રોકડ મળી આવ્યા પછી એમણે રાજીનામું આપી દેવું પડ્યું હતું. હવે એમની સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ થઈ છે જેને કારણે એમને હોદ્દા પરથી હટાવવામાં આવશે. જોકે જસ્ટીસ યશવંત વર્માએ આ સંદર્ભે લોકસભાના ચીફ સેક્રેટરી ઉત્પલ કુમાર સિંહને એક પત્ર લખ્યો છે. એમણે મહાભિયોગની પ્રક્રિયાને બંધારણ વિરુદ્ધની ગણાવી છે. આ પત્ર સાંસદો વચ્ચે વહેચવામાં પણ આવ્યો છે. જસ્ટીસ વર્માએ ફરી એક વખત કહ્યું છે કે એમના પર મુકવામાં આવેલા આક્ષેપો ખોટા છે અને તેઓ સંપૂર્ણ રીતે નિર્દોષ છે. એમણે રાજીનામું આપ્યાનો મતલબ એ નથી કે, તેઓ દોષીત છે. પત્રમાં એમણે લખ્યું છે કે, એમને દુર કરવાની કાર્યવાહી આધાર વગરની છે. ૯મી એપ્રિલે એમણે રાજીનામું આપ્યું હતું અને ત્યાર પછી એમની સામે મહાભિયોગની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી જે ગેરબંધારણીય છે.

'અમારી પાસે પીવાનું પાણી નથી તો તમિલનાડુને ક્યાંથી આપીએ?'

કર્ણાટકના મુખ્યમંત્રી ડી કે શિવકુમારએ કહ્યું છે કે એમના રાજ્ય પાસે પુરતું પાણી હોતે તો તેઓ તમિલનાડુને કાવેરીનું પાણી જરૂર આપતે. હમણા તો કર્ણાટક પોતાની પાણીની જરૂરિયાત માટે જ સંઘર્ષ કરી રહ્યું છે. સુપ્રિમ કોર્ટે તમિલનાડુ સરકારની બે અરજીઓ ફગાવી દીધા પછી શિવકુમારે આ નિવેદન આપ્યું છે. આ અરજીમાં કર્ણાટકને તમિલનાડુ માટે ૧૧,૦૦૦ મિલિયન ક્યુબીક ફીટ કાવેરી પાણી છોડવાનો હુકમ કરવાની માંગણી કરવામાં આવી હતી. શિવકુમારનું કહેવું છે કે, કર્ણાટક પાસે પીવાનું પાણી પણ નથી. મુખ્યમંત્રી તરીકે એમની ફરજ પોતાના રાજ્યની રક્ષા કરવાની છે. કર્ણાટકના ખેડૂતો જ પાણીની માંગણી કરી રહ્યા છે. તમિલનાડુની અરજી ફગાવી દેવામાં આવી છે એ જ સાચી હકીકત દર્શાવે છે. તમિલનાડુ, કર્ણાટક અને આખી દુનિયાને ખબર છે કે ક્યાં કેટલું પાણી ઉપલબ્ધ છે.

ફીક્કીમાં પીએમ મોદીના નિવેદન પર કોંગ્રેસનો વળતો હુમલો

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપ કર્યો છે કે ફીક્કીના શતાબ્દિ કાર્યક્રમમાં આપેલું એમનું ભાષણ સરકારની નિષ્ફળતાઓ માટે ઉદ્યોગપતિઓને જવાબદાર ઠેરવે છે.

જ્યારે વડાપ્રધાન મોદીએ બેરોજગારી અને પગાર વધારાના દર બાબતે ઉદ્યોગપતિઓને સવાલ કરીને એમને ઠપકાર્યા હતા ત્યારે ખડગેએ કહ્યું હતું કે, વડાપ્રધાન ૧૨ વર્ષ પછી જાગ્યા છે. એમણે કેન્દ્ર સરકાર પર કેટલાક ખાસ ઉદ્યોગપતિઓને મદદ કરતા હોવાનો આરોપ મૂક્યો હતો. સરકારની નીતિને કારણે નાના, અતિ નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગોને ખુબ નુકશાન થયું છે. ખડગેએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, આર્થિક ઉદારીકરણની શરૂઆત કોંગ્રેસ પક્ષે કરી હતી. દેશનો વિકાસ દર કોંગ્રેસ - યુપીએના કાર્યકાળમાં સૌથી વધુ રહ્યો હતો. જોકે પોતાની ટેવથી મજબુર મોદીએ ફીક્કીમાં પોતાની નિષ્ફળતાને ઉદ્યોગપતિઓની નિષ્ફળતા ગણાવી છે.

કર્ણાટકમાં બાઇક ટેક્સી સર્વિસ ચાલુ રહેશે

દેશના કેટલાક શહેરોમાં બાઇક ટેક્સી સર્વિસ શરૂ થઈ છે. બાઇક ટેક્સી સર્વિસ એટલે બાઇક પર આવેલો ચાલક કોઈક એક વ્યક્તિને બાઇકની પાછળ બેસાડીને નિર્ધારીત સ્થળે ઉતારે. કોઈક એક વ્યક્તિએ મુસાફરી કરવી હોય તો આ સર્વિસ ટેક્સી કે રીક્ષા કરતા સસ્તી પડે છે. કર્ણાટકમાં પણ બાઇક ટેક્સી સર્વિસ થોડા સમય પહેલા ચાલુ થઈ હતી. જોકે કર્ણાટક સરકારે બાઇક ટેક્સી સર્વિસ પર પ્રતિબંધ મૂકી દીધો હતો અને ત્યાર પછી આખો કેસ હાઇકોર્ટમાં ગયો હતો. હાઇકોર્ટે બાઇક ટેક્સી સર્વિસ ચાલુ રાખવાનો હુકમ કર્યો હતો. આ હુકમને સરકાર સુપ્રિમ કોર્ટમાં ચેલેન્જ કર્યો હતો. સુપ્રિમ કોર્ટે પણ હવે બાઇક ટેક્સી સર્વિસની પરવાનગી ચાલુ રાખવાના હાઇકોર્ટના હુકમને યોગ્ય ઠેરાવ્યો છે અને સરકારની અપીલ ફગાવી દીધી છે. જસ્ટીસ સતીષ ચંદ્ર શર્મા અને જસ્ટીસ એન કોટ્ટીશ્વર સિંહની બેંચે આ ચૂકાદો આપ્યો છે. કર્ણાટક સરકારને બાઇક ટેક્સી સર્વિસ સામે શું વાંધો પડ્યો હતો એ જાણી શકાયું નથી.

'કાયદો સત્યની રક્ષા કરશે કે, જૂઠાણાનો સાથ આપશે?'

કલકત્તા હાઇકોર્ટે ન્યાયતંત્રના એક વર્ગ પર અપમાનજનક ટીપ્પણી કરવા અને પક્ષપાતી ગણવા માટે કારણ બતાવ નોટીસ બહાર પાડી છે. હવે તૃણમુલ કોંગ્રેસ મમતા જૂથના સાંસદ અભિષેક બેનર્જીએ ફરી એક વખત ન્યાયતંત્રની ભૂમિકા પર પ્રશ્નો કર્યા છે. એમણે પૂછ્યું છે કે, શું ન્યાયતંત્ર લોકોના હિતની રક્ષા કરશે કે પછી શક્તિશાળી લોકોના ફાયદા માટે જૂઠાણાને સાથ આપશે? બેનર્જીએ સોશ્યલ મીડિયા પર બંગાળી ભાષામાં એક પોસ્ટ મૂકી હતી. પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ડાયમંડ હાર્બરમાં બનેલી કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ એમણે કર્યો હતો. એમનું માનવું છે કે એમની અને એમના પક્ષ સામે મોટુ કાવતરૂ થઈ રહ્યું છે. આ કાવતરામાં રાજ્ય પોલીસ અને ભાજપની મીલી ભગત છે.

હવે ટ્રેનમાં ગ્રુપ બુકીંગ સરળ થયું

લગ્ન સમારંભ, ધાર્મિક યાત્રાઓ, સ્કૂલ - કોલેજની ટુર, રમત ગમતના આયોજનો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવા માટે ઘણી વખત મોટી સંખ્યામાં લોકો એક સાથે ટ્રેનમાં મુસાફરી કરે છે. આવા પ્રસંગોએ એક સાથે ટીકીટ બુક કરાવવી કે બેઠક મળવી મુશ્કેલ બની જાય છે.

હવે રેલવેએ ગ્રુપ બુકીંગના નિયમોમાં ફેરફાર કરીને આ પ્રક્રિયા આસાન કરી છે. રેલવેએ ગ્રુપ રીઝર્વેશનની પ્રક્રિયામાં ફેરફાર કર્યો છે. દક્ષિણ - પશ્ચિમ રેલવેએ નવા કોમર્શિયલ સરક્યુલર બહાર પાડીને જૂની વ્યવસ્થાને બદલે નવા નિયમો લાગુ કર્યા છે. હવે અગત્યના રીઝર્વેશન કેન્દ્રો પર ગ્રુપ બુકીંગ માટેની અરજી સવારે ૯ વાગ્યાથી સ્વિકારવામાં આવશે. હવે ચીફ રીઝર્વેશન સુપરવાઇઝર અને સ્ટેશન મેનેજર કોઈપણ મર્યાદા વગર ગ્રુપ બુકીંગને મંજૂરી આપી શકશે.

એનએસઈ

(પહેલા પાનાનું ચાલુ)

કમે છે જ્યારે ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જની પેરેન્ટ કંપની ઈન્ટરકોન્ટિનેન્ટલ એક્સચેન્જ ૯૫.૫ અબજ ડોલર સાથે બીજા કમે અને જર્મનીનું ડ્યુશ બોર્સ ૬૩.૭ અબજ ડોલર સાથે ત્રીજા કમે છે. લંડન સ્ટોક એક્સચેન્જ ગ્રૂપ ૬૦.૧ અબજ ડોલર સાથે ચોથા જ્યારે એનએસઈ ૫૯.૩ અબજ ડોલર એટલે કે રૂ. ૫૪૯ લાખ કરોડ સાથે પાંચમા કમે છે.

બીજીબાજુ આગામી બજેટમાં એલટીસીજી ટેક્સમાં ઘટાડો થવાની શક્યતા સહિતના અન્ય સાનુકૂળ પરિબળોએ મુંબઈ શેરબજારમાં નીકળેલ ચોમેરની લેવાલીએ આજે સેન્સેક્સ ૮૯૮ પોઈન્ટ ઉછળી ૮૩,૯૨૦ પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૮૬ પોઈન્ટ ઉછળી ૨૫,૮૦૦ની સપાટીએ બંધ રહ્યો હતો. સેન્સેક્સના ઉછાળાના પગલે આજે બીએસઈમાં રોકાણકારોની સંપત્તિ (માર્કેટ કેપ)માં રૂા. ૨.૨૧ લાખ કરોડનો વધારો થતા કામકાજના અંતે રૂા. ૫૧૪.૧૮ લાખની નવી વિક્રમી સપાટીએ પહોંચી હતી.

AIથી

(૧૫મા પાનાનું ચાલુ)

મહત્વને જોતાં, આ સ્ટાર્ટઅપ મોંઘી મિસાઈલ પ્રણાલીઓ અને ડ્રોન વચ્ચેનો મધ્યમ વિકલ્પ પૂરો પાડવાનો દાવો કરે છે.

કંપનીનો દાવો છે કે તેની મિસાઈલો બનાવવામાં સરળ, પોર્ટેબલ લોન્ચરથી છોડી શકાય તેવી અને સિગ્નલ જામિંગ સામે પ્રતિરોધક રહેશે.

કંપનીના જણાવ્યા અનુસાર, મિસાઈલને આસિસ્ટ કરતી સોફ્ટવેર સિસ્ટમ તૈયાર કરી દેવામાં આવી છે. તેના હાર્ડવેર પર કામ ચાલી રહ્યું છે. હેન્ડ્રિજસ પાસે અનુભવી ટીમ છે. આ વર્ષે એપ્રિલમાં લંડનમાં યોજાયેલી હેકાથોનમાં તેમણે ૪૮ કલાકમાં એઆઈની મદદથી કમ્પ્યુટર સર્કિટ બોર્ડ ડિઝાઈન કરી શકે તેવી સિસ્ટમ ડેવલપ કરી હતી. તેમની ટીમ નંબર વન રહી હતી.

નેચરલ ગેસ અને ફર્ટિલાઇઝરનું ઉત્પાદન ઘટ્યું

કોર સેક્ટરનો વૃદ્ધિદર ૧૩ મહિનાના ઊંચા સ્તરે પહોંચ્યો

નવી દિલ્હી, તા.૨૦

ઓક્ટોબરમાં ભારતનો કોર ઇન્ડસ્ટ્રી ગ્રોથ ૧૩ મહિનાના ઊંચા સ્તરે પહોંચી ગયો છે. કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી મિનિસ્ટ્રીના આંકડા મુજબ ઓક્ટોબર ૨૦૨૬માં ભારતનો કોર ઇન્ડસ્ટ્રીઝ ઇન્ડેક્સ (આઇસીઆઇ) વાર્ષિક ધોરણે ૧૦.૯ ટકા વધ્યો, જ્યારે સપ્ટેમ્બરમાં તે ૮.૨ ટકા અને ઓક્ટોબર ૨૦૨૫માં ફક્ત ૦.૮ ટકા જ વધ્યો હતો.

ઓક્ટોબરમાં સર્વગ્રાહી ઇન્ડેક્સ ગયા વર્ષના ૧૧૧ થી વધીને ૧૨૩.૧ થઈ ગયો, જે ૧૩ મહિનાની લેટેસ્ટ શ્રેણીમાં સૌથી ઊંચો વૃદ્ધિદર છે. આ વૃદ્ધિ પરથી જ જણાઈ આવે છે કે ઇન્ફ્રાસ્ટ્રકચર સાથે જોડાયેલા ઉદ્યોગોમાં વૃદ્ધિએ સ્પીડ પકડી છે. વૃદ્ધિની આ ઝડપ પરથી સમજાય છે જો કે બધા સેક્ટરમાં વૃદ્ધિ એકસરખી નથી. વીજળી પણ ઉત્પાદનના મોટા હિસ્સા તરીકે ઉભરી આવી. તેનું ઉત્પાદન સપ્ટેમ્બરમાં ૧૨.૬ ટકાની વૃદ્ધિની તુલનાએ ૨૧.૬ ટકા વધ્યું. રિવાઇઝ ઇન્ડેક્સમાં ૩૦.૯૩ ટકા વેઇટેજ સાથે ઓવરઓલ કોર સેક્ટર પર્ફોર્મન્સ પર વધારે અસર પડે છે. લોહખનીજના ઉત્પાદનમાં સૌથી વધુ ૨૬ ટકા વધારો થયો. જ્યારે કોલસાના ઉત્પાદનમાં ૨૩.૧ ટકાનો વધારો થયો.

હુથી બળવાખોરોએ રિયાધના સૌથી ઊંચા ટાવરના સાતથી આઠ માળને ભારે નુકસાન પહોંચાડ્યું

ટ્રમ્પે ઈરાન

(૧૫મા પાનાનું ચાલુ)

અમેરિકન સૈન્ય સ્થળો પર હુમલા કરીને વિમાનોના હેંગર, રડાર સિસ્ટમ, ગોદામો અને સૈનિકોના આવાસ સહિત અનેક સૈન્ય સુવિધાઓનો નાશ કરીને અબજો ડોલરનું નુકસાન કર્યું છે. ઈરાના દાવા મુજબ તેણે અમેરિકાને બે અબજ ડોલરનું નુકસાન પહોંચાડ્યું છે.

મેસાચ્યુસેટ્સથી ડેમોક્રેટિક સાંસદ એલિઝાબેથ વોરેને સ્વતંત્ર નિરીક્ષણો અને મીડિયા રિપોર્ટને ટાંકીને કહ્યું કે, ઈરાનના જહાજોનું પરિવહન રોકવા અમેરિકન નેવીની નાકાબંધી પર દૈનિક અંદાજે ૩.૨૫ કરોડ ડોલરનો ખર્ચ થઈ રહ્યો છે.

બહરીનમાં નેવીના પ્રાદેશિક મુખ્યાલય પર ઈરાનના હુમલાથી ઓછામાં ઓછું ૪૦ કરોડ ડોલરનું નુકસાન થયું છે. દરમિયાન પશ્ચિમ એશિયામાં સાઉદી અરબ અને હુથી બળવાખોરોનું યુદ્ધ વકરી રહ્યું છે. હુથી બળવાખોરોએ સાઉદી રાજધાની રિયાધના સૌથી ઊંચા ટાવરને નિશાન બનાવ્યું હતું. સાઉદી અરબે પુષ્ટી કરી કે ૮૦ માળના પીઆઈએફ ટાવરના સાત-આઠ માળને ભારે નુકસાન થયું છે. સાથે ઈમારતની નજીકના મકાનોને પણ નુકસાન થયું છે. આ યુદ્ધમાં હુથી બળવાખોરોને પણ ભારે નુકસાન થયું છે.

સાઉદી અરબનું પીઠબળ ધરાવતી યમન સેનાએ દાવો કર્યો હતો કે, તેના ૭૧૫ હુમલા અને સૈન્ય ઓપરેશનોમાં કુલ ૧૪૪ હુથી બળવાખોરો માર્યા ગયા છે અથવા તેમને ઈજા થઈ છે તેમજ ૯૬ સૈન્ય વાહનો અને વેપન સિમ્પ્સને નુકસાન પહોંચાડાયું છે. આ સૈન્ય ઓપરેશનમાં ફાઈટર જેટથી ૧૫ હવાઈ હુમલા, ૩૬ ડ્રોન હુમલા, ૩૩ રોકેટ આર્ટિલરી હુમલા અને ૬૩૧ જમીની આર્ટિલરી હુમલાનો સમાવેશ થાય છે.

જાન્યુઆરી ૨૦૨૬માં ટોચની સપાટીથી સોનામાં રૂ. ૫૨ હજાર અને ચાંદીમાં રૂ. ૨.૪૯ લાખનો કડાકો બોલાયો

શેનઝેન સમિટ

(પહેલા પાનાનું ચાલુ)

સંભાવનાથી શુક્રવારે આંતરરાષ્ટ્રીય બજાર કોમેક્સમાં સોના અને ચાંદીમાં કડાકો બોલાતા સવારે ચાંદીનો ભાવ પ્રતિ ઔંસ ૫.૬૮ ટકા ઘટીને ૪૧.૮૪ ડોલર થયો જ્યારે સોનાનો ભાવ પ્રતિ ઔંસ ૩.૫૨ ટકા તૂટીને ૩,૫૫૫.૯૦ ડોલર થયો હતો. આ કડાકાની અસરથી એમસીએક્સમાં સોનાનો ડિસેમ્બર વાયદો ૩.૫૧ ટકા તૂટીને પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧,૨૨,૯૮૦ અને ચાંદી વાયદો ૫.૦૮ ટકા ઘટીને પ્રતિ કિલો રૂ. ૧,૪૯,૪૮૦ના સ્તરે આવી ગયા હતા.

સોના અને ચાંદીના ભાવમાં ઘટાડા પાછળ મુખ્યત્વે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરો વધવાની આશંકા, મજબૂત અમેરિકી ડોલર અને વધતા બોન્ડ યીલ્ડ જવાબદાર છે.

અમેરિકામાં ફુગાવા (મોંઘવારી) સામે લડવા માટે ફેડરલ રિઝર્વ વ્યાજ દરો વધારી શકે છે તેવી શક્યતાથી સોના-ચાંદી પર દબાણ આવ્યું છે. ડોલર મજબૂત થતાં અન્ય દેશોના રોકાણકારો માટે કિંમતી ધાતુઓ ખરીદવી મોંઘી પડે છે, જેનાથી માંગ ઘટે છે.

અમેરિકી ટ્રેઝરી બોન્ડ યીલ્ડ આકર્ષક બનતાં રોકાણકારો વ્યાજ ન આપતા સોના-ચાંદીમાંથી નાણાં ઉપાડીને બોન્ડ તરફ વળી રહ્યા છે. ચાંદીના ભાવ ઘટવામાં ઔદ્યોગિક માંગમાં નબળાઈ પણ એક મોટું પરિબળ છે. બજારમાં ઘટાડાના દબાણ વચ્ચે રોકાણકારો દ્વારા થતી ગભરાટભરી વેચવાલી ભાવને વધુ નીચે લઈ જાય છે.

આજે વૈશ્વિક બજારમાં સોનું તૂટીને ૩૫૬૬ ડોલર અને ચાંદી તૂટીને ૪૧.૮૪ ડોલર ટ્રોય ઔંસની સપાટીએ રહી હતી. અત્રે અમદાવાદ સોના-ચાંદી બજારમાં આજે ચાંદીમાં રૂા ૯૦૦૦નું ગાબડું પડતા અંતે ૧,૫૫,૦૦૦ રહી હતી જ્યારે સોનું વધુ રૂા. ૬,૦૦૦ તૂટીને ૧,૨૯,૦૦૦ની સપાટીએ ઉતરી આવ્યું હતું. ગત તા. ૧ નવેમ્બરના રોજ પુષ્ય નક્ષત્રના દિવસે ચાંદી રૂા. ૧.૮૧ લાખની સપાટીએ હતી જ્યારે સોનું ૧,૪૧,૫૦૦ની સપાટીએ હતું. આ દિવસના લેવલથી આજ સુધી ચાંદીમાં રૂા. ૨૬,૦૦૦નો અને સોનામાં રૂા. ૧૨,૫૦૦નો ઘટાડો નોંધાયો છે.

નવા વિક્રમ સંવત વર્ષના પ્રારંભથી એટલે કે તા. ૧૬ નવેમ્બરથી સોના-ચાંદી બજાર ખૂલ્યું ત્યારે ચાંદી રૂા. ૧,૭૩,૦૦૦ની સપાટીએ હતી તેમાં આજ સુધી રૂા. ૧૮,૦૦૦નો ઘટાડો નોંધાયો છે. જ્યારે આ દિવસે સોનું રૂા. ૧,૪૦,૦૦૦ની સપાટીએ હતું તેમાં રૂા. ૧૧,૦૦૦નો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ હોલમાર્ક સોનું આ દિવસે ૧,૩૭,૨૦૦ની સપાટીએ હતું તેમાં ૧૦,૭૮૦નો ઘટાડો નોંધાતા આજે રૂા. ૧,૨૬,૪૨૦ની સપાટીએ બંધ રહ્યું હતું.

વૈશ્વિક બજારની વાત કરીએ તો ગત જાન્યુઆરી ૨૦૨૬માં વૈશ્વિક સોનું વધીને ૫૧૭૯.૧૦ ડોલરની સપાટીએ પહોંચ્યું હતું જે આજે ઘટીને ૩૬૦૦ ડોલરની નીચે ૩૫૭૮.૮૦ની સપાટીએ ઉતરી આવ્યું છે જે ૩૧ ટકાનો ઘટાડો દર્શાવે છે. જ્યારે વૈશ્વિક બજારમાં ચાંદી જાન્યુઆરી ૨૦૨૬માં વધીને ૧૨૧.૬૪ ડોલર પહોંચી હતી જે હાલ ૪૨ ડોલરની આસપાસ કાર્યરત છે

ભારતના બજારની વાત કરીએ તો ભારતમાં ચાંદી વધીને રૂા. ૪,૦૪,૫૦૦ની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતું તે આજે ઘટીને ૧,૫૫,૦૦૦ની સપાટીએ ઉતરી આવી હતી. એટલે કે ચાંદીમાં ટોચ પરથી રૂ. ૨,૪૯,૫૦૦નું ગાબડું નોંધાયું છે જ્યારે સોનું ૨૦૨૬માં ૧,૮૧,૦૦૦ની ટોચે પહોંચ્યું હતું જે આજે ઘટીને ૧,૨૯,૦૦૦ ઉતરી આવ્યું હતું. એટલે કે સોનામાં ટોચની સપાટીથી રૂ. ૫૨,૦૦૦નું ગાબડું નોંધાયું છે.

ભારતીય બજારની વાત કરીએ તો, સોના અને ચાંદી પર વધારાનો ટેક્સ લાગુ કરવામાં આવ્યા બાદ ભારતમાં ચાંદીની રોકાણ માંગ પર દબાણ જોવા મળ્યું છે. દિવાળી પહેલાં ફિઝિકલ ચાંદીની ખરીદીમાં સુધારો ચોક્કસ થયો હતો, પરંતુ ઊંચા ટેક્સને કારણે રોકાણકારો આ ધાતુ ખરીદવાથી પાછળ હટી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે તાજેતરના વર્ષોમાં ફિઝિકલ ખરીદી હોય કે એક્સચેન્જ ટ્રેડેડ પ્રોડક્ટ્સ, વૈશ્વિક સ્તરે ચાંદીની માંગ વધારવામાં ભારતનો ફાળો ખૂબ મોટો રહ્યો છે.

સોનામાં ૧૯૮૦ પછીનો સૌથી મોટો ઘટાડો ત્યારે ટોચ પરથી ૪૦% તૂટ્યું હતું

ચાલુ વર્ષ દરમિયાન સોનામાં ટોચ પરથી ૩૩%નો ઘટાડો જોવા મળ્યો છે. વર્ષ ૧૯૮૦થી અત્યાર સુધીના ઐતિહાસિક આંકડાઓ પર નજર કરીએ તો, આ સોનામાં આવેલા સૌથી મોટા ઘટાડાઓ પૈકીનો એક છે.

૧૯૮૦થી અત્યાર સુધી સોનાના ભાવમાં વર્ષ દરમિયાન સરેરાશ અંદાજે ૧૩%નો ઘટાડો જોવા મળ્યો છે. આ દર્શાવે છે કે કોઈ પણ વર્ષ દરમિયાન સોનાના ભાવમાં તેના હાઈ લેવલથી ૧૦%થી ૧૫%નો ઘટાડો આવવો એ કોઈ અસામાન્ય વાત નથી.

તાજેતરમાં વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૨માં સોનાના ભાવમાં વર્ષ દરમિયાન ૧૫% સુધીનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ૨૦૨૩માં ૧૦%નું કરેક્શન આવ્યું હતું. જોકે, ૨૦૨૬નો ૨૫%નો ઘટાડો તેની તીવ્રતાને કારણે અલગ તરી આવે છે.

આ અભ્યાસ મુજબ સોનામાં સૌથી મોટો કડાકો ૧૯૮૦માં નોંધાયો હતો, જ્યારે ભાવ ટોચ પરથી ૪૦% ગગડી ગયા હતા. ત્યારબાદ ૧૯૮૧માં ૨૫%નું કરેકશન આવ્યું હતું, જે ઓક્ટોબર ૨૦૨૬ સુધી નોંધાયેલા ઘટાડાની બરાબર છે.

૧૯૮૦માં સોનું ૪૦% તૂટ્યું હોવા છતાં વર્ષના અંતે તેમાં ૪%નો વધારો નોંધાયો હતો. એ જ રીતે ૨૦૦૮માં વર્ષ દરમિયાન સોનું ૨૦% તૂટ્યું હતું, પરંતુ વર્ષના અંતે તેણે ૨૮%નું જોરદાર રિટર્ન આપ્યું હતું. વર્ષ ૨૦૨૦માં પણ સોનું એક સમયે ૧૫% ગગડ્યા બાદ વર્ષના અંતે ૨૮% વધ્યું હતું.

જોકે દર વખતે રિકવરી નથી આવી. વર્ષ ૧૯૮૧માં ૨૫%ના ઘટાડા બાદ વર્ષના અંતે રોકાણકારોને ૨૨%નું નુકસાન થયું હતું. એ જ રીતે ૨૦૧૩માં સોનું ૨૪% તૂટ્યું હતું અને વર્ષના અંતે ૧૮%ના ઘટાડા સાથે બંધ થયું હતું.

આજનુ પંચાંગ

તા.૨૧/૧૧/૨૦૨૬, શનિવાર

તુલસી વિવાહ પ્રારંભ

દિવસના ચોઘડિયા : કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ **રાત્રિના ચોઘડિયા :** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ **અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૫૮ મિ. **સૂર્યાસ્ત :** ૧૭ ક. ૫૨ મિ. **નવકારસી સમય :** (અ) ૭ ક. ૪૬ મિ. **જન્મરાશિ :** મીન (દ.ચ.ઝ.થ) ૨૯ ક. ૫૫ મિ. સુધી પછી મેષ (અ.લ.ઈ.) રાશિ આવે. **નક્ષત્ર :** રેવતી ૨૯ ક. ૫૫ મિ. સુધી પછી અશ્વિની નક્ષત્ર આવે. **ગોચર ગ્રહ :** સૂર્ય-વૃશ્ચિક, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર-કન્યા (વ), શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-મીન ૨૯. ક. ૫૫ મિ. સુધી પછી મેષ, હર્ષલ (યુરેનસ)-વૃષભ, નેપચ્યુન-મીન, પ્લુટો-મકર **રાહુકાળ :** ૯.૦૦ થી ૧૦.૩૦ (દ.ભા.) **વિક્રમ સંવત :** ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૩ દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક : કાર્તિક ૩૦ વ્રજ માસ : કાર્તિક-૨૭ **માસ-તિથિ-વાર :** કારતક સુદ બારસ

- પ્રબોધિની એકાદશી (વૈ.) - તુલસી વિવાહ પ્રારંભ - ચાતુર્માસ સમાપ્ત - પંઢરપુર યાત્રા

મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદી ઉલ આખર માસનો ૧૧ મો રોજ **પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૬ તીર માસનો ૯ મો રોજ આદર

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી રહ્યા કરે. નાણાંકીય જવાબદારીવાળા કામમાં આપે ઉતાવળ કરવી નહીં. ઉચાટ રહે.

વૃષભ : આપના કામની કદર-પ્રશંસા થવાથી કામ કરવાનો ઉત્સાહ જણાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ધરાકી આવી જાય.

મિથુન : આપને દિવસ દરમિયાન સતત કોઈને કોઈ કામકાજ રહ્યા કરે. જમીન-મકાન-વાહનના કામમાં સાનુકૂળતા થતી જાય.

કર્ક : નોકરી-ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. અગત્યના કામકાજ અંગેની મુલાકાતમાં સરળતા રહે.

સિંહ : આપને તબીયતની અસ્વસ્થતાને લીધે કામ કરવાની ઈચ્છા થાય નહીં. અનિચ્છાએ કામમાં જોડાવું પડે. ભૂલોથી સંભાળવું.

કન્યા : આપના કામમાં વ્યસ્ત રહીને દિવસ પસાર કરી શકો. પરદેશના કામમાં, ધર્મકાર્ય-શુભકાર્યમાં સાનુકૂળતા રહે.

તુલા : નોકરી-ધંધાની સાથે બીજું કાંઈ કામ આવી જતાં, અન્ય સહકર્મીનું કામ આવી જતાં આપના કાર્યભારમાં વધારો થાય.

વૃશ્ચિક : આપની બુદ્ધિ-અનુભવ-આવડત-મહેનતથી આપના કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી લાભ-ફાયદો જણાય.

ધન : આપ હરો-ફરો-કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. વાહન ચલાવવામાં સાવધાની રાખવી.

મકર : આપના અગત્યના કામનો ઉકેલ આવતો જવાથી આપને રાહત થતી જાય. મહત્વના નિર્ણય લેવામાં સાનુકૂળતા રહે.

કુંભ : આપના કામમાં સાનુકૂળતા મળી રહે. કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. ધર્મકાર્ય-શુભકાર્યમાં ખર્ચ જણાય.

મીન : રાજકીય-સરકારી કામકાજ અંગે મિલન-મુલાકાત થઈ શકે. સંતાનના પ્રશ્ને નિર્ણય લેવામાં સરળતા રહે.

જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨૧/૧૧/૨૦૨૬, શનિવાર


આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ મધ્યમ પસાર થાય.

નોકરી-ધંધો : નોકરી-ધંધામાં ગત વર્ષની સરખામણીએ મુશ્કેલી ઓછી રહે. તેમ છતાં આપે ઉતાવળીયા નિર્ણય કરવા નહીં કે આંધળા સાહસ કરવા નહીં. તેમ છતાં વર્ષની મધ્યમાં આપને સાનુકૂળતા રહે. આપના લાંબા સમયથી અટકી પડેલા કામનો ઉકેલ આવતાં રાહત અનુભવો.

વિદ્યાર્થી વર્ગ : વિદ્યાર્થી વર્ગે કોઈના દોરવાયા દોરવાઈ ગયા વગર પોતાની મહેનત પર ભરોસો રાખવો. કોઈની ભૂલના લીધે તમે મુશ્કેલીમાં ન મૂકાવ તેનું ધ્યાન રાખવું પડે. વર્ષનો મધ્યભાગ અભ્યાસની દ્રષ્ટિએ વધુ સારો અને મહત્વનો બની રહે.

આરોગ્ય સુખાકારી : વર્ષના પ્રારંભમાં આપે તબીયતની દ્રષ્ટિએ થોડું સાચવવું પડે. જેમ વર્ષ પસાર થાય તેમ આરોગ્યમાં સુધારો થતો જાય. તેમ છતાં બહારનું ખાવા-પીવાના લીધે તબીયત બગડે નહીં તેની કાળજી રાખવી.

ક્રોસવર્ડ વર્ડ્સ



મંત્રમુગ્ધ

- ''સુખ આપતી વસ્તુઓ દુનિયામાં પહેલા પણ હતી અને આજે પણ છે. પણ સાચી મજા એને જ આવે છે જે પહેલા મહેનત કરીને સુખની કિંમત ચૂકવે છે. જેને બેઠા-બેઠા સહેલાઈથી સુવિધા મળી જાય છે, તે આરામ જ તેના પતન અને મૃત્યુનું કારણ બને છે.''

- હિન્દીના રાષ્ટ્રકવિ, સાહિત્યકાર રામધારી સિંહ દિનકર

- ''જીવનના અંધકારમય અને વિકટ પહાડ જેવા પ્રશ્નો વચ્ચે પણ જો ક્ષણભરમાં ઉકેલનું અજવાળું પ્રગટી જાય, તો એ માત્ર બુધ્ધિનો ચમત્કાર નથ

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

જયસ્વાલ (૮૫) અને રાહુલ (૫૨*) વચ્ચે ૧૩૦ રનની ભાગીદારી

ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગમાં ૩૬૮માં ઓલઆઉટ ભારતના સંગીન પ્રારંભ સાથે એક વિકેટે ૧૫૯

વેલિંગ્ટન, તા.૨૦

આકાશ દીપની અસરકારક બોલિંગ બાદ જયસ્વાલ (૮૫) અને રાહુલ (૫૨*) વચ્ચેની ૧૩૦ રનની ઓપનિંગ ભાગીદારીને સહારે ભારતે ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીની પ્રથમ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં સંગીન પ્રારંભ કર્યો હતો. નિકોલ્સના અણનમ ૧૭૫ અને ફિલિપ્સના ૧૧૮ રને સહારે ન્યુઝીલેન્ડે પ્રથમ ઈનિંગમાં ૩૬૮ રન નોંધાવ્યા હતા.જવાબમાં ભારતે બીજા દિવસની રમતના અંત સુધીમાં પ્રથમ ઈનિંગમાં એક વિકેટે ૧૫૯ રન કર્યા હતા.

કે.એલ. રાહુલ બાવન અને દેવદત્ત પડિક્કલ ૧૬ રને બીજા દિવસના અંતે ક્રિઝ પર હતા. ટીમ ઈન્ડિયાએ ૪.૦૭ની સરેરાશથી રન ફટકાર્યા હતા. ભારત હજુ ન્યુઝીલેન્ડના પ્રથમ ઈનિંગના સ્કોર કરતાં ૨૦૯ રન પાછળ છે અને ગિલ, પંત તેમજ સુંદર અને જુરેલ જેવા બેટ્સમેનો ભારતને મજબુત સ્થિતિમાં પહોંચાડવા માટે સક્ષમ છે.

ન્યુઝીલેન્ડે વધુ ૧૨૫ રનમાં પાંચ વિકેટ ગુમાવી

નિકોલ્સ (૧૧૩*) અને ફિલિપ્સ (૯૪*)ની જોડીએ ન્યુઝીલેન્ડની પ્રથમ ઈનિંગને આજે બીજા દિવસે સવારે ૨૪૩/૪થી આગળ ધપાવી હતી. યજમાન ટીમ ગઈકાલના સ્કોરમાં વધુ ૧૨૫ રન ઊમેરતાં લંચ બાદ ઓલઆઉટ થઈ હતી. નિકોલ્સે કારકિર્દીનો સર્વોચ્ચ સ્કોર કરતાં ૩૩૫ બોલમાં ૨૧ ચોગ્ગા સાથે અણનમ ૧૭૫ રન ફટકાર્યા હતા. ફિલિપ્સે ૯૪થી આગળ રમતાં ૧૧૮ રન ૨૧૬ બોલમાં ૧૪ ચોગ્ગાની મદદથી નોંધાવ્યા હતા. તેમની વચ્ચે ૩૯૯ બોલમાં ૨૧૬ રનની ભાગીદારી નોંધાઈ હતી. આકાશદીપે ફિલિપ્સની વિકેટ ઝડપી પછી ન્યુઝીલેન્ડ વધુ ૮૨ રન સ્કોરમાં ઊમેરી શક્યું હતુ.

આકાશ દીપનો પ્રભાવ : બુમરાહની ચાર વિકેટ

વેલિંગ્ટનમાં આજે બીજા દિવસે ન્યુઝીલેન્ડે ગુમાવેલી પાંચમાંથી બે વિકેટ આકાશ દીપને અને ૧-૧ વિકેટ બુમરાહ-કંબોજ તેમજ પી. ક્રિષ્નાને મળી હતી. આકાશ દીપે ફિલિપ્સને ક્લિન બોલ્ડ કર્યો હતો. તેણે જેમીસનની પણ વિકેટ ઝડપી હતી. ઓવરઓલ ન્યુઝીલેન્ડની પ્રથમ ઈનિંગમાં બુમરાહે ૯૨ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે આકાશ દીપને ૫૩ રનમાં ત્રણ તેમજ કંબોજને ૬૯ રનમાં બે વિકેટ મળી હતી.

જયસ્વાલની આક્રમક બેટિંગ : રાહુલનો સપોર્ટ

ન્યુઝીલેન્ડના ૩૬૮ના સ્કોરના જવાબમાં જયસ્વાલ અને રાહુલની જોડીએ ભારતને આક્રમક શરૂઆત અપાવતા ૨૭.૫ ઓવરમાં ૧૩૦ રનની ભાગીદારી કરી હતી. જયસ્વાલે કાઉન્ટર એટેક કરતાં ૮૯ બોલમાં ૮૫ રન ફટકાર્યા હતા. જયસ્વાલની ઈનિંગમાં ૧૬ ચોગ્ગા પણ સામેલ હતા. તે ૮૫ રને હેનરીની બોલિંગમાં આઉટ થયો હતો. રાહુલે ૧૧૬ બોલમાં પાંચ ચોગ્ગા સાથે નોટઆઉટ બાવન રન કર્યા હતા અને તેની સાથે પડિક્કલ ૧૬ રને રમતમાં હતો.

ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગ

	રનબોલ ૪ ૬
લાથમ બો.બુમરાહ	૦ ૨ ૦ ૦
કોન્વે કો.પંત બો.કંબોજ	૪ ૧૩ ૦ ૦
નિકોલ્સ અણનમ	૧૭૫ ૩૩૫ ૨૧ ૦
રચિન કો.પંત બો.આકાશદીપ	૧૫ ૫૦ ૨ ૦
મિચેલ કો.જયસ્વાલ બો.બુમરાહ	૧ ૮ ૦ ૦
બ્લન્ડેલ કો.ગિલ બો.બુમરાહ	૫ ૨૨ ૦ ૦
ફિલિપ્સ બો.આકાશદીપ	૧૧૮ ૨૧૬ ૧૪ ૦
નેથન સ્મિથ એલબી બો.પી.ક્રિષ્ના	૧૪ ૪૪ ૨ ૦
જેમીસન કો.રાહુલ બો.આકાશદીપ	૧૧ ૨૧ ૧ ૦
હેનરી એલબી બો.બુમરાહ	૧ ૬ ૦ ૦
ડફી કો.પંત બો.કંબોજ	૪ ૧૨ ૦ ૦
વધારાના (લેગબાય ૯, નોબોલ ૬, વાઈડ ૫)૨૦	
કુલ (૧૨૧ ઓવરમાં ઓલઆઉટ)	૩૬૮

વિકેટનો ક્રમ : ૧-૨ (લાથમ ૦.૩), ૨-૧૨ (કોન્વે ૩.૨), ૩-૫૧ (રચિન ૧૬.૧), ૪-૫૨ (મિચેલ ૨૦.૬), ૫-૭૦ (બ્લન્ડેલ ૨૮.૨), ૬-૨૮૬ (ફિલિપ્સ ૯૩.૬), ૭-૩૧૮ (નેથન સ્મિથ ૧૦૬.૧), ૮-૩૪૩ (જેમીસન ૧૧૫.૧), ૯-૩૪૮ (હેનરી ૧૧૬.૫), ૧૦-૩૬૮ (ડફી ૧૨૦.૬).

બોલિંગ : બુમરાહ ૨૬-૮-૯૨-૪, કંબોજ ૨૩-૫-૬૬-૨, આકાશ દીપ ૨૩-૭-૫૩-૩, પી. ક્રિષ્ના ૨૬-૨-૧૦૦-૧, સુંદર ૨૦-૨-૪૫-૦.

ભારત પ્રથમ ઈનિંગ

	રનબોલ ૪ ૬
જયસ્વાલ કો.બ્લન્ડેલ બો.હેનરી	૮૫ ૮૬૧૬ ૦
રાહુલ રમતમાં	૫૨ ૧૧૬ ૫ ૦
પડિક્કલ રમતમાં	૧૬ ૩૫ ૩ ૦
વધારાના (નોબોલ ૬)	૬
કુલ (૩૬ ઓવરમાં એક વિકેટે)	૧૫૯

વિકેટનો ક્રમ : ૧-૧૩૦ (જયસ્વાલ ૨૭.૫). બોલિંગ : હેનરી ૧૨-૩-૪૩-૧, જેમીસન ૧૧-૫-૧૫-૦, ડફી ૧૦-૦-૭૨-૦, નેથન સ્મિથ ૬-૦-૨૯-૦.

નિકોલ્સ (૧૭૫*) અને ફિલિપ્સ (૧૧૮) વચ્ચે ૨૧૬ રનની ભાગીદારી : બુમરાહે ચાર અને આકાશ દીપે ત્રણ વિકેટ ઝડપી

ન્યુઝીલેન્ડમાં ૩૨ વર્ષ બાદ ભારતીય ઓપનિંગ જોડીની શતકીય ભાગીદારી

જયસ્વાલ અને રાહુલે ન્યુઝીલેન્ડની ભૂમિ પર ૩૨ વર્ષ બાદ શતકીય ઓપનિંગ ભાગીદારી નોંધાવનારી ભારતીય જોડી તરીકેનો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો. તેમણે ૨૭.૫ ઓવરમાં ૧૩૦ રન જોડયા હતા. છેલ્લે નયન મોંગિયા અને નવજોતસિંઘ સિદ્ધુની જોડીએ ૧૯૯૪માં ન્યુઝીલેન્ડ સામેની હેમિલ્ટન ટેસ્ટની બીજી ઈનિંગમાં ૧૦૨ રનની ઓપનિંગ ભાગીદારી નોંધાવી હતી. જયસ્વાલ-રાહુલે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ૧૦૨૦ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી અને એક હજાર કે વધુ રનની ભાગીદારી કરનારી છઠ્ઠી જોડી તરીકેનો રેકોર્ડ સર્જ્યો હતો.

લક્ષ્ય સેનની સતત ત્રીજા ટાઈટલ તરફ આગેકૂચ

હોંગકોંગ ઓપન : સાત્વિક-ચિરાગની જોડી ડબલ્સની, લક્ષ્ય સિંગલ્સની સેમિ ફાઈનલમાં





લક્ષ્ય સેનની સતત ત્રીજા ટાઈટલ તરફ આગેકૂચ : સાત્વિક -ચિરાગ પણ ફેવરિટ

હોંગકોંગ, તા. ૨૦

ભારતીય બેડમિંટન સ્ટાર લક્ષ્ય સેને પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન સિંગાપોરના લોહ કીન યૂને હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. બીજી તરફ, પુરુષ ડબલ્સમાં ભારતની ટોચની જોડી સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ પણ વિજય સાથે અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે રક્ષિતા અને કીદાંબી શ્રીકાંત તેમની ક્વાર્ટર ફાઈનલ મેચમાં હાર્યા હતા.

લક્ષ્યનું ફોર્મ જારી

લક્ષ્ય સેને લોહ કીન યૂ સામે ૨૧-૧૭, ૧૦-૨૧, ૨૧-૧૩થી વિજય મેળવ્યો હતો. આ મુકાબલો ૫૫ મિનિટ સુધી ચાલ્યો હતો. આ વિજય સાથે લક્ષ્યે લોહ સામેનો પોતાનો સામસામેનો રેકોર્ડ ૮-૫નો કર્યો છે. ખાસ વાત એ છે કે એશિયન ગેમ્સમાં લોહ સામે મળેલી હારનો બદલો પણ લક્ષ્યે આ જીત સાથે લીધો છે.

લક્ષ્ય માટે આ વિજય ખાસ મહત્ત્વનો છે, કારણ કે તેણે તાજેતરમાં જ જર્મનીમાં હાયલો ઓપન અને જાપાનમાં કુમામોટો માસ્ટર્સના ખિતાબ જીત્યા છે. હવે તેની નજર સતત ત્રીજો ટાઈટલ જીતવાની તક પર રહેશે.

સાત્વિક-ચિરાગનો સંઘર્ષ

પુરુષ ડબલ્સમાં પાંચમી ક્રમાંકિત સાત્વિક અને ચિરાગની જોડીએ ચીનના હુ કે યુઆન અને લિન ઝિયાંગ યીને ૨૧-૧૨, ૧૩-૨૧, ૨૧-૧૬થી હરાવ્યા હતા. ૫૯ મિનિટ ચાલેલી આ મેચમાં ભારતીય જોડીએ પ્રથમ ગેમ સરળતાથી જીતી હતી, પરંતુ ચીની જોડીએ બીજી ગેમમાં વળતો પ્રહાર કરીને મેચમાં બરાબરી કરી હતી.નિર્ણાયક ત્રીજી ગેમમાં સાત્વિક અને ચિરાગે ફરીથી લય મેળવી હતી. એક સમયે ૧૧-૭ની સરસાઈ મેળવ્યા બાદ તેઓએ આ લીડ જાળવી રાખીને ૨૧-૧૬થી ગેમ જીતી લીધી હતી. તેઓ આ વર્ષે સિંગાપોર ઓપન અને ચાઇના માસ્ટર્સ જેવી બે સુપર ૭૫૦ સ્પર્ધાઓ જીતી ચૂકેલી આ ભારતીય જોડી હવે હોંગકોંગ ઓપનના ખિતાબથી માત્ર બે જીત દૂર છે.

રક્ષિતાની સફરનો અંત

મહિલા સિંગલ્સમાં ભારતની ૧૯ વર્ષની રક્ષિતા રામરાજ ક્વાર્ટર ફાઈનલમાં થાઈલેન્ડની ચોચુવોંગ સામે ૧૯-૨૧, ૧૬-૨૧થી પરાજિત થઈ હતી.ભારતનો પુરુષ ખેલાડી કીદાંબી શ્રીકાંતનો થાઈલેન્ડના બીજા ક્રમાંકિત ખેલાડી વિતિદસાર્ન સામે ક્વાર્ટર ફાઈનલમાં ૨૧-૧૫, ૨૧-૧૬થી હાર્યો હતો.

નારણપુરા સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ટુર્નામેન્ટ ૨૪મી સુધી ચાલશે

ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિંટન : DGP સહિત ગુજરાતના ૫૩ અધિકારી કૌશલ્ય દર્શાવી રહ્યા છે

અમદાવાદ, તા. ૨૦

અમદાવાદમાં શરૂ થયેલી ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિંટન અને ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં રાજ્યના પોલીસ વડા અને આઈપીએસ અધિકારીઓ સહિત કુલ મળીને ગુજરાતના ૫૩ ખેલાડીઓ પોતાનું રમતકૌશલ્ય દર્શાવી રહ્યા છે. નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં શરૂ

બેડમિંટન સાથે ટેબલ ટેનિસની પણ ટુર્નામેન્ટનું પણ આયોજન

થયેલી આ ટુર્નામેન્ટ ૨૪મી નવેમ્બર સુધી ચાલશે, જેમાં દેશભરમાંથી આવેલા પોલીસના તેમજ આઈબી, સીઆરપીએસ તેમજ બીએસએફ સહિતના કેન્દ્રીય અર્ધલશ્કરી દળોના જવાનો પણ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. ટુર્નામેન્ટમાં કુલ ૧૦૪૬ ખેલાડીઓ વચ્ચે વિવિધ કેટેગરીમાં ટાઈટલ માટે જંગ ખેલાઈ રહ્યો છે.

દેશના તમામ રાજ્યોમાંથી અનેક આઈપીએસ અને અન્ય ટોચના અધિકારીઓ આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. ખાસ કરીને મહીલા આઈપીએસ અને મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર પણ ખુબ જ ઉત્સાહથી મેચો રમી રહી છે. આ ટુર્નામેન્ટમાં ગુજરાતની ડીજીપી જી એસ મલીક પણ ભાગ લઈ રહ્યા છે. વિજેતા થયેલા ખેલાડીઓને આગામી ૨૦૨૭માં ઓસ્ટ્રેલીયાના પર્થમાં યોજાનારી વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સમાં ભાગ લેવાની તક મળી શકશે. નોંધપાત્ર છે કે, પોલીસની બેડમિન્ટન અને ટેબલ ટેનિસની આ ટુર્નામેન્ટ ગુજરાતમાં અને અમદાવાદમાં સૌ પ્રથમવાર યોજાઈ રહી છે.

ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહેલાં ઉચ્ચ અધિકારીઓ


ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિંટન અને ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં જી.એસ. મલિક, ડીજીપી ગુજરાત, અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર અમદાવાદ, દીપક મેઘાણી, સંયુક્ત નિયામક એસીબી, લવિના સિંહા, ડીસીપી સાયબર ક્રાઈમ અમદાવાદ, મીની જોસેફ એસીપી સુરત, એમ.કે. રાણા એસીપી સુરત, જીતેન્દ્ર યાદવ, એસીપી સેન્ટ્રલ જેલ, સિમરન ભારદ્વાજ, એએસપી રાજકોટ, કોરુકોંડા સિદ્ધાર્થ, એસપી એટીએસ, જે.એમ. યાદવ એસપી જેલ, શરદ સિંગલ કાઈમ બ્રાન્ચ અમદાવાદ સહિતના ઉચ્ચ અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે.

દેશભરના પોલીસની સાથે IB, CRPF તેમજ BSFના જવાનો સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે

અમદાવાદમાં ફરજ બજાવતા અને વર્ષોથી બેડમિન્ટન રમતા એસીપી જીતેન્દ્ર યાદવ જણાવે છે કે,આ સ્પર્ધામાં દેશભરમાંથી ૧૦ સેન્ટ્રલ પોલીસ ઓર્ગેનાઈઝેશન (CPO), ૨૪ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશો મળીને કુલ ૩૮ ટીમો ભાગ લઈ રહી છે. ટુર્નામેન્ટનું આયોજન ગુજરાત પોલીસ કરી રહી છે.

તેઓએ ઉમેર્યું કે, બેડમિન્ટનમાં ગેઝેટેડ ઓફીસર્સની કેટેગરીમાં ૧૯૮ પુરુષ અને ૪૧ મહિલા અધિકારીઓ, જ્યારે નોન ગેઝેટેડ ઓફીસર્સની કેટેગરીમાં ૩૪૦ પુરુષ અને ૧૧૬ મહિલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.ટેબલ ટેનિસમાં ગેઝેટેડ ઓફીસર્સની કેટેગરીમાં ૯૪ પુરુષ અને ૩૨ મહિલા અધિકારીઓ, તેમજ નોન ગેઝેટેડ ઓફીસર્સની કેટેગરીમાં ૧૬૩ પુરુષ અને ૬૨ મહિલા ખેલાડીઓ મેદાનમાં ઉતર્યા છે.

જયવર્દને દિલ્હી કેપિટલ્સની મહિલા ટીમ સાથે જોડાયો



નવી દિલ્હી, તા.૨૦

મુંબઈ ઈન્ડિન્સના હેડ કોચ તરીકે લાંબો સમય જવાબદારી સંભાળી ચૂકેલો શ્રીલંકાના ભૂતપૂર્વ કેપ્ટન અને દિગ્ગજ બેટ્સમેન જયવર્દને હવે દિલ્હી કેપિટલ્સની ટીમ સાથે જોડાયો છ. હાલમાં તેને મહિલા પ્રીમિયર લીગમાં રમતી દિલ્હી કેપિટલ્સની ટીમના ડાયરેક્ટર ઓફ ક્રિકેટની જવાબદારી સોંપાઈ છે. તે ઈન્ટરનેશનલ લીગ ટી-૨૦માં દુબઈ કેપિટલ્સ અને ધ હન્ડ્રેડમાં સધરન બ્રાવેમાં પણ આ જ જવાબદારી સંભાળશે. તે ૨૦૨૯થી આઈપીએલની દિલ્હી કેપિટલ્સની ટીમના સપોર્ટ સ્ટાફમાં મહત્વની ભૂમિકા ભજવશે.

આજે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ ટી-૨૦

મેલબોર્ન : આજે ઓસ્ટ્રેલિયા અને પ્રવાસી ઈંગ્લેન્ડ વચ્ચે શ્રેણીનો પ્રથમ ટી-૨૦ મુકાબલો આવતીકાલે મેલબોર્નમાં ભારતીય સમય પ્રમાણે બપોરે ૧.૪૫થી શરૂ થશે. ઈંગ્લેન્ડે વન ડે શ્રેણીમાં ૦-૧થી પાછળ પડ્યા બાદ કમબેક કરતાં ૨-૧થી યાદગાર જીત હાંસલ કરી હતી. હવે તેઓ ટી-૨૦માં વર્લ્ડ નંબર વન ટીમ તરીકેનું પ્રભુત્વ દેખાડવા માટે ઉત્સુક છે. ઓસ્ટ્રેલિયાની ટીમ ૨૦૧૮ના સેન્ડપેપર કૌભાંડના ખુલાસાથી અપસેટ

ઈન્ડિયા-એ ટીમે તેના ઈતિહાસનો સૌથી મોટો લિસ્ટ-એ વિજય મેળવ્યો

ઈન્ડિયા-એ ટીમે નેપાળને માત્ર ૨૬ રનમાં સમેટી લઈને ૩૦૬ રનથી જીત મેળવી

દોહા,તા.૨૦

ઈન્ડિયા-એ ટીમે ૩૩૨/૯નો જંગી સ્કોર ખડક્યા બાદ નેપાળને માત્ર ૧૧.૩ ઓવરમાં ૨૬ રનમાં જ સમેટી લઈને રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ ટી-૨૦ની ગ્રૂપ સ્ટેજની વન ડેમાં રેકોર્ડ ૩૦૬ રનથી જીત હાંસલ કરી હતી. એક તબક્કે ૪૨/૩ના સ્કોર પર ફસડાયેલા ભારતને કુમાર કુશાગ્ર (૧૧૭) અને તિલક વર્મા (૧૦૭) વચ્ચેની ૧૯૧ બોલમા ૨૦૬ રનની ભાગીદારીએ જંગી સ્કોર તરફ અગ્રેસર કર્યું હતુ. આ પછી પ્રિન્સ યાદવે છ રનમાં પાંચ અને હર્ષિત રાણાએ ૧૬ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. ઈન્ડિયા-એ ટીમનો આ તેના લિસ્ટ-એ મેચના ઈતિહાસનો આ સૌથી મોટા અંતરનો વિજય હતો.

કુશાગ્ર અને તિલકની સદીઓ

નેપાળે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી અને ભારતે અભિષેક (૯), બડોની (૨) અને વૈભવ (૨૬)ની વિકેટ ૪૨ના સ્કોર પર ગુમાવી હતી. જોકે પ્લેયર ઓફ ધ મેચ કુમાર કુશાગ્રએ ૧૦૨ બોલમાં ૧૦ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથે ૧૧૭ તેમજ તિલક વર્માએ ૧૧૩ બોલમાં ૬ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે ૧૦૭ રન નોંધાવતા બાજી પલ્ટી હતી. ત્યારબાદ શેડ્રગેએ ૪ છગ્ગા ને ૧ ચોગ્ગા સાથે ૩૬* રન નોંધાવતા ભારતે ૩૩૨/૯ સ્કોર કર્યો હતો. રાજબંશી અને લામિચ્છાનેએ ૩-૩ વિકેટ મેળવી હતી.

રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપ વન ડે

નેપાળમાં કોઈ ડબલ ડિજિટ સુધી પહોંચી ન શક્યું

નેપાળની ઈનિંગમાં કોઈ બેટ્સમેન બે આંકડાના સ્કોર સુધી પહોંચી શક્યો ન હતો. નેપાળનો સ્કોર એક તબક્કે ૧ રનમાં ચાર વિકેટ થઈ ગયો હતો. આ પછી તેઓ ૧૧.૩ ઓવરમાં ૨૬માં ખખડી ગયા હતા. પ્રિન્સ યાદવે પાંચ ઓવરમાં બે મેડન સાથે છ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. જ્યારે હર્ષિતે ૬ ઓવરમાં ૧ મેડન સાથે ૧૬ રનમાં ચાર વિકેટ મેળવી હતી. પવન સર્રાફ અને રાશિદ ખાને ૬-૬ રન કર્યા હતા. પાંચ બેટ્સમેન ૦ પર આઉટ થયા હતા.



કુશાગ્ર (૧૧૭) અને તિલક (૧૦૭) વચ્ચે ૨૦૬ રનની ભાગીદારી ભારતના ૩૩૨/૯ : પ્રિન્સ યાદવની ૬ રનમાં પાંચ વિકેટ

પ્રજ્ઞાચક્ષુ પુરુષ ક્રિકેટરોની એશિયા કપની ફાઈનલમાં વિવાદ

ભારતની પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટ ટીમને અન્યાય પાકિસ્તાન ખોટી રીતે વિજેતા જાહેર

નવી દિલ્હી : બાંગ્લાદેશમાં રમાયેલા પ્રજ્ઞાચક્ષુ પુરુષ ક્રિકેટરોની એશિયા કપની ફાઈનલ ધોવાઈ ગયા બાદ નિયમોનું ખોટું અર્થઘટન કરીને પાકિસ્તાનને વિજેતા જાહેર કરી દેવાના નિર્ણયની સામે ભારતની પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટ ટીમે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ભારતીય પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટ ટીમે વિરોધ પ્રદર્શિત કરતાં એવોર્ડ સેરેમનીનો બહિષ્કાર કર્યો હતો.

ક્રિકેટ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ ઈન ઈન્ડિયાના સેક્રેટરી શૈલેન્દ્રએ એક મીડિયાને જણાવ્યું કે, ફાઈનલ મેચ ધોવાઈ જતાં ખરેખર તો બંને ટીમોને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવવી જોઈતી હતી. જોકે બાંગ્લાદેશમાં યોજાઈ રહેલી ટુર્નામેન્ટના આયોજકો પર દબાણ કરી પાકિસ્તાને મનમાની કરી હતી અને ખોટી રીતે તેમને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.



વિવાદ ક્યાંથી શરૂ થયો :

વર્લ્ડ બ્લાઈન્ડ ક્રિકેટ કાઉન્સીલની ટેકનિકલ કમિટિએ તો ભારત અને પાકિસ્તાનને સંયુક્ત વિજેતા જાહેર કર્યા હતા. જોકે વર્લ્ડ બ્લાઈન્ડ ક્રિકેટ કાઉન્સીલના પ્રમુખ સુલતાન શાહ કે જેઓ પાકિસ્તાન બ્લાઈન્ડ ક્રિકેટ કાઉન્સીલના પણ વડા છે, તેમણે દબાણ કરી પાકિસ્તાનને વિજેતા જાહેર કરાવડાવ્યું હતું.

વરસાદના કારણે ફાઈનલ પડતી મુકાતા નિયમોનું ખોટું અર્થઘટન કરી પાકિસ્તાનને ટ્રોફી અપાઈ

SMAT : બરોડાની ટીમ પાંચ વિકેટથી રાજસ્થાન સામે જીતી

ઉનડકટની હેટ્રિક : સૌરાષ્ટ્રનો દિલ્હી સામે પાંચ વિકેટથી આસાન વિજય

ઈન્દોર/વાનખેડે/કોલકાતા, તા.૨૦

સૌરાષ્ટ્રની ટીમે ઉનડકટની હેટ્રિકને સહારે દિલ્હી સામેની ટી-૨૦માં બે ઓવર બાકી હતી, ત્યારે પાંચ વિકેટથી આસાન જીત મેળવી હતી. આ સાથે સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં સૌરાષ્ટ્રે સતત ચોથી જીત હાંસલ કરી હતી. જ્યારે બરોડાની ટીમે રાજસ્થાન સામે પાંચ વિકેટથી વિજય મેળવ્યો હતો. કોલકાતામાં ગુજરાત અને છત્તીસગઢની મેચ ભારે વરસાદમાં ધોવાઈ ગઈ હતી. ઈલાઈટ ગ્રૂપ-ડીમાં ગુજરાત છ પોઈન્ટ સાથે પાંચમા ક્રમે છે.

ઉનડકટની હેટ્રિક : પ્રેરકના ૪૭

પ્લેયર ઓફ ધ મેચ જયદેવ ઉનડકટે હેટ્રિક ઝડપતાં સૌરાષ્ટ્ર સામે દિલ્હીએ ૨૦ ઓવરમાં ૧૫૨/૯ સ્કોર કર્યો હતો. યશ ધુલે ૩૨ બોલમાં ૪૩ અને નિતિશ રાણાએ ૨૦ બોલમાં ૪૦ રન કર્યા હતા. ઉનડકટને ઈનિંગની ૧૭મી ઓવરમાં પાંચમા બોલે દિગ્વેશ રાઠી (કો.સમર ગજ્જર ૩)ને અને છઠ્ઠા બોલે રજનીશ દાદાર (કો.હાર્વિક દેસાઈ ૦)ને આઉટ કર્યા બાદ ૧૯મી ઓવરના પહેલા બોલે હિંમત સિંઘ (કો.સમર ગજ્જર ૧૮)ની વિકેટ ઝડપી હેટ્રિક પૂર્ણ કરી હતી. જવાબમાં પ્રેરક માંકડના ૩૧ બોલમાં ૪૭, હરવંશ પંગાલિયાના ૨૫ બોલમાં ૩૭ તેમજ હાર્વિક દેસાઈના ૨૬ને સહારે સૌરાષ્ટ્રે ૧૮ ઓવરમાં ૧૫૩/૫ના સ્કોર સાથે જીત મેળવી હતી. સૌરાષ્ટ્ર સતત ચોથી જીત સાથે ઈલાઈટ બી ગ્રૂપમાં ૧૬ પોઈન્ટ સાથે ટોચ પર છે.



રસિક સાલમની અણનમ અડધી સદી

પ્લેયર ઓફ ધ મેચ રસિક સાલમે ૨૯ રનમાં ૧ વિકેટ ઝડપ્યા બાદ ચોથા ક્રમે ઉતરીને ૩૨ બોલમાં અણનમ સત્તાવન રન ફટકારતાં બરોડાની ટીમે ૧.૧ ઓવર બાકી હતી, ત્યારે પાંચ વિકેટથી રાજસ્થાનને હરાવ્યું હતુ. સાલમનો સાથ આપતાં જીતેશ શર્માએ પાંચ છગ્ગા ને ૧ ચોગ્ગા સાથે ૨૬ બોલમાં ૪૭ રન નોંધાવ્યા હતા. બરોડાની આ ચોથી મેચમાં ત્રીજી જીત હતી અને તેઓ ૧૨ પોઈન્ટ સાથે ટોપ પર છે.

એટીપી ફાઈનલ્સ

અલકારાઝ અને શેલ્ટન વચ્ચે સેમિફાઈનલ

ટુરિન : ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન અને સ્પેનિશ ટેનિસ સ્ટાર અલકારાઝે આગવી લયમાં રમતાં સીધા સેટોમાં ૬-૪, ૬-૧થી ઈટાલીના કોબોલીને હરાવ્યો હતો. અલકારાઝે આ સાથે તેની ઈજા ગંભીર ન હોવાનો પુરાવો આપ્યો હતો. હવે તે એટીપી ફાઈનલ્સ ટુર્નામેન્ટની સેમિ ફાઈનલમાં અમેરિકાના શેલ્ટન સામે ટકરાશે. અગાઉ વર્લ્ડ નંબર વન જર્મન ખેલાડી ઝ્વેરેવે જીતની હેટ્રિક સર્જતાં ૬-૪, ૭-૬ (૮-૬)થી ફ્રાન્સના ફિલ્સને પરાજય આપ્યો હતો. ઝ્વેરેવ સેમિ ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરી ચૂક્યો છે. તેની જીતને કારણે શેલ્ટને અંતિમ ચારમાં પ્રવેશ કર્યો હતો. મેડ્વેડવ-ટિયાફો વચ્ચેની મેચનો વિજેતા સેમિ ફાઈનલમાં ઝ્વેરેવ સામે ટકરાશે.

આજે મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં ભારત-કોરિયા સાંજે ૭.૦૦થી ટકરાશે

૨૦૨૫-૨૭ની WTC સાયકલનો પ્રથમ શ્રેણી વિજય

પાકિસ્તાને બીજી ટેસ્ટમાં શ્રીલંકાને આઠ વિકેટથી પરાજય આપ્યો



રાવલપીંડી, તા. ૨૦

પાકિસ્તાને શ્રીલંકા સામેની બીજી ટેસ્ટમાં આઠ વિકેટથી વિજય મેળવી બે ટેસ્ટની શ્રેણી ૧-૦થી જીતી લીધી છે. મેચના ચોથા દિવસે શ્રીલંકાએ આપેલો ૯૦ રનનો લક્ષ્યાંક પાકિસ્તાને માત્ર ૧૩ ઓવરમાં બે વિકેટ ગુમાવી હાંસલ કરી લીધો હતો. આમ, પ્રથમ ટેસ્ટ ડ્રો થયા બાદ પાકિસ્તાને બીજી ટેસ્ટ જીતીને શ્રેણી પોતાના નામે કરી હતી.

પાકિસ્તાને આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ના વર્તમાન ચક્રમાં આ પહેલી ટેસ્ટ શ્રેણી જીતી છે. જો કે તેઓ પોઈન્ટ ટેબલમાં તો હજુ છેલ્લા સ્થાને જ છે.આ ઉપરાંત, પાકિસ્તાને બે વર્ષથી વધુ સમય પછી ટેસ્ટ શ્રેણી જીતવામાં સફળતા મેળવી છે. અબ્બાસ પ્લેયર ઓફ ધ સિરિઝ જાહેર થયો હતો.

સ્કોર : શ્રીલંકા પ્રથમ ઈનિંગ ૯૮ (કુસલ મેન્ડીસ ૩૨,અબ્બાસ, રઝાઉલ્લાહ અને જમાલની ત્રણ -ત્રણ વિકેટ) પાકિસ્તાન પ્રથમ ઈનિંગ ૩૨૫ (ઘોરી ૫૪,લાહીરુ કુમાર પાંચ વિકેટ) શ્રીલંકા બીજી ઈનિંગ ૩૧૬ (રથનાયકા ૬૬, કુસલ મેન્ડીસ ૫૪, અબ્બાસ અને જમાલ ૩-૩ વિકેટ) પાકિસ્તાન બીજી ઈનિંગ ૨ વિકેટે ૯૦ : (અવાઈસ ૩૨ અને જમાલ ૩૪ નોટ આઉટ)

ઉદ્યોગપતિઓની ભૂખનો કટાક્ષ પીએમની પોતાની કબૂલાત : કોંગ્રેસ

મોનોપોલી કોઈને પણ નોકરી આપતી નથી, ઉલટાની મોંઘવારી વધારે : રાહુલ

(પીટીઆઈ) શિકાગો/નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફિક્કીના શતાબ્દી કાર્યક્રમમાં મોટા ઉદ્યોગપતિઓની આકરી ઝાટકણી કાઢી હતી. આ મુદ્દે હવે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પીએમ મોદી પર જ નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, ઉદ્યોગપતિઓ પરના આરોપ યોગ્ય નથી, પરંતુ આ સરકારની કબૂલાત છે. દેશના મોટા સંશાધનો કેટલાક પસંદગીના ઉદ્યોગપતિઓને સોંપવામાં આવી રહ્યા છે, તેનાથી નાના વેપારીઓ માટે સ્પર્ધા કરવી મુશ્કેલ થઈ ગયું છે. રાહુલે આક્ષેપ કર્યો કે, મોનોપોલી ક્યારેય નોકરીઓ આપતી નથી. ઉલટાનું મોંઘવારી વધારે છે.

ઘૂંટણીયે પડી જનારા વડાપ્રધાન ક્યારેય ટ્રમ્પ, જનિપિંગ, પુતિન સાથે એક ટેબલ પર ના બેસી શકે : કોંગ્રેસ નેતાનો આક્ષેપ

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાલ અમેરિકાના પ્રવાસે છે ત્યારે ફિક્કીના શતાબ્દી કાર્યક્રમમાં પીએમ મોદીએ કોર્પોરેટ ટેક્સમાં રાહત મળવા છતાં દેશમાં નોકરીઓનું સર્જન નહીં કરવા, સ્વદેશી કાર્યક્રમને નહીં અપનાવવા તેમજ કૃષિ ક્ષેત્રમાં રોકાણ નહીં કરવા બદલ ઉદ્યોગપતિઓની ઝાટકણી કાઢી હતી. આ મુદ્દે રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પોસ્ટ કરી લખ્યું, સરકાર પોતે કબૂલે છે કે ટેક્સમાં રાહતનો ફાયદો કર્મચારીઓ સુધી પહોંચ્યો નથી તો જવાબદારી કોની?

તેમણે ઉમેર્યું કે, એરપોર્ટ, બંદરો, ખાણ, જંગલ, વીજળી, કોલસો અને રસ્તા જેવા સંશાધનો કેટલાક પસંદગીના ઉદ્યોગપતિઓના હાથમાં જઈ રહ્યા છે. તેમણે સવાલ કર્યો કે, આ કંપનીઓએ દેશમાં કેટલા લોકોને રોજગાર આપ્યો? આ સિવાય તેમણે નાના વેપારીઓ અને એમએસએમઈ ઉદ્યોગોની મુશ્કેલી મુદ્દો પણ ઉઠાવ્યો.

રાહુલે સોશિયલ મીડિયા પર લખ્યું, મોટી કંપનીઓ સાથે સ્પર્ધા કરનારી અન્ય કંપનીઓ માટે પણ કારોબારની તકો ઘટાડી દેવાઈ. મોનોપોલી નોકરી નથી આપતી, મોંઘવારી વધારે છે અને સ્પર્ધા ખતમ કરે છે. બજારમાં કેટલીક કંપનીઓનું પ્રભુત્વ વધે તો અન્ય કંપનીઓ માટે ટકવું મુશ્કેલ થઈ જાય છે. તેની અસર રોજગાર અને સામાન્ય લોકો પર પણ પડે છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ ચીનના શેનઝેનમાં ટ્રમ્પ, જિનપિંગ અને પુતિનની પહેલી ત્રિપક્ષીય બેઠક મુદ્દે પણ વડાપ્રધાન મોદી પર આકરા પ્રહાર કર્યા હતા. શેનઝેનની ત્રિપક્ષીય બેઠકનો ફોટો પોસ્ટ કરતા રાહુલે લખ્યું હતું કે, ઘૂંટણીયે પડી જનારા વડાપ્રધાન ક્યારેય આ ટેબલ પર આ નેતાઓ સાથે બેસી શકે નહીં. દેશમાં કોંગ્રેસ સત્તા પર હોત તો ભારતના વડાપ્રધાન ડોનાલ્ડ ટ્રમ્પ, શી જિનપિંગ અને વ્લાદિમિર પુતિન સાથે ટેબલ પર બેઠા હોત.

કેનેડાના વિનિપેગમાં થયેલી હત્યામાં ગોલ્ડી મુખ્ય આરોપી

લોરેન્સ બિશ્નોઈનો વિશ્વાસુ ગોલ્ડી બરાર અમેરિકા બાદ કેનેડામાં પણ મોસ્ટ વોન્ટેડ

નવી દિલ્હી, તા. ૨૦

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો વિશ્વાસુ સાગરિત ગણાતો ૩૨ વર્ષનો ગોલ્ડી બરાર હવે કેનેડામાં દોઢ કરોડનો ઈનામી આરોપી જાહેર થયો છે. અમેરિકા અને ભારતે અગાઉ ગોલ્ડી બરારના માથા સાટે ઈનામ જાહેર કર્યું હતું. ગોલ્ડી ૨૦૧૭થી કેનેડામાં છુપાયો હોવાની શક્યતા છે. કેનેડાની સરકારે તેના પર ઈનામ જાહેર કર્યું હોવાથી તેને પકડવાનું આસાન બનશે એવી ધારણા છે. કેનેડાએ ગોલ્ડી ઉપરાંત બીજા બે આરોપીઓને પણ મોસ્ટ વોન્ટેડ જાહેર કર્યા છે.

ગોલ્ડીના માથા સાટે અમેરિકાએ રૂ. એક કરોડ જાહેર કર્યા હતાં, હવે કેનેડાએ દોઢ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું

લોરેન્સ બિશ્નોઈની ગેંગ સાથે જોડાયેલો અને બિશ્નોઈનો વિશ્વાસુ ગણાતો ગોલ્ડી બરાર ભારત અને અમેરિકામાં મોસ્ટ વોન્ટેડની યાદીમાં છે. હવે કેનેડાએ પણ તેને મોસ્ટ વોન્ટેડ જાહેર કરવાની સાથે સાથે ભારતના રૂપિયાની ગણતરી પ્રમાણે દોઢ કરોડ રૂપિયાના ઈનામની જાહેરાત કરી છે. જે કોઈ ગોલ્ડી બરારની જાણકારી પોલીસને આપશે તેને આ ઈનામ મળશે. ગોલ્ડી સામે કેનેડાના વિનિપેગમાં ૩૯ વર્ષના સુખદૂલ સિંહ ગિલની હત્યાનો આરોપ છે.

ગોલ્ડી ઉપરાંત કેનેડાની પોલીસે પેડરામ રાબી અને મનપ્રીત સિંહ નામના બે આરોપીને પણ વોન્ટેડ જાહેર કર્યા છે.

અગાઉ સપ્ટેમ્બર મહિનામાં જ અમેરિકાની એજન્સી એફબીઆઈએ ગોલ્ડી બરારને મોસ્ટ વોન્ટેડ જાહેર કર્યો હતો અને તેના પર એક કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

એફબીઆઈએ કહ્યું હતું કે ૩૨ વર્ષનો સતિન્દર જીત સિંહ ઉર્ફે ગોલ્ડી એજન્સીનો ૫૪૩મો વોન્ટેડ છે. અમેરિકામાં ગોલ્ડી પર ખંડણી વસૂલવી, લૂંટ, વેપારમાં અવરોધ ખડો કરવો જેવા આરોપો છે.

પ્યૂ રિસર્ચ સેન્ટરનો વસતી વિસ્ફોટનો દાવો

ભારતમાં હિન્દુ કરતા મુસ્લિમોની સંખ્યા ઝડપથી વધી રહી છે

નવી દિલ્હી, તા. ૨૦

ભારતમાં પણ મુસ્લિમોની વસતી બહુ જ ઝડપથી વધી રહી છે, પ્યૂ રિસર્ચ સેન્ટરના રિપોર્ટ મુજબ ભારતમાં હિન્દુઓ અને મુસ્લિમોની સંખ્યા વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે. વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારત વિશ્વનો સૌથી વધુ મુસ્લિમ વસતી ધરાવતો દેશ બની જશે.

૨૦૭૦માં મુસ્લિમ વસતી ૧૫ ટકાથી વધી ૨૦ ટકાએ પહોંચશે, યુવાનો વધુ હોવાથી સંખ્યા વધશે

જ્યારે મુસ્લિમ બહુમતવાળા દેશોમાં પાકિસ્તાન મુસ્લિમ વસતીને લઈને ટોચના સ્થાને પહોંચી જશે, ઈન્ડોનેશિયા બીજા ક્રમે રહેશે. ભારતની કુલ વસતીમાં હાલ મુસ્લિમોનો હિસ્સો ૧૫ ટકા છે જે ૨૦૭૦માં વધીને ૨૦ ટકા થઈ જશે. જોકે તેમ છતા ભારતમાં ૭૫ ટકા વસતી હિન્દુઓની જ રહેશે. તે બાદ પણ હિન્દુઓની સરખામણીએ મુસ્લિમોની વસતી ઝડપથી વધશે.

મુસ્લિમોમાં ઝડપથી વસતી વધારાનું કારણ યુવા વયની વસતી છે, વર્ષ ૨૦૨૦માં ભારતીય મુસ્લિમોની સરેરાશ વય ૨૪ વર્ષ હતી. જ્યારે હિન્દુઓમાં સરેરાશ વય ૨૯ વર્ષની હતી. યુવાનોમાં બાળકો વધુ પેદા થતા હોવાને કારણે મુસ્લિમોમાં વસતી વધવાની છે. ભારતની વસતીમાં ૭૯ ટકા હિન્દુઓ છે જે ૨૦૭૦ સુધીમાં સામાન્ય ઘટાડા સાથે ૭૬ ટકા પહોંચી જશે. આ સમગ્ર રિપોર્ટ તૈયાર કરવા માટે ૨૦૧ દેશોને સામેલ કરાયા છે સાથે સાત મુખ્ય ધર્મોના લોકોનો પણ સમાવેશ કરાયો છે. વર્ષ ૧૯૫૧માં ભારતમાં હિન્દુની વસતી ૮૪.૧ ટકા જ્યારે મુસ્લિમોની વસતી ૯.૮ ટકા હતી, બાદમાં ૨૦૧૧માં હિન્દુઓની સંખ્યા ૭૯.૮ ટકા હતી જ્યારે મુસ્લિમોની ૧૪.૨ ટકા નોંધાઈ હતી. હવે ૨૦૭૦માં હિન્દુઓની સંખ્યા ૭૫.૮ ટકા જ્યારે મુસ્લિમોની ૧૯.૬ ટકાએ પહોંચી જશે.

હેલોવીન ઉજવણીમાં પડોશીઓની બબાલનો કરુણ અંજામ

અમેરિકામાં દસ વર્ષના બાળકે ગોળી મારી તરુણીની હત્યા કરી

નવી દિલ્હી, તા.૨૦

અમેરિકાના ન્યુ મેક્સિકો રાજ્યના અલ્બુકર્કમાં હેલોવીનના દિવસે પડોશીઓ વચ્ચે થયેલા ઝઘડાએ ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતું. અવાજના વિવાદમાં શરૂ થયેલી બોલાચાલી અને મારામારી દરમ્યાન ૪૦ વર્ષીય એલેઈના ગોમેઝ-વિલેડાની વિનંતીથી તેના દસ વર્ષના પુત્રએ ઘરમાંથી પિસ્તોલ લાવી બે ગોળી ચલાવી હતી, જેમાં સોળ વર્ષીય કેઈનરલિન પ્લાઝા રંગેલનું મોત થયું હતું.

માતા સામે હત્યાનો ગુનો નોંધાયો, બાળક સામે કાનૂની કાર્યવાહી ન કરાતા બાળસંરક્ષણ વિભાગને સોંપાયો

પોલીસ દ્વારા જાહેર કરાયેલા ઘરના સીસીટીવી વીડિયોમાં બંને મહિલાઓ એકબીજાને મારતી અને વાળ ખેંચતી જોવા મળે છે. આ દરમ્યાન એલેઈનાએ પોતાના



પુત્રને બંદૂક લાવવા કહ્યું હતું. બાળકે બંદૂક લાવી બંને મહિલાઓ તરફ તાકી ગોળીબાર કર્યો હતો. ગોળી રંગેલના માથામાં વાગતા તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. દીકરીના મોતના સમાચાર મળતા તેના પિતા કેઈનર પ્લાઝા ગુસ્સામાં પડોશીના ઘરે પહોંચ્યા હતા. ત્યાર પછી એલેઈનાએ તેની તરફ પણ બંદૂકથી ગોળી ચલાવી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે એલેઈનાના હાથમાં બંદૂક હતી. પોલીસે તેના પર બે ગોળી ચલાવી હતી, પરંતુ તે વાગી નહોતી.

આ કેસમાં એલેઈના સામે શરૂઆતમાં પ્રથમ ડિગ્રી હત્યાનો આરોપ મુકાયો હતો, જેને પછીથી ગ્રાન્ડ જ્યુરીએ ઘટાડીને બીજી ડિગ્રી હત્યાનો કર્યો. બાળક સામે હાલમાં કોઈ ગુનો નોંધાયો નથી અને તેને બાળસંરક્ષણ વિભાગને સોંપાયો છે. તેની વયને કારણે કાનૂની કાર્યવાહી નથી કરાઈ. માતા સામે બાળકને બંદૂકની પહોંચમાં રાખવાનો આરોપ પણ છે.

પાંચ લાખે એક જોવા મળતો હોય તેવો કેસ

૩૦ દિવસના બાળકના પેટમાં વિકસતુ ભ્રૂણ દૂર કરવામાં આવ્યું

ઈન્દોર,તા.૨૦

મધ્યપ્રદેશના ઈન્દોરમાં ફક્ત ૩૦ દિવસના નવજાત બાળકના પેટમાં એક ભ્રૂણ વિકસી રહ્યુ હતુ. તેને ઓપરેશન કરીને દૂર કરવામાં આવ્યું હતું. આમ બાળકની અંદર બાળક હતુ. મેડિકલ સાયન્સમાં દુર્લભ કહી શકાય તેવી આ સ્થિતિને ફીટ્સ-ઈન-ફીટુ કહેવાય છે. આ દુર્લભ કહી શકાય તેવી જન્મજાત સ્થિતિ હતી. ૩૦ દિવસના બાળકના શરીરની અંદર વિકસી રહેલા ભ્રૂણનો પણ વિકાસ થઈ રહ્યો હતો. તેનું વજન અડધા કિલોનું થઈ ગયુ હતુ. આ ભ્રૂણમાં હાથ-પગથી લઈ જનનાંગ અને કમરના હાડકા સુધીનો હિસ્સો વિકસિત થઈ ચૂક્યો હતો. ડોક્ટરોએ ચાર કલાકની જટિલ સર્જરી પછી આ ભ્રૂણને બાળકના શરીરમાંથી દૂર કર્યુ.

આ કિસ્સો ઈન્દોર નિવાસી કુણાલ વર્મા અને દીપમાલાના પુત્ર અયાંશનો છે. અયાંશના જન્મ પહેલા જ ગર્ભાવસ્થાના આઠમા મહિનામાં ડોક્ટરોને તેના શરીરની અંદરની અસામાન્ય સ્થિતિની ખબર પડી ગઈ હતી. તેથી તેના જન્મ પછી તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અહીં નિષ્ણાત ડોક્ટરોની ટીમે તેની તપાસ કરી અને સ્થિતિની ગંભીરતા જોતા ૩૦ વર્ષના બાળકનું ઓપરશન કરવાનો નિર્ણય લેવાયો.



આ તસવીર પટણા રેલ્વે સ્ટેશનની છે. અહીંથી ત્યાંની ટ્રેન શરૂ થઈ. એવા અનેક સમાચાર મળતા હોય છે. પરંતુ, મુસાફરોની સ્થિતિ આજે પણ ચિંતાજનક છે. એક વસ્તુ તો પાક્કી છે કે, બિહારના પટણાથી દેશના દરેક ભાગોમાં લોકો પહોંચતા હોય છે. અને તેમની સંખ્યા છઠ પૂજાની ઉજવણી બાદ વધતી હોય છે. તેમને માટે સુવિધાઓ નામ પૂરતી જ હોય છે. ટ્રેનોની સંખ્યા તો વધારવામાં આવી પરંતુ, બિહારથી નીકળતી મોટાભાગની ટ્રેનો ખીચોખીચ ભરેલી જોવા મળી હતી.

જર્મન માતાને બાળકની કસ્ટડી સોંપાઈ, ભારતીય પિતા નિરાશ

લિવ-ઈન સંબંધોમાં જન્મેલા બાળક પર માતાનો પ્રથમ અધિકાર : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૨૦

લગ્ન કર્યા વગર સાથે રહેતા કપલ વચ્ચે બાળકનો જન્મ થાય અને બાદમાં કપલ અલગ થઈ જાય તો બાળકની કસ્ટડી પર કોનો અધિકાર તેને લઈને સુપ્રીમે ચુકાદો આપ્યો હતો. સુપ્રીમે એવી સ્પષ્ટતા કરી હતી કે લિવ-ઈન સંબંધોમાં જન્મેલા બાળક પર પ્રથમ દ્રષ્ટીએ માતાનો અધિકાર હોય છે. જ્યારે અન્ય એક મામલામાં કહ્યું હતું કે મહિલાના બીજા લગ્નમાં જન્મેલ બાળકને માતાની પ્રથમ લગ્નમાં મળેલી સંપત્તિ પર અધિકાર હોય છે.

બીજા લગ્નથી જન્મેલા બાળકને પણ માતાની સંપત્તિમાં હક જોકે સંપૂર્ણ માલિકી માતા પાસે હોવી જોઈએ તેવી સુપ્રીમની સ્પષ્ટતા

જર્મનીની મહિલા અને ભારતીય પુરુષ બન્ને ચાર વર્ષ સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહ્યા હતા. આ દરમિયાન એક બાળકનો જન્મ થયો હતો. મહિલા બાદમાં વિદેશ જતી રહી હતી અને બાળક પિતાની પાસે રહી ગયું હતું. મહિલાએ બાદમાં બાળકની કસ્ટડીની માગણી કરતી અરજી ફેમેલી કોર્ટમાં કરી હતી. સાથે જ હાઈકોર્ટમાં હેબિઅસ કોર્પસ અરજી કરી હતી. જ્યારે પિતાએ બાળકની કાયમી કસ્ટડી માટે પશ્ચિમ બંગાળમાં અરજી કરી હતી.

બાળક પર સામસામે દાવા બાદમાં સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા.માતાએ બાળકને પોતાની સાથે સિંગાપોર લઈ જવા માટે કસ્ટડીની માગ કરી હતી. જેનો પિતા દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે અંતે સુપ્રીમ કોર્ટે હાલ પુરતા બાળકને માતાને સોંપ્યું હતું. સુપ્રીમે એવી સ્પષ્ટતા પણ કરી હતી કે લગ્ન વગરના માતા પિતા વચ્ચે જન્મેલ બાળક પર પ્રથમ દ્રષ્ટીએ માતાનો અધિકાર મજબૂત હોય છે. ભારતીય ન્યાયિક દ્રષ્ટિકોણ અને આંતરરાષ્ટ્રીય કાયદાકીય સિદ્ધાંતોમાં પણ નાના બાળકની કસ્ટડી માતાને સોંપવાને પ્રાથમિકતા આપવામાં આવી છે.

આ સાથે જ સુપ્રીમ કોર્ટે પરિવારની સંપત્તિના મામલામાં એક ચુકાદો આપ્યો છે અને સ્પષ્ટતા કરી છે કે હિન્દુ મહિલા બીજા લગ્ન કરે અને બાળકનો જન્મ થાય તો મહિલાને પ્રથમ લગ્નમાં પતિ કે પરિવાર પાસેથી જે સંપત્તિ મળી હોય તેના પર જન્મેલા આ બાળકનો અધિકાર ગણાય. જોકે સંપત્તિ પર મહિલાની સંપૂર્ણ માલિકી હોવી જરૂરી છે. દિલ્હીમાં ખેતીની જમીન મુદ્દે વિવાદ સુપ્રીમ પહોંચ્યો હતો. સુપ્રીમે મહિલાના બીજા લગ્નથી જન્મેલા બાળકની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

ઘરેથી નાણા મળવાના કેસમાં પૂર્વ જજનો બચાવ

મેં રાજીનામું આપી દીધું હોવાથી મહાભિયોગ અશક્ય : જસ્ટિસ વર્મા

નવી દિલ્હી, તા. ૨૦

ઘરેથી લાખો રૂપિયા મળવાના મામલામાં આરોપોથી ઘેરાયેલા હાઇકોર્ટના પૂર્વ જજ યશવંત વર્માએ દાવો કર્યો છે કે મે રાજીનામુ આપી દીધુ છે, માટે મને હટાવવાની જે પ્રક્રિયા લોકસભામાં ચાલી રહી છે તે શરૂ ના રાખી શકાય. લોકસભાના જનરલ સેક્રેટરીને લખેલા પત્રમાં જસ્ટિસ વર્માએ આ દાવો કર્યો છે.

પોતાના પત્રમાં જસ્ટિસ વર્માએ વધુમાં દાવો કર્યો છે કે મારા ઘરેથી બળેલી અવસ્થામાં નાણા મળવા મુદ્દે હું સંપૂર્ણ રીતે નિર્દોષ છું. મે ૯ એપ્રીલના રોજ જજના પદ પરથી રાજીનામુ આપી દીધુ છે. મારી સામે મહાભિયોગની પ્રક્રિયાને શરૂ ના રાખી શકાય. લોકસભામાં જસ્ટિસ વર્મા સામે મહાભિયોગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ મામલે તેમને લોકસભાના કાર્યાલય તરફથી પત્ર મોકલવામાં આવ્યો હતો.

લોકસભા અધ્યક્ષ દ્વારા ગઠીત કમિટીના રિપોર્ટ અંગે ટિપ્પણી કરવાની ના પાડતા જસ્ટિસ વર્માએ પોતાના બચાવમાં કહ્યું હતું કે મારો આ પત્ર છે તે બન્ને ગૃહના સભ્યો સુધી પહોંચાડવામાં આવે.

બંધારણના આર્ટિકલ ૨૧૭(૧)એ તેમજ સુપ્રીમના પોતાના ચુકાદા મુજબ હાઈકોર્ટના જજનું રાજીનામુ રાષ્ટ્રપતિ દ્વારા સ્વીકારવું જરૂરી નથી. મારા રાજીનામા બાદ હવે મારી સામે મહાભિયોગની પ્રક્રિયાને શરૂ ના રાખી શકાય.

ઉત્તર પશ્ચિમ રેલવે

રજિસ્ટ્રી સં.ડી.એલ- 33004/99 REGD No. DL- 33004/99

ભારત का राजपत्र
The Gazette of India

સી.જી- આર.જે.-અ 12112026-277851
CG-RJ-E-12112026-277851
અસાધારણ
EXTRAORDINARY
ભાગ- II - વિભાગ- 3 પેટા- વિભાગ (ii)
PART II- Section-3 Sub- Section (ii)
સત્તાધારી દ્વારા પ્રકાશિત
PUBLISHED BY AUTHORITY

સં. 5849 નવી દિલ્હી, શુક્રવાર, નવેમ્બર 6, 2026 /કારતક 15, 1948
No. 5849 NEW DELHI, NOVEMBER 6, 2026/KARTIKA 15, 1948

રેલવે મંત્રાલય
[ઉત્તર પશ્ચિમ રેલવે (નિર્માણ સંસ્થા)]
અધિસૂચના
જયપુર, 6 નવેમ્બર, 2026

કા.આ. 6082 (અ) કેન્દ્ર સરકારના રેલવે અધિનિયમ, 1989 (1989 નો 24) અને રેલવે (સુધારો) અધિનિયમ- 2008 (2008 નો 11) (જેને હવે પછી ઉપરોક્ત અધિનિયમ કહેવાયો છે)ની કલમ 20 ક ના વિભાગ (1) દ્વારા ફાળવેલ સત્તાનો ઉપયોગ કરીને આ સમાધાન થયા બાદ જાહેર હિત માટે, ઉપરોક્ત જમીન જેનું ટૂંકુ વર્ણન આ ઉપલબ્ધ સમયપત્રકમાં આપ્યું છે. ગુજરાત રાજ્યના સાબરકાંઠા જિલ્લામાં વિશેષ રેલવે પ્રોજેક્ટ એટલે ''તરંગા હિલ- અંબાજી- આબુ રોડ નવી મોટી રેલવે લાઇન (વિશેષ રેલવે પ્રોજેક્ટ)ના અમલીકરણ, જાળવણી, સંચાલન અને ઓપરેશન માટે અપેક્ષિત છે. તેવી જમીનનું સંપાદન કરવાના આશયની ઘોષણા કરે છે. ઉપરોક્ત જમીનમાં હિતધારક કોઈ વ્યક્તિ, ગેઝેટમાં આ અધિસૂચનાની પ્રસિદ્ધિની તારીખથી 30 (ત્રીસ) દિવસના સમયગાળામાં ઉપરોક્ત અધિનિયમની કલમ 20 ઘ ની પેટા કલમ (1) ને આધીન અગાઉના આયોજન માટે એવી જમીનના સંપાદન અને ઉપયોગના સંબંધમાં વાંધા લઈ શકે છે.

દરેક એવા વાંધા સક્ષમ અધિકારી એટલે પેટાવિભાગ- અધિકારી ખેડબ્રહ્મા- જિલ્લો- સાબરકાંઠા, ગુજરાતને લેખિતમાં કરવામાં આવશે અને જેમાં તેના આધાર ઉપર વર્ણવેલ કરશે અને સક્ષમ અધિકારી વાંધા લેનારને વ્યક્તિગત રૂપે અથવા વકીલ દ્વારા સુનાવણીની તક આપશે અને તમામ એવા વાંધાઓની સુનાવણી કરવા તથા તે અંગે તપાસ કર્યા બાદ જો યોગ્ય જણાશે જેને સક્ષમ અધિકારી જરૂરી સમજશે, આદેશ દ્વારા, અથવા તો વાંધાને માન્ય અથવા અમાન્ય કરી શકશે. ઉપરોક્ત અધિનિયમની કલમ 20 ઘ ની પેટા કલમ (2) ને આધીન સક્ષમ અધિકારી દ્વારા કરવામાં આવેલ કોઈ પણ આદેશ અંતિમ હશે.

આ અધિસૂચના આધીન આવનાર જમીનના નકશા અને જમીનનું અન્ય વર્ણન ઉપલબ્ધ છે અને હિતધારક વ્યક્તિ દ્વારા સક્ષમ અધિકારીના ઉપરોક્ત કાર્યાલયમાં તેનું નિરીક્ષણ કરી શકાય છે.

અનુસૂચિ

ભારતીય રેલની વિશેષ રેલવે પ્રોજેક્ટ તરંગા હિલ આબૂ રોડની વચ્ચે નવી મોટી લાઈન ગુજરાત રાજ્ય માટે- અંબાજી નકશા સહિત અથવા નકશા રહિત સંપાદન થનાર જમીનનું ટૂંકુ વર્ણન

સં.	જિલ્લો	તાલુકો	ગામ	નવો સર્વે નંબર	જૂનો સર્વે નંબર	જમીનનો પ્રકાર	જમીનની પ્રકૃતિ	ક્ષેત્રફળ (વર્ગમીટર)
1	સાબરકાંઠા	પોશિના	આંબામહુડા	154	115	વ્યક્તિગત	કૃષિ	1200.7242
સંપાદિત થનાર જમીનનું કુલ ક્ષેત્રફળ (વર્ગ મીટર)								1200.7242
સંપાદિત થનાર જમીનનું કુલ ક્ષેત્રફળ (હેક્ટર)								0.12007242

(ફા. સં. ઉપરે/ એસ એન્ડ સી / હેડક્વાર્ટર / 443599200 ભાગ-૨૬)
વિવેક સક્સેના. મુખ્ય વહિવટી અધિકારી / નિર્માણ

1660-DO/26

SME
Hospital Senior Accountant
SAL HOSPITAL & MEDICAL INSTITUTE
Position | Qualification
Security Staff
Housekeeping Supervisor
Housekeeping Staff
Patient Care Attendant
X-ray Technician
Staff Nurse
Electrician

પાકીઝા ના પીળાપડ્યા કરાવો
91067 16757

Gandhinagar Railway and Urban Development Corporation Limited (GARUDC)
Gandhinagar Railway and Urban Development Corporation (GARUDC), invites Tender for Selection of Agency for Supply, Installation, Testing and Commissioning of Pigeon Net at Mahatma Mandir Convention and Exhibition Centre, Gandhinagar.
Bidders are requested to visit https://tender.nprocure.com (Tender) for eligibility criteria, downloading the tender document and more details. The last date of submission of tender will be 28.11.2026 upto 1500 Hrs.
Managing Director
GARUDC
Date : 21.11.2026 Email : garud.gandhinagar@gmail.com

ગુજરાત સમાચાર APPOINTMENTS

AB Jewels
જોઈએ છે
Avyanna Realty
Senior Accountant
Senior Sales Manager
Project Manager
Minimum 10 yrs Experience Required
97248 18282

દેશ-દુનિયા

એન્થ્રોપિકનો વિશ્વવિક્રમી IPO : સાતેય ફાઉન્ડર્સ માલામાલ



એઆઈ સેક્ટરની ટોપ કંપની એન્થ્રોપિકના શેરબજારમાં પ્રવેશથી તેના સાતેય ફાઉન્ડર્સની સંપત્તિમાં જંગી વધારો થયો છે. વિશ્વના સૌથી મોટા આઈપીઓ માટે પ્રતિ શેર ૮૩ ડોલરનો ભાવ નક્કી કરવામાં આવ્યો હતો. આઈપીઓના દસ્તાવેજો અનુસાર સાતેય ફાઉન્ડર્સ ૩૩.૭૮ લાખ શેર વેચવાની યોજના ધરાવે છે. આ પ્રમાણે દરેકને આશરે ૨૮૦.૪ મિલિયન ડોલરની રોકડ રકમ મળશે. ફાઉન્ડર્સને મળનારી કુલ રકમ લગભગ ૧.૯૬ અબજ ડોલર થશે. શેર વેચ્યા પછી પણ દરેક ફાઉન્ડર પાસે અંદાજે ૨૩.૭ કરોડથી ૨૪.૧ કરોડ શેર રહેશે. આઈપીઓના ૮૩ ડોલરના ભાવે આ બાકી શેરની કિંમત દરેક માટે લગભગ ૧૯.૭ અબજ ડોલરથી ૨૦ અબજ ડોલર થાય છે. શેરના ભાવમાં વધઘટ થતાં આ મૂલ્ય પણ બદલાશે. ફાઉન્ડર્સ વિશે : એન્થ્રોપિકના સાત ફાઉન્ડર્સમાં સીઈઓ ડારિયો અમોડેઈ, તેમની બહેન અને કંપનીનાં પ્રેસિડેન્ટ ડેનિએલા અમોડેઈ, ટોમ બ્રાઉન, જેક ક્લાર્ક, જરેડ કેપ્લાન, સેમ મેકકેન્ડલિશ અને ક્રિસ ઓલાહનો સમાવેશ થાય છે. રસપ્રદ વાત એ છે કે આ તમામે ૨૦૨૧માં એન્થ્રોપિકની સ્થાપના કરતાં પહેલાં ઓપનએઆઈમાં કામ કર્યું હતું. દરેકનો અલગ રોલ : ડારિયો કંપનીના સીઈઓ છે, ડેનિએલા પ્રેસિડેન્ટ અને બોર્ડ ચેર છે. ટોમ બ્રાઉન એઆઈ માટે જરૂરી કમ્પ્યુટિંગ ક્ષમતાનું સંચાલન કરે છે. જેર્ડ કેપ્લાન રિસર્ચ સંભાળે છે. જેક ક્લાર્ક એઆઈની સામાજિક અસરો પર કામ કરે છે. સેમ મેકકેન્ડલિશ મોટા એઆઈ મોડલની ટ્રેનિંગ અને ટેકનિકલ સિસ્ટમ સંભાળે છે. ક્રિસ ઓલાહ એઆઈ મોડલ અંદરથી કેવી રીતે કામ કરે છે તેની રિસર્ચ સાથે જોડાયેલા છે. કંપનીએ બેન મેનને કો-ફાઉન્ડરનો દરજ્જો આપ્યો છે.

દરેક ફાઉન્ડરને શેર વેચાણથી ૨૮૦.૪ મિલિયન ડોલર રોકડ અને કુલ ૧.૯૬ બિલિયન ડોલર મળશે

૨૦૨૧માં એન્થ્રોપિકની સ્થાપના પહેલા સાતેય ફાઉન્ડર્સ ચેટજીપીટી માટે ઓપનએઆઈમાં કામ કરતા હતા

સુભાષ ઘઈ ૫૦ વર્ષની સંગીતમય સફર રજૂ કરશે

બે વર્ષના વિરામ બાદ અલકા યાજ્ઞિક સ્ટેજ પર પરત ફરશે

મુંબઈ, તા. ૨૦

હિન્દી ફિલ્મ જગતમાં પોતાની ૫૦ વર્ષની સંગીતમય સફર રજૂ કરવા માટે સુભાષ ઘઈ મુંબઈમાં બીકેસી ખાતે ૧૧ ડિસેમ્બરે એક જલસો યોજી રહ્યા છે. ૭૦ જણાંના ઓર્કેસ્ટ્રા દ્વારા રજૂ થનારા આ સંગીતમય કાર્યક્રમમાં ગાયિકા અલકા યાજ્ઞિક હાજર રહેશે. વાઈરલ ચેપને કારણે આવેલી બહેરાશ સામે લડી રહેલી ગાયિકા અલકા યાજ્ઞિક હજી સંપૂર્ણપણે સાજી થઈ નથી. તે જાહેરમાં દેખા દેતી નથી પણ આ કાર્યક્રમનું આમંત્રણ આપવા સુભાષ ઘઈ જાતે અલકા યાજ્ઞિકના ઘરે ગયા ત્યારે તે તેમને ના પાડી શકી નહોતી. અલકા યાજ્ઞિકે સુભાષ ઘઈની ફિલ્મો ‘ખલનાયક’, ‘તાલ’, ‘પરદેશ’, ‘યાદેં’ અને અન્ય ઘણી ફિલ્મોમાં ગીતો ગાયાં છે. અલકા યાજ્ઞિકનો સ્વર માધુરી દિક્ષિતને બેસતો હોઈ ઘઈની ફિલ્મોમાં તેના પર ફિલ્માવવામાં આવેલાં ગીતો તેણે ગાયેલાં છે.



બે વર્ષથી વાઈરલ ચેપને કારણે આવેલી બહેરાશ બાદ ગાવાનું બંધ કર્યું હતું : હજુ સંપૂર્ણ સ્વસ્થ નહીં

પૂતળીબાઈની ભૂમિકામાં વહીદા રહેમાન

મનોજ બાજપેયીની ગાંધીજી પરની ફિલ્મનું શૂટિંગ પૂર્ણ

મુંબઈ, તા. ૨૦

મનોજ બાજપેયીને ગાંધીજી તરીકે અને તેમની માતા પૂતળીબાઈની ભૂમિકામાં વહીદા રહેમાનને રજૂ કરતી ફિલ્મનું શૂટિંગ નિર્દેશક સુધીર મિશ્રાએ આટોપી લીધું છે.

આ ફિલ્મનું નિર્માણ અનુભવ સિંહાએ કર્યું છે.

ફિલ્મનું કામચલાઉ નામ ‘ગાંધી એન્ડ માય મધર’ રખાયું છે.

સુધીર મિશ્રાએ તેમની આ ફિલ્મની કથાનો સાર જણાવતાં કહ્યું હતું કે જ્યારે દેશ આઝાદ થયો અને દિલ્હી સત્તાનું કેન્દ્ર બન્યું ત્યારે ગાંધીજી દિલ્હીથી દૂર જતાં રહ્યા હતા. આ ૨૧ દિવસોમાં તેમના મનમાં શું ગડમથલ ચાલી હતી તે આ ફિલ્મનો વિષય છે. દૂર જઈ ગાંધીજીએ પીછેહઠ કરી નહોતી પણ પોતાની ફરી જાતતપાસ કરી હતી.



આઝાદી બાદ ગાંધીજી દિલ્હી છોડી ગયા તે ૨૧ દિવસોની ગડમથલની કથા ફિલ્મમાં રજૂ કરાશે

ફેમિલી મેનના સેટ પર બનેલી જોડીનાં ફેમિલીનો વિસ્તાર

સામન્થા રુથ પ્રભુ પુત્રની માતા બની: દેવ નામ આપ્યું

મુંબઈ, તા. ૨૦

સામન્થા રૂથ પ્રભૂ અને રાજ નિધિમોરુંના ઘરે પારણું બંધાયું છે. એક સોશ્યલ મિડિયા પોસ્ટ દ્વારા સામંથા અને રાજે તેમના ઘેર ગુરૂવારે પુત્ર દેવનો જન્મ થયાના સમાચાર આપ્યા હતા.

આ સોશિયલ મીડિયા પોસ્ટ તરત જ વાયરલ થઈ હતી. ત્રિશા કૃષ્ણન તથા રકૂલ પ્રીત સિંહ, નિમરત કૌર સહિત બોલિવુડ તથા સાઉથની અનેક સેલિબ્રિટીઓ તથા હજારો ચાહકોએ આ યુગલ પર અભિનંદનની વર્ષા કરી હતી.

રાજ અને સામંથા પહેલીવાર



વેબ સીરિઝ ‘ફેમિલીમેન ટુમાં કામ કરતી વખતે સેટ પર મળ્યા હતા. તેમના વ્યવસાયી સંબંધો પ્રેમમાં પરિણમતા બંને જણાંએ પહેલી ડિસેમ્બર ૨૦૨૫માં નજીકના મિત્રો અને પરિવારજનોની હાજરીમાં લગ્ન કરી લીધાં હતા.કોઈમ્બતૂરમાં ઈશા યોગ સેન્ટર ખાતે આ લગ્ન શ્રીવિદ્યા પરંપરાથી કરવામાં આવ્યા હતા. પુત્ર દેવના જન્મ પૂર્વે દંપતીએ પરંપરાગત સિમંત પ્રસંગની બંને પરિવારોના સભ્યોની હાજરીમાં ઉજવણી કરી હતી.

ત્રિશા કૃષ્ણન, રકૂલ પ્રીત સહિત બોલિવુડ અને સાઉથની સેલિબ્રિટીઓ ઉપરાંત હજારો ચાહકો દ્વારા અભિનંદન

મિર્ઝાપુર: ધ મૂવીના બિરજુ લોહારની કિસ્મત ચમકી

એક્શન ફિલ્મ વજમાં ટાઈગર શ્રોફ સામે મોહિત મલિકની વિલન તરીકે પસંદગી

મુંબઈ, તા. ૨૦

‘મિર્ઝાપુર: ધ મૂવી’માં બિરજુ લોહારની નેગેટિવ ભૂમિકા કરનાર મોહિત મલિકની કિસ્મત ચમકી ઉઠતાં હવે તેની પસંદગી વજ ફિલ્મમાં વિલન તરીકે કરવામાં આવી છે. આ ફિલ્મના હિરો ટાઈગર શ્રોફની સાથે મોહિત મલિકની આ પહેલી ફિલ્મ છે.

રામ માધવાની નિર્દેશિત આ એક્શન ફિલ્મનું શૂટિંગ જાપાનમાં કરવામાં આવશે.

૪૨ વર્ષના મોહિત મલિકે ટીવી પરથી ફિલ્મોમાં એન્ટ્રી મારી છે. ‘કુલ્ફીકુમાર બાજેવાલા’ અને ‘ડોલી અરમાનો કી’ ટીવી સિરિઝોમાં કામ કરી ચૂકેલાં મોહિત મલિકને ૨૦૨૫માં અજય દેવગનની ‘આઝાદ’માં પણ કામ કરવાની તક મળી હતી. ‘મિર્ઝાપુર: ધ મૂવી’માં તેની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહી હતી.



રામ માધવાની નિર્દેશિત આ એક્શન ફિલ્મનું શૂટિંગ જાપાનમાં કરવામાં આવશે

મહાસત્તાઓના મહામંથનમાં ટ્રમ્પને કંઈ મળ્યું નહીં, પુતિને કંઈ ગુમાવ્યું નહીં અને જિનપિંગ મોટાભા સાબિત થયા

શેનઝેન સમિટ : જિનપિંગની જીત, પુતિનનું સ્મિત, ટ્રમ્પની ટ્રેજેડી

વિશ્વના રાજકીય ફલક પર ફરી એકવાર ‘યાલ્ટા’નું ભૂત ધૂણવા લાગ્યું હતું. જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનના શેનઝેન ખાતે ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરવા બેઠા હતા ત્યારે બ્રસેલ્સ અને કિવથી લઈને ટોક્યો અને તાઈપેઈ સુધી ચિંતાના ઘંટ વાગી રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય સ્તરે એક એવો ભય ફેલાયો છે કે આ ત્રણ શક્તિશાળી નેતાઓ મળીને ‘યાલ્ટા ૨.૦’ ની તૈયારી કરી રહ્યા છે, જેનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વને પોતપોતાના પ્રભાવ ક્ષેત્રોમાં વહેંચી દેવાનો છે, અને આ સોદાબાજીમાં નાના દેશોને માત્ર સોગઠા તરીકે ઉપયોગમાં લેવામાં આવશે. આ બેઠકમાં કશું જ થયું નહીં.

> સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, શેનઝેન એ યાલ્ટા નથી. ઊલટાનું, તે યાલ્ટાથી બિલકુલ વિપરીત પરિસ્થિતિનું પ્રતિનિધિત્વ કરે છે. યાલ્ટામાં ત્રણ વિજેતા મહાસત્તાઓ વિશ્વના ભાગલા પાડી રહી હતી, જ્યારે શેનઝેનમાં ત્રણ અત્યંત અસુરક્ષિત સત્તાઓ પોતાના ઘટતા જતા પ્રભાવને બચાવવા અને શક્ય હોય તો આગળ વધારવા માટે હવાતિયાં મારી રહી હતી : શેનઝેન શિખર પરિષદ મુદ્દે દુનિયાને એ વાતની ચિંતા હતી કે, વોશિંગ્ટન, બેઈજિંગ અને મોસ્કો વચ્ચેના કોઈ મોટા સોદામાં યુક્રેન અને તાઈવાન જેવા દેશોને બલિનો બકરો બનાવવામાં આવી શકે છે. ઈતિહાસ સાક્ષી છે કે, જ્યારે મહાસત્તાઓ વચ્ચે વાટાઘાટો થાય છે, ત્યારે નાના રાષ્ટ્રોને ઘણીવાર એવો અનુભવ થાય છે કે તેમની સાર્વભૌમત્વની કોઈ કિંમત નથી : હકિકતે ટ્રમ્પ નબળી થતી અમેરિકી મહાસત્તાને સાચવવા હવાતિયાં મારી રહ્યા છે, બીજી તરફ જિનપિંગ નવા વિશ્વની નવી અને મજબૂત મહાસત્તા બનવા તરફ કામ કરી રહ્યા છે પણ વૈશ્વિક સ્તરે જોઈએ તેવી સ્વીકૃતિ મળી નથી. પુતિન પાસે શસ્ત્રોનો મોટો જથ્થો છે પણ રશિયાની ઈકોનોમી સાવ પડી ભાંગી છે તેથી તેને પાટે ચડાવવાનો મોટો પડકાર છે

કોઈને કશું જ મળ્યું નહીં અને કોઈએ કશું ગુમાવ્યું નહીં. માત્ર મોટી મોટી વાતો કરીએ મહાસત્તાઓના મોટા નેતાઓ છૂટા પડ્યા.

જાણકારોના મતે આ ભય સ્વાભાવિક અને સમજી શકાય તેવો છે, પરંતુ તે ઈતિહાસ અને સમકાલીન ભૂ-રાજનીતિનું એક પાયાનું ખોટું અર્થઘટન પણ છે. જો આપણે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, શેનઝેન એ યાલ્ટા નથી. ઊલટાનું, તે યાલ્ટાથી બિલકુલ વિપરીત પરિસ્થિતિનું પ્રતિનિધિત્વ કરે છે. યાલ્ટામાં ત્રણ વિજેતા મહાસત્તાઓ વિશ્વના ભાગલા પાડી રહી હતી, જ્યારે શેનઝેનમાં ત્રણ અત્યંત અસુરક્ષિત સત્તાઓ પોતાના ઘટતા જતા પ્રભાવને બચાવવા અને શક્ય હોય તો આગળ વધારવા માટે હવાતિયાં મારી રહી હતી. આ ત્રણેય નેતાઓમાંથી માત્ર શી જિનપિંગ જ સાચા અર્થમાં વૈશ્વિક નેતા અને મોટાભા બનીને ઉભર્યા છે, જ્યારે વ્લાદિમીર પુતિન પાસે સ્મિત કરવા માટેના પૂરતા કારણો છે.

બીજી તરફ, એરપોર્ટ પર શી જિનપિંગ દ્વારા અમેરિકી રાષ્ટ્રપતિનું વ્યક્તિગત સ્વાગત કરવામાં આવ્યું હોવા છતાં, વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ડોનાલ્ડ ટ્રમ્પ આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી મોટા પરાજિત સાબિત થયા છે.

આ પરિસ્થિતિની ગંભીરતા અને તેના ઊંડાણને સમજવા માટે આપણે ફેબ્રુઆરી ૧૯૪૫ના ઈતિહાસમાં ડોકિયું કરવું પડશે, જ્યારે ફ્રેન્કલિન ડી. રૂઝવેલ્ટ, વિન્સ્ટન ચર્ચિલ અને જોસેફ સ્ટાલિન ક્રિમિયાના યાલ્ટા ખાતે મળ્યા હતા. ૧૯૪૫ની તે શિખર પરિષદ આજે પણ યુરોપના મોટા ભાગના દેશોમાં એક કલંકિત શબ્દ માનવામાં આવે છે, કારણ કે તે ‘બિગ થ્રી’ એટલે કે તે સમયના ત્રણ મોટા નેતાઓ દ્વારા નાના દેશો સાથે કરવામાં આવેલા વિશ્વાસઘાતની યાદ અપાવે છે. ઈતિહાસકાર ડાયના પ્રેસ્ટન તેમના પુસ્તક ‘એઈટ ડેઝ એટ યાલ્ટા : હાઉ ચર્ચિલ, રૂઝવેલ્ટ એન્ડ સ્ટાલિન શેપ્ડ ધ પોસ્ટ-વોર વર્લ્ડ’માં એક અત્યંત મહત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવે છે કે શું પશ્ચિમ યુરોપની સ્થિરતા પૂર્વ યુરોપની સ્વતંત્રતાના ભોગે ખરીદવામાં આવી હતી, અને શું જાપાન સામેના યુદ્ધમાં જોડાવા માટે સ્ટાલિનને આપવામાં આવેલી શરતો વધુ પડતી ઉદાર હતી, જેના કારણે સોવિયેત સામ્યવાદને પૂર્વ એશિયા અને ખાસ કરીને કોરિયન દ્વીપકલ્પમાં પગપેસારો કરવાની તક મળી.

શેનઝેન શિખર પરિષદને લઈને જે ચિંતા વ્યક્ત થઈ રહી હતી તેના મૂળમાં પણ આવો જ ડર રહેલો છે.

દુનિયાને એ વાતની આશંકા છે કે વોશિંગ્ટન, બેઈજિંગ અને મોસ્કો વચ્ચેના કોઈ મોટા સોદામાં યુક્રેન અને તાઈવાન જેવા દેશોને બલિનો બકરો બનાવવામાં આવી શકે છે. ઈતિહાસ સાક્ષી છે કે, જ્યારે મહાસત્તાઓ વચ્ચે વાટાઘાટો થાય છે, ત્યારે નાના રાષ્ટ્રોને ઘણીવાર એવો અનુભવ થાય છે કે તેમની સાર્વભૌમત્વની કોઈ કિંમત નથી

ચૂકશો નહીં

ભવિષ્યમાં એશિયા હોય કે યુરોપ, બધા ચીનના શરણે જવા મજબૂર બનશે

જાણકારો સ્પષ્ટપણે માને છે કે, હાલમાં અમેરિકા અને રશિયાની જે હાલત છે તેઓ મહાસત્તાની કેટેગરી ટકાવી રાખવા હવાતિયા મારી રહ્યા છે. બીજી તરફ ચીન પડદા પાછળ અને પોતાની આક્રમક કૂટનીતિ દ્વારા નાના દેશોને આર્થિક રીતે સાધી રહ્યું છે. હાલ એવું છે કે, દુનિયાના મોટાભાગના નાના દેશો ચીનના દેવાદાર છે અને મોટા દેશો પાસે ચીની સામાનનો કોઈ વિકલ્પ નથી. સરેરાશ વૈશ્વિક અર્થવ્યવસ્થા ઉપર ચીન વર્ચસ્વ જમાવતું હોય છે. હવે જિયોપોલિટિક્સની વાત કરીએ તો અમેરિકામાં ટ્રમ્પનું જે રીતે પતન થવાની શરૂઆત થઈ રહી છે તે જોતાં આગામી સમયમાં ઈઝરાયેલ સાથેના સંબંધો નબળા પડશે. તેના કારણે સ્થિતિ એવી આવશે કે ઈસ્લામિક દેશો વધુ મજબૂત થશે અને એકજૂથ થશે. તેમના ઉપર હાલ ચીનની નજર છે અને પાછલા બારણે તે આ દેશોને પોતાની તરફ ખેંચવા સક્રિય થયેલું જ છે. તે હવે આ દેશો ઉપર આડકતરો કબજો જમાવી લેશે. યુરોપને તો ચીને કૂટનીતિક રીતે ગણકાર્યું જ નથી અને એશિયામાં તેની તોલે આવે તેવો દેશ નથી. ભારતની વિદેશનીતિ જે રીતે દિશાહિન અને પાંગળી થયેલી છે તે ચીનને કે જિનપિંગને પડકાર આપી શકે તેમ જ નથી. વૈશ્વિક પ્રવાહ જણાવે છે કે, જો ભારત કૂટનીતિક રીતે મજબૂત નહીં થાય તો જિનપિંગના શરણે જવા મજબૂર થવું પડશે. યુરોપ હોય કે એશિયા કે પછી પશ્ચિમના દેશો તેઓ આર્થિક, રાજકિય અને કૂટનીતિક રીતે ચીનના શરણે જવા મજબૂર બનશે.

જિનપિંગ જે રીતે વૈશ્વિક રાજકારણ, અર્થતંત્ર અને ભૂગોળને સમજીને ચીનનો વિકાસ અને વિસ્તાર કરી રહ્યા છે તે રીતે આગામી સમયમાં મહાસત્તા બને તો જરાય નવાઈ પામવા જેવું નહીં રહે.

છે. આનાથી પણ વધુ મહત્વની બાબત એ છે કે હવે સત્તા માત્ર ત્રણ રાજધાનીઓમાં કેન્દ્રિત રહી નથી. ભારત એક મોટી આર્થિક અને વ્યૂહાત્મક શક્તિ તરીકે ઉભરી આવ્યું છે.

જાપાન અને જર્મની હજુ પણ અત્યંત મજબૂત આર્થિક સત્તાઓ છે. બ્રાઝિલ ગ્લોબલ સાઉથનો એક મહત્વપૂર્ણ અવાજ બની ગયો છે. મધ્યમ કદની સત્તાઓ પાસે હવે એટલી આર્થિક તાકાત, રાજદ્વારી સ્વાયત્તતા અને વ્યૂહાત્મક ક્ષમતા છે કે તેઓ મહાસત્તાઓના કોઈપણ એકતરફી ફરમાનનો વિરોધ કરી શકે છે. ચીનનો અદભૂત ઉદય થયો છે તે હકીકત છે, પરંતુ તેની સાથે ભારત, જર્મની અને જાપાન જેવી શક્તિઓ પણ મજબૂતીથી આગળ વધી છે.

આવી બહુધ્રુવીય દુનિયામાં, વોશિંગ્ટન, બેઈજિંગ અને મોસ્કો મળીને રૂઝવેલ્ટ, ચર્ચિલ અને સ્ટાલિનની જેમ વૈશ્વિક નકશો ફરીથી દોરશે તેવી અપેક્ષા રાખવી એ ભ્રમણા માત્ર છે.

આ ત્રણ મોટા દેશો આજે કદાચ કોઈ સોદા કરી શકે છે, નાના દેશોને ધમકાવી શકે છે, અથવા પ્રદેશો અને પ્રભાવના ભાગલા પાડવાનો પ્રયાસ પણ કરી શકે છે. પરંતુ ૧૯૪૫ની જેમ આવી કોઈપણ વ્યવસ્થાને લાદવાની અને તેને લાંબા સમય સુધી ટકાવી રાખવાની તેમની ક્ષમતા આજે અત્યંત મર્યાદિત થઈ ગઈ છે.

શેનઝેન શિખર પરિષદ નવા પ્રભાવ ક્ષેત્રો બનાવવા કરતાં જૂના પ્રભાવ ક્ષેત્રોને બચાવવાના હવાતિયાં વિશેની વધુ છે. તે નક્કર પરિણામો કરતાં દેખાડા અને છબી નિર્માણ પર વધુ કેન્દ્રિત છે. આ ત્રણેય નેતાઓ કોઈને કોઈ રીતે ઘેરાયેલા અને દબાણ હેઠળ છે. ડોનાલ્ડ ટ્રમ્પ એક વૃદ્ધ થઈ રહેલી અને ચિંતિત મહાસત્તાનું નેતૃત્વ કરી રહ્યા છે, જે પોતાની વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ અને અસ્થિર વિદેશ નીતિ વચ્ચે તાલમેલ બેસાડવા માટે સંઘર્ષ કરી રહી છે. વળી, તાજેતરની મધ્યસત્ર ચૂંટણીઓમાં ટ્રમ્પનો કારમો પરાજય થયો છે, અને તેથી તેઓ દુનિયાને એ બતાવવા માટે અધીરા બન્યા છે કે તેમનું હજુ પણ મહત્વ છે. બીજી તરફ, શી જિનપિંગ એક એવી ઉભરતી શક્તિનું નેતૃત્વ કરી રહ્યા છે જેણે અસાધારણ આર્થિક



અને સૈન્ય ક્ષમતાઓ એકત્રિત કરી છે, પરંતુ તે હજુ પણ ગંભીર આંતરિક માળખાકીય પડકારો અને ચીનના વર્ચસ્વને સ્વીકારવા તૈયાર ન હોય તેવા વિશ્વનો સામનો કરી રહ્યા છે.

ત્રીજા નેતા વ્લાદિમીર પુતિન પાસે પ્રચંડ પરમાણુ શસ્ત્રાગાર અને વિશ્વ વ્યવસ્થાને ખોરવી નાખવાની અપાર ક્ષમતા છે, પરંતુ આર્થિક રીતે આજનું રશિયા એ તત્કાલીન સોવિયેત સંઘનો માત્ર એક ફિક્કો પડછાયો જ છે.

આ ત્રણ નેતાઓની સ્થિતિ સ્પષ્ટ છે કે, એક પોતાની સાપેક્ષ પડતીને સંભાળવા માટે સંઘર્ષ કરી રહ્યો છે, બીજો પોતાની આર્થિક તાકાતને ભૂ-રાજકીય વર્ચસ્વમાં ફેરવવા માટે અધીરો બન્યો છે, અને ત્રીજો પોતાની આર્થિક નબળાઈની ભરપાઈ સૈન્ય શક્તિ અને વ્યૂહાત્મક અસ્થિરતા સર્જીને કરવા માટે મક્કમ છે.

આવા સંજોગોમાં ‘યાલ્ટા ૨.૦’ નું નિર્માણ થવું અશક્ય છે. તેમ છતાં, શેનઝેન શિખર પરિષદે શી જિનપિંગના રૂપમાં એક સ્પષ્ટ રાજદ્વારી વિજેતા આપ્યો છે. વિશ્વની ત્રણ સૌથી મોટી પરમાણુ સત્તાઓની પ્રથમ ત્રિપક્ષીય શિખર પરિષદનું આયોજન કરીને, શી જિનપિંગે કોઈ સંયુક્ત નિવેદન કે ઔપચારિક હસ્તધૂનન કરતાં ઘણું વધારે મૂલ્યવાન હાંસલ કર્યું છે. તેમણે ચીનને વૈશ્વિક રાજદ્વારીના કેન્દ્રમાં સ્થાપિત કરી દીધું છે અને પોતાની જાતને મહાસત્તાઓ વચ્ચેના સંબંધોના એક અનિવાર્ય મધ્યસ્થી તરીકે રજૂ કર્યા છે. પુતિનની વાત કરીએ તો, આંતરરાષ્ટ્રીય સ્તરે એકલા પડી ગયા બાદ વિશ્વની આ સર્વોચ્ચ ક્લબમાં સ્થાન મળવું એ તેમના અને રશિયા માટે છબી સુધારવા પૂરતું છે.

ટ્રમ્પ, પુતિન અને જિનપિંગની યુદ્ધ અટકાવવાની વાતો પોકળ સાબિત થઈ

શાંતિ સ્થપાય તે પહેલાં યુક્રેન પર રશિયાના હુમલાથી સન્નાટો

રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપિત કરવા માટે ઘણા સમયથી વાટાઘાટો ચાલી રહી છે, બીજી તરફ બન્ને દેશ એકબીજા પર હુમલા પણ કરી રહ્યા છે. રશિયાએ રાતભર યુક્રેન પર મિસાઈલમારો ચલાવ્યો હતો, જેને કારણે યુક્રેનના આઠ નાગરિકો માર્યા ગયા હતા. યુક્રેન પર છોડેલી મિસાઈલોમાંથી એક પોલેન્ડ દેશ પર પડી હતી. જેને કારણે હવે રશિયા અને પોલેન્ડ વચ્ચે વિવાદ સર્જાયો છે.

રશિયાએ યુક્રેન પર આખી રાત ૪૦૦ ડ્રોન, ૧૧૦ મિસાઈલો છોડી, અનેક ક્લસ્ટર બોમ્બનો પણ મારો ચલાવ્યો : આઠનાં મૃત્યુ, ૧૨થી વધુ ઘાયલ

નવી દિલ્હી, તા. ૨૦


હજુ એક દિવસ પહેલા જ યુક્રેને રશિયાના મહત્વપૂર્ણ બ્રિજો તોડી પાડતા હુમલા કર્યા હતા. જે બાદ હવે રશિયાએ આક્રામક રીતે વળતો જવાબ આપતા હુમલા કર્યા છે. રશિયાએ યુક્રેન પર રાતભર ૪૦૦ ડ્રોન, ૧૧૦ મિસાઈલો છોડી હતી. જેમાંથી ૨૭ મિસાઈલો બેલિસ્ટિક જ્યારે કેટલીક મિસાઈલોમાં ક્લસ્ટર વોરહેડ ફીટ કરાયા હતા જેમાં અનેક નાના બોમ્બ રખાયા હતા. યુક્રેને કહ્યું હતું કે રાજધાની કીવમાં છ સહિત કુલ આઠ લોકો માર્યા ગયા છે. જ્યારે અનેક નાગરિકો ઘાયલ થયા છે, કીવમાં સૈન્ય હથિયારો લાવવા લઈ જવા માટે ઉપયોગી મહત્વના બ્રિજને રશિયાના હુમલામા નુકસાન પહોંચ્યું છે.

બીજી તરફ યુક્રેન પર છોડેલી મિસાઈલ પોલેન્ડ પર પડી હતી, પોલેન્ડે દાવો કર્યો હતો કે રશિયા ઈરાદાપૂર્વક ભડકાવવા માગે છે અને તેથી જ આ મિસાઈલ છોડવામાં આવી હતી. રશિયાની આ મિસાઈલ પોલેન્ડ અને યુક્રેન સરહદેથી માત્ર ૬૦ કિમી દૂર જઈને ક્રેશ થઈ હતી. જે વિસ્તારમાં મિસાઈલ ત્રાટકી ત્યાં આસપાસ તમામ શાળાઓ કોલેજોને બંધ કરી દેવાઈ હતી. મિસાઈલ ત્રાટકી તે સમયનો ધડાકો, ધુમાડા અને તિવ્ર અવાજ કેમેરામાં કેદ થયા હતા.

પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટુસ્કે કહ્યુ હતું કે રશિયા આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધ ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. નાટો જુથના વડા સેક્રેટરી જનરલ માર્ક રુટ્ટેએ કહ્યું હતું કે પોલેન્ડ પર રશિયાનો મિસાઈલ હુમલો ગંભીર ઘટના છે. હજુ એક દિવસ અગાઉ જ ચીનમાં સમિટ દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના પ્રમુખ પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે બેઠક યોજાઈ હતી જેમાં રશિયા-યુક્રેન યુદ્ધ અટકાવવા, શાંતિ સ્થાપિત કરવાની મોટી મોટી વાતો થઈ હતી. પરંતુ શાંતિની આ વાટાઘાટોના માત્ર ૪૮ કલાકમાં જ રશિયાએ યુક્રેન પર બોમ્બમારો ચલાવ્યો હતો.

રશિયાની મિસાઈલ પોલેન્ડ પર ત્રાટકી, પુતિન ઉશ્કેરી રહ્યા હોવાનો પોલેન્ડનો આરોપ, નાટોએ પણ ટીકા કરી

ચીનમાં ન્યૂ વર્લ્ડ ઓર્ડરની ચર્ચા



ટ્રમ્પ, પુતિન અને જિનપિંગની મુલાકાત ઐતિહાસિક રહી. આ ઐતિહાસિક મુલાકાતને વિશ્વના મોટાભાગના દરેક અખબારે ચમકાવી. તેમાં ચીનનું સૌથી પ્રખ્યાત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ આગળ રહ્યું. તેમણે આ મુલાકાતને ન્યૂ વર્લ્ડ ઓર્ડરની સમકક્ષ કહી. આ સાથે જ ચીન કે જ્યાંનું માર્કેટ છેલ્લા ઘણા સમયથી ડચકા ખાઈ રહ્યું છે ત્યાં આશાવાદ જાગ્યો. ચીનના નેતૃત્વમાં હવેથી દુનિયા ચાલશે નો સંદેશ આપવામાં આવ્યો. બીજી તરફ, અમેરિકામાં મેસેજ આપવામાં આવ્યો કે, ટ્રમ્પ કોઈના તો કહ્યાંમાં છે. ટ્રમ્પે ડોલરને બચાવ્યો. અને ઈકોનોમીને પણ ટ્રમ્પ નીતિથી બચાવી જ લેશે. જ્યારે, યુદ્ધથી થાકી ગયેલી રશિયાની પ્રજાને પુતિને મેસેજ આપ્યો કે, મોટા ભાઈ ચીન છે ને..તીન ભાઈ તીનો તબાહી..

ટ્રમ્પની ૧.૫ લાખ કરોડ ડોલરના સંરક્ષણ બજેટને મંજૂરીની માગ

ટ્રમ્પે ઈરાન યુદ્ધ પાછળ ૪૮.૩ અબજ ડોલર ખર્ચ્યા : પેન્ટાગોનનો ઘટસ્ફોટ

વોશિંગ્ટન/દુબઈ, તા.૨૦

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પશ્ચિમ એશિયામાં ઈરાન યુદ્ધ શરૂ થયા પછી ચારથી પાંચ સપ્તાહમાં તેને ખતમ કરવાનો દાવો કર્યો હતો, પરંતુ આજે લગભગ નવ મહિના પૂરા થવા આવ્યા છતાં ઈરાન યુદ્ધ પૂરું થયું નથી અને આ યુદ્ધમાં ટ્રમ્પે પાણીની જેમ નાણાં વહાવ્યા છે. પેન્ટાગોને સેનેટની સશસ્ત્ર સેવા સમિતિ સમક્ષ કબૂલાત કરી છે કે ૧૩ નવેમ્બર સુધીમાં અમેરિકાએ ઈરાન સામેના યુદ્ધમાં અંદાજે ૪૮.૩ અબજ ડોલરનો ખર્ચ કર્યો છે. પરંતુ તેમાં પશ્ચિમ એશિયામાં ઈરાનના હુમલામાં અમેરિકન સૈન્ય સ્થળોને થયેલા નુકસાનના ખર્ચનો સમાવેશ નથી કરાયો. બીજીબાજુ હુથી બળવાખોરોએ સાઉદી અરબની રાજધાની રિયાધના સૌથી ઊંચા ટાવર પર મિસાઈલ હુમલો કરી ભારે નુકસાન પહોંચાડ્યું છે જ્યારે યમન આર્મીએ ૧૪૪ હુથીનો ખાત્મો બોલાવ્યાનો દાવો કર્યો હતો.

અમેરિકન સૈન્ય સ્થળો પર ઈરાનના હુમલાથી વિમાનોના હેંગર, રડાર સિસ્ટમ સહિતની સુવિધાઓને થયેલા નુકસાનનો સમાવેશ નહીં

અમેરિકન સંસદમાં હવે ડેમોક્રેટ્સ બહુમતીમાં છે ત્યારે તેમણે ઈરાન સામેના યુદ્ધમાં ટ્રમ્પ સરકારના ખર્ચાઓની તપાસ શરૂ કરી છે. ૧.૫ લાખ કરોડના સંરક્ષણ બેજટને મંજૂરી કરવાની માગણી કરી હતી, જેના પગલે ઈરાન સામેના યુદ્ધ ખર્ચ પર ચર્ચા વધુ તિવ્ર બની ગઈ છે.

૭૧૫ હુમલા અને સૈન્ય ઓપરેશનમાં ૧૪૪ હુથી બળવાખોરોનો ખાત્મો બોલાવાયો : સાઉદી સમર્થિત યમન સેનાનો દાવો

અમેરિકન સાંસદોએ સંરક્ષણ મંત્રાલયના મુખ્યાલય પેન્ટાગોન પાસેથી ઈરાન યુદ્ધના વાસ્તવિક ખર્ચની વિગતો માગી હતી.

બીજાબાજુ ટ્રમ્પ સરકારે સંસદ સમક્ષ પેન્ટાગોનના બજેટ અધિકારી આર્થર મિલરે સેનેટની સશસ્ત્ર સેવા સમિતિને જણાવ્યું કે, ૧૩ નવેમ્બર સુધીમાં ઈરાન સામેના યુદ્ધનો અંદાજિત ખર્ચ ૪૮.૩ અબજ ડોલર આંકવામાં આવ્યો છે, જેમાં સૈન્ય અભિયાનો પર થયેલા ખર્ચ અને અન્ય ખર્ચનો સમાવેશ થાય છે.

જોકે, આ ખર્ચમાં પશ્ચિમ એશિયામાં અમેરિકન સૈન્ય સ્થળોને થયેલા નુકસાનનો ખર્ચ સામેલ નથી. ઈરાનના દાવા મુજબ અમેરિકાને બે અબજ ડોલરનો ખર્ચ થયો છે.

સમિતિના અધ્યક્ષ અને મિસિસિપ્પીથી રિપબ્લિકન સાંસદ રોજર વિકરે મિલરને વહેલી તકે આ માહિતી સંસદને પૂરી પાડવા નિર્દેશ આપ્યા હતા. એક વિશ્લેષણમાં જણાયું કે, ઈરાને

(અનુસંધાન ૧૧મે પાને)

૯૧ વર્ષના સાવિત્રીદેવી લાંબા સમયથી બીમાર હતાં


યોગીનાં માતાનું ઉત્તરાખંડમાં વતનના ગામ પાન્ચુરમાં અવસાન

(પીટીઆઈ) પૌરીગઢવાલ/લખનઉ,તા.૨૦

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના માતા સાવિત્રીદેવી (૯૧)નું ઉત્તરાખંડના પૌરી ગઢવાલ જિલ્લામાં આવેલા એમના વતનના ગામ પાન્ચુરમાં શુક્રવારે સવારે નિધન થયું છે.

પીએમ મોદી સહિતના મહાનુભાવોએ શ્રદ્ધાંજલિ પાઠવી : આજે અંતિમ સંસ્કાર

પાન્ચુરના ગ્રામજનોએ કહ્યું કે સાવિત્રીદેવીનું લાંબી માંદગી પછી



શુક્રવારે સવારે ૧૦:૪૫ના સુમારે અવસાન થયું. આદિત્યનાથ શુક્રવારે સાંજે પાન્ચુર ગામે પહોંચ્યા. એમના માતાની અંતિમ વિધિ શનિવારે હાથ ધરાય એવી શક્યતા છે. આદિત્યનાથને એમના માતાના નિધનના સમાચાર મળ્યા ત્યારે તેઓ ઉત્તરપ્રદેશમાં એક જાહેર કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. તેઓ ત્યાંથી રામકથાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ગોન્ડા ગામે જવાના હતા. તેઓ મોડી સાંજે લખનઉમાં ભાજપની મહિલા

(અનુસંધાન ૮મે પાને)

'કોસ્ટ પર કિલ'ના મોડલ પર બિઝનેસ

AIથી ડિફેન્સ સ્ટાર્ટઅપ : ૧૬ વર્ષના યુવકની કંપની મિસાઈલ્સ બનાવશે

કેલિફોર્નિયા, તા.૨૦

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિફેન્સ ટેકનોલોજીના સેક્ટરમાં એક અસામાન્ય અને ચર્ચાસ્પદ ઘટનાક્રમ સામે આવ્યો છે.

લાતવિયાના ૧૬ વર્ષીય યુવાન હેન્રિજસ ડેન્ડ્ઝબર્ગ્સે પોલેમોસ ઈન્ડસ્ટ્રીઝ નામની એઆઈ પાવર્ડ મિસાઈલ સ્ટાર્ટઅપની સ્થાપના કરી છે. આ સાથે જ તેણે સિલિકોન વેલીના પ્રતિષ્ઠિત સ્ટાર્ટઅપ એક્સિલરેટર વાય કોમ્બિનેટરની ફોલ-૨૦૨૬ બેચમાં સ્થાન મેળવ્યું છે.

હેન્રિજસે કોસ્ટ પર કિલ' પર આધારિત પિચ તૈયાર કરી છે. યુક્રેન યુદ્ધમાં મોટી સંખ્યામાં સસ્તી અને ઝડપથી બની શકે તેવી પ્રણાલીઓના

(અનુસંધાન ૧૧મે પાને)

હેન્રિજસ ડેન્ડ્ઝબર્ગ્સ વિશે જાણવા જેવું

બાળપણમાં લાતવિયા, ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને સ્પેન સહિતના દેશોમાં રહેલા ડેન્ડ્ઝબર્ગ્સે ઓનલાઈન અભ્યાસ કર્યો હતો. તેને બાળપણથી જ એરોસ્પેસ એન્જિનિયરિંગ અને રોબોટિક્સમાં રસ હતો. તેણે અગાઉ બાયોનિક હેન્ડ, મોડલ રોકેટ માટેનું થર્મલ કંટ્રોલ સિસ્ટમ અને ડ્રોન માટે સેન્સર્સ બનાવ્યા હતા. કોવિડ સમયગાળામાં પરિવાર લાતવિયા પરત ફર્યા બાદ ઈલોન મસ્ક સાથે જોડાયેલી એસ્ટ્રા નોવા સ્કૂલમાં જોડાયા હતા. સ્ટાર્ટઅપ પર ધ્યાન કેન્દ્રિત કરવા તેમણે હાઈસ્કૂલ છોડી દીધી હતી. રશિયાની નજીક આવેલા પોતાના દેશ લાતવિયાની ભૌગોલિક પરિસ્થિતિ અને આધુનિક યુદ્ધની બદલાતી રણનીતિએ તેમને આ દિશામાં પ્રેરિત કર્યા હતા.

હેન્રિજસ ડેન્ડ્ઝબર્ગ્સે ઈલોન મસ્ક સાથે જોડાયેલી એસ્ટ્રા નોવા સ્કૂલમાં ઓનલાઈન અભ્યાસ કર્યો હતો

બે મહિલા ઉમેદવારોને એક સરખા મત મળ્યા હતા

અમેરિકામાં સિટી કમિશનરની ચૂંટણી સિક્કો ઉછાળીને થઈ !

ન્યૂયોર્ક, તા. ૨૦

અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાં એટલાન્ટિક બીચમાં સિટી કમિશનરની ચૂંટણી થઈ હતી. બે મહિલા ઉમેદવારોને એક સરખા મત મળતાં રાજ્યના કાયદા પ્રમાણે સિક્કો ઉછાળીને હાર-જીતનો નિર્ણય લેવાયો હતો. જે કામ મતદારો ન કરી શક્યા એ કામ સિક્કાએ કર્યું.

બંને ઉમેદવારોએ મહિનાઓ સુધી પ્રચાર કર્યા બાદ ૨૦ સેકન્ડમાં હાર-જીત નક્કી થઈ

એટલાન્ટિક બીચ સિટીમાં કમિશનરની બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી. સિટીની ચાર નંબરની બેઠક પરથી



બંને ઉમેદવારોને ૩૧૬૨ મતો મળ્યા હતા. લિઝા હેરોલ્ડ અને જેનિફર લેગનરે મહિનાઓ સુધી પ્રચાર કર્યો હતો અને એકબીજાને હરાવવા મહેનત કરી હતી. પરંતુ બંને વચ્ચે મત ગણતરીમાં ટાઈ થતાં આખરે ફ્લોરિડાના કાયદા પ્રમાણે સિક્કો ઉછાળીને પરિણામ નક્કી થયું હતું.

ચૂંટણી અધિકારીની હાજરીમાં જેનિફર અને લિઝાએ સિક્કો ઉછાળ્યો હતો. મેચમાં સિક્કો ઉછાળીને ટોસ જીત-હાર નક્કી થાય એમ આખી ચૂંટણીનો નિર્ણય જ સિક્કા પર હતો. મહિનાઓ પછી જે નિર્ણય ન લેવાયો તે ૧૦-૨૦ સેકન્ડમાં લેવાઈ ગયો હતો. સિક્કો ઉછળ્યો ત્યારે બંનેના ભાગ્ય પણ ઉછળ્યા હતા, પરંતુ સિક્કો નીચે આવ્યો ત્યારે જેનિફરના નસીબ તરફ ઢળ્યો હતો. એ સાથે જ જેનિફર ચાર નંબરની સિટી કમિશનરી બેઠકની વિજેતા જાહેર થઈ હતી.

વ્હાઈટ હાઉસમાં નવા સાઈબર સિક્યુરિટી વડાની નિમણૂક

જેપી મોર્ગન પર સાઈબર એટેક, સેંકડો ગ્રાહકોનો અંગત ડેટા લીક

નવી દિલ્હી, તા. ૨૦

જેપી મોર્ગન ચેઝ ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ કંપનીને ટાર્ગેટ કરીને સાઈબર એટેક થયો છે. કંપનીના કહેવા પ્રમાણે થર્ડ પાર્ટી સર્વિસ પ્રોવાઈડર્સને નિશાન બનાવીને થયેલા હુમલામાં ઘણાં ગ્રાહકોનો ડેટા લીક થઈ ગયો છે. જોકે, બેંકિંગ સર્વિસમાં તેની કોઈ અસર થઈ ન હોવાની સ્પષ્ટતા કંપનીએ કરી હતી. કેટલા ગ્રાહકોનો ડેટા લીક થયો હશે તે બાબતે હજુ સુધી જાણકારી જાહેર કરવામાં આવી ન હતી.

થર્ડ પાર્ટી સર્વિસ પ્રોવાઈડર્સની સિસ્ટમને ટાર્ગેટ કરીને હેકર્સે નામ, ઈમેઈલ, મોબાઈલ નંબર, સરનામું સહિતની વિગતો તફડાવી

જેપી મોર્ગનને સર્વિસ આપતી થર્ડ પાર્ટી કંપનીઓને નિશાન બનાવીને સાઈબર એટેક થયો હતો. કંપનીના કહેવા પ્રમાણે આ થર્ડ પાર્ટી કંપનીઓ બેંકને જુદી જુદી સર્વિસ આપે છે. શરૂઆતની તપાસમાં જણાયું કે હેકર્સે આ કંપનીઓમાં જે ગ્રાહકોનો ડેટા હતો એને તફડાવ્યો હોવાની શક્યતા છે.

આ હેકિંગમાં ગ્રાહકોના નામ, ઈમેલ એડ્રેસ, સરનામું સહિતની વિગતો ચોરાઈ હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. બેંકે દ્વારા એવી જાણકારી આપવામાં આવી નથી કે કેટલા ગ્રાહકોનો ડેટા ચોરી થયો અને એમાં બીજી કઈ વિગતો ચોરાઈ છે. એકાઉન્ટ નંબર સહિતની જાણકારી લીક થઈ છે કે નહીં તેની જાણકારી મળી શકી ન હતી. બેંકના સત્તાવાર નિવેદનમાં કહેવાયું કે જે ગ્રાહકોનો ડેટા ચોરાયો એવી જાણકારી મળશે કે તુરંત જ એ ગ્રાહકોનો સંપર્ક કરવામાં આવશે. લોકોની બેંકમાં જે રકમ હતી તેને અસર થઈ છે કે નહીં તે બાબતમાં બેંકે કહ્યું હતું કે બેંકિંગ સર્વિસ એ રીતે પ્રભાવિત થઈ નથી. દરમિયાન વ્હાઈટ હાઉસના સાઈબર સિક્યોરિટી વડા શોન કેર્નક્રોસને બરતરફ કરાયા હતા. એનએસએ નેટવર્ક ઠપ થયા બાદ વ્હાઈટ હાઉસમાંથી તેને પાણીચું પકડાવી દેવાયું હતું. એઆઈને લગતો ખતરો વધ્યો તે બાબતે વ્હાઈટ હાઉસે ચિંતા વ્યક્ત કરી હતી. ફ્લાઈટ્સથી લઈને બેંકિંગ સર્વિસ પ્રભાવિત થઈ હતી. તેના કારણે ટ્રમ્પ સરકારની સાઈબર સુરક્ષા વિભાગની ટીકા થતી હતી. હવે વ્હાઈટ હાઉસે નવા સાઈબર સિક્યોરિટીના વડા તરીકે કિર્સ્ટન ડેવિસની નિમણૂક કરી છે.

બે વર્ષમાં કુલ ૧૫ કરોડ ડોલર જેટલા શેરોની લે-વેચ કરી

ટ્રમ્પે ખાનગી કંપનીઓને સરકારી કોન્ટ્રાક્ટ આપ્યા, પાછલા બારણે તેમાં રોકાણ કર્યું !

વોશિંગ્ટન,તા.૨૦

ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ ઓછા છે અને સટોડિયા વધારે છે તે વાત અમેરિકાની પ્રજાને લાગતી હતી તે હવે સાચી પુરવાર થઈ છે. ટ્રમ્પે એનવિડિયા, પેલેન્ટિર અને સ્પેસએક્સમાં કરેલા જંગી રોકાણ અને તેમાથી કમાયેલો મોટો નફો આ વાતની સાક્ષી પૂરે છે. ટ્રમ્પે કુલે ૪૦.૯ મિલિયન ડોલર એટલે કે લગભગ ચાર કરોડ થી લઈને ૧૪.૧૮ કરોડ ડોલરના શેરોની લેવેચ કરી હતી. ટ્રમ્પે મહિનામાં જ કુલ ૭૫૧ સોદા પાડ્યા હતા. આના પગલે અમેરિકામાં ખળભળાટ મચી ગયો છે.

ટ્રમ્પના રોકાણમાં એઆઈ કંપનીઓનો સિંહફાળોઃ એનવિડિયા, મસ્કની સ્પેસએક્સ અને પેલેન્ટિર કંપની પર યુએસ પ્રમુખ ઓળઘોળ

સ્થાનિક પ્રસારમાધ્યમના અહેવાલના પગલે અમેરિકનો વિચારવા લાગ્યા છે કે અમે અમેરિકાના પ્રમુખ તરીકે કોઈ સટોડિયાને ચૂંટ્યો છે, જે અમેરિકાના હિતની ચિંતા ઓછી કરે છે અને સટ્ટા પર નજર હંમેશા રહે છે. ટ્રમ્પ માટે દાવ લગાડવા માટે એઆઈ કંપનીઓ ફેવરિટ છે. તેણે એનવિડિયામાં

ટ્રમ્પના એકાઉન્ટમાં એક જ મહિનામાં ૭૫૧ સોદા પડ્યા

૧,૫૨,૦૦૦ ડોલરથી લઈને ૩,૮૦,૦૦૦ ડોલરનું રોકાણ કરતા ચાર સોદા પાડ્યા હતા. તેમાના બે વ્યવહાર બીજી સપ્ટેમ્બરે કરવામાં આવ્યા હતા, જેનું સંયુક્ત મૂલ્ય ૩.૫૦ લાખ ડોલર હતું. તેના એકાઉન્ટ મુજબ ૨૪મી સપ્ટેમ્બરે એનવિડિયાના શેરનું ૧,૦૦૧ ડોલરથી લઈને ૧૫,૦૦૦ ડોલરના શેરનું વેચાણ કરવામાં આવ્યુ હતુ. આ જ દિવસે જિનપિંગ સાથેના સ્ટેટ ડિનરમાં એનવિડિયાના સીઈઓ જેન્સેન હુઆંગ હાજર હતા. ટ્રમ્પે સત્તા પર ફરીથી પરત

(અનુસંધાન ૮મે પાને)

આતંકી પન્નુની હત્યાના કાવતરાં બદલ નિખિલ ગુપ્તાને ૨૦ વર્ષની કેદ

વોશિંગ્ટન, તા.૨૦

અમેરિકાની ધરતી પરથી ભારતમાં વારંવાર હુમલાઓની ધમકી આપનારા ખાલિસ્તાની આતંકી ગુરપતવંતસિંહ પન્નુની હત્યા માટે કથિત રીતે કાવતરું ઘડવાના આરોપસર અમેરિકાની કોર્ટે શુક્રવારે ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને ૨૦ વર્ષની સજા સંભળાવી છે. પન્નુને ભારતીય કાયદા હેઠળ આતંકી જાહેર કરાયેલો છે અને તેની સંસ્થા શિખ્સ ફોર જસ્ટિસ પર પ્રતિબંધ મૂકેલો છે.

ન્યૂયોર્કની સાઉધર્ન ડિસ્ટ્રિક્ટના જજ વિક્ટર મારેરોએ માત્ર ૮૦ મિનિટની સુનાવણી બાદ નિખિલ ગુપ્તાને ૨૩૫ મહિનાની કેદની સજા જાહેર કરી હતી. ૫૫ વર્ષના ગુપ્તાને આ વર્ષના પ્રારંભમાં ગુરપતવંતસિંહ પન્નુની હત્યા માટે કાવતરું ઘડવા, તેના માટે એક વ્યક્તિને હત્યાનું કામ સોંપવા તથા આ કાવતરાં માટે મની લોન્ડરિંગના આરોપો બદલ દોષિત ઠેરવાયા હતા.

બીજીબાજુ અમેરિકન કોર્ટે એનએસએ અજિત ડોભાલ અને પૂર્વ રો ચીફ સામંત ગોયલને પાઠવેલા સમન્સને ભારત સરકારે ફગાવી દીધું છે. ભારતે પન્નુની હત્યાના કાવતરાંમાં ડોભાલ અને ગોયલની ભૂમિકાના આક્ષેપોને વારંવાર નકારી કાઢ્યા છે. વિદેશ મંત્રાલયે શુક્રવારે કહ્યું કે, ભારત ડોભાલ અને ગોયલ સામેના પાયાવિહિન કાયદાકીય કેસને નકારી કાઢે છે.

મેલોની સરકાર વિરૂદ્ધ જનતા આકરા પાણીએ



ઈટાલીમાં મેલોની સરકાર માટે સંઘર્ષના દિવસો ચાલી રહ્યા છે. મેલોની ચારેતરફથી વિરોધનો સામનો કરી રહ્યા છે. એક તરફ, વિદ્યાર્થીઓ શિક્ષણમાં સુધારાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા. બીજી તરફ, ટ્રેડ યુનિયનોની સાથે ઈટાલીની સામાન્ય જનતા રસ્તા પર આવી. મેલોની સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. આ સાથે જ વિશ્વમાં યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે કોઈ સ્ટેન્ડ ન લેવા બદલ પણ મેલોનીની ઝાટકણી કાઢવામાં આવી. ઈટાલીની જનતા માની રહી છે કે, મેલોની મોંઘવારીને કાબૂમાં ન કરી શક્યા.

જિનપિંગે સેનાને ૨૦૨૭ સુધીમાં તાઈવાન કબજે કરવા કહ્યાનો અહેવાલ

૨૦૨૭માં દુનિયામાં ભારે ઉથલપાથલ થશે : યુદ્ધની અસર વૈશ્વિક રાજકારણ-અર્થતંત્રો ઉપર સ્પષ્ટ દેખાશે

વોશિંગ્ટન, તા. ૨૦

૨૦૨૭નું વર્ષ દુનિયામાં અનેક પરિવર્તનો અને પડકારો લઈને આવવાનું છે. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પછીના દોરની ચર્ચા તેજ થતી જશે, અને ઈરાન યુદ્ધની અસર વૈશ્વિક રાજકારણ તથા અર્થતંત્રો ઉપર સ્પષ્ટ દેખાશે. એઆઈ અંગે ચિંતા વધી જશે. ઋતુઓમાં અસામાન્ય પલટાઓ આવશે. તાઈવાન અંગે ચીનની રણનીતિ તથા અંતરિક્ષ ક્ષેત્રે નવી સંભાવનાઓ ચર્ચામાં રહેશે.

'ધી ઈકોનોમિસ્ટ'ના 'ધી વર્લ્ડ એહેડ-૨૦૨૭'ના સંપાદક ટોમ સ્ટેન્ડઝે આગામી વર્ષ માટે ૧૦ મહત્ત્વની ઘટનાઓની સંભાવના તરફ ધ્યાન દોર્યું છે.

સ્ટેન્ડઝ કહે છે : 'આધુનિક દુનિયા ઝડપભેર કોઈ 'સાયન્સ ફિક્શન' ફિલ્મ જેવી બની રહી છે.

અંતરિક્ષમાં કોમ્પ્યુટર મોકલનાર રોકેટના નિર્માતા દુનિયાના પહેલા ટ્રિલિયનર બની ગયા છે. ડ્રોને યુદ્ધ લડવાની પદ્ધતિ જ બદલી નાખી છે. મોટરો પોતે આપમેળે ચાલી રહી છે, અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ન કલ્પેલા વ્યવહારો કરી રહી છે. માનવી જેવા દેખાતા રોબોટ પણ ઝડપભેર આગળ વધી રહ્યા છે. તેવામાં આગામી વર્ષે બનનારી સંભવિત ૧૦ ઘટનાઓ પર નજર નાખીએ.

(૧) અમેરિકામાં મધ્યાવધિ ચૂંટણી પછી ટ્રમ્પના અનુગામીની ચર્ચા તેજ થઈ રહી છે. છતાં સ્ટેન્ડઝનું માનવું છે કે, ટ્રમ્પ નબળા પડ્યા તેમ માનવું ઘણું ઉતાવળું બની રહેશે. તેઓ પોતાની રાજકીય પકડ અને વિરાસતને મજબૂત કરવા માટે સતત સક્રિય રહી શકે તેમ છે. છતાં દુનિયા તે સમજવા કોશિષ કરી રહી છે કે, ટ્રમ્પ પછી અમેરિકાનું

(અનુસંધાન ૮મે પાને)

'ધ ઈકોનોમિસ્ટ'ના 'ધી વર્લ્ડ અહેડ ૨૦૨૭'ના સંપાદક ટોમ સ્ટેન્ડેઝે આગામી વર્ષ માટે, મહત્ત્વની ઘટનાઓની આગાહી કરી

ગિરનાર પરિક્રમાનો પ્રારંભ : પ્રથમ દિવસે બે લાખ યાત્રિકો



ગિરનારની પાવનકારી લીલી પરિક્રમાનો વિધિવત પ્રારંભ થાય તે પૂર્વે જ યાત્રિકોના ભારે ઘસારાને પગલે વહેલી સવારે પરિક્રમા રૂટનાં દ્વાર ખોલી દેવામાં આવ્યા હતા. જોકે, આશ્ચર્યજનક રીતે ગત વર્ષોની સરખામણીએ આ વર્ષે પરિક્રમામાં યાત્રિકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે, જે ખુદ વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ પણ સ્વીકારી રહ્યા છે. પ્રથમ દિવસે શુક્રવારે બે લાખ જેટલા યાત્રિકોએ પરિક્રમાનો પ્રારંભ કર્યો હોવાનો અંદાજ છે, જે પ્રારંભિક સંખ્યા દર વખત કરતા ઓછી માનવામાં આવે છે.

અમદાવાદમાં એસ્ટ્રોલોજર પાસે આવતા લોકોમાં ૪૦ ટકા યુવાનો


જેન ઝી જ્યોતિષના સહારે, જીવનસાથી નહીં પરંતુ કારકિર્દી કે કંપની સાથે કુંડળી મેચિંગ!

અમદાવાદ, શુક્રવાર

આવતીકાલે શું થશે? ભવિષ્ય જાણવાની જિજ્ઞાસા સહજભાવે સહુ કોઈને થતી હોય છે. પરંતુ આ ચિત્ર બદલાઈ ગયું છે. ટેકનો સેવી, સ્વતંત્ર મિજાજી અને પોતાના તર્કના આધારે ચાલતી જેન ઝીનું બીજી પાસું આશ્ચર્ય પમાડે તેવું છે. જીવનની અનિશ્ચિતતાના ત્વરિત જવાબ શોધવા હવે જેન ઝી જ્યોતિષના સહારો લઈ રહી છે. અમદાવાદના જ્યોતિષો પાસે આવતા લોકોમાંથી ૩૫થી ૪૦ ટકા ૧૮થી ૩૦ વર્ષના યુવાનો હોય છે.

વડીલો સવારે અખબારમાં રાશિફળ, પંચાગ વગેરે વાંચતા હોય તેવા દ્રશ્યો ઘરોમાં જોવા મળે છે. જ્યારે યુવા પેઢી જ્યોતિષશાસ્ત્રથી દૂર ભાગતી ફરતી હતી. વાલીઓ છુપાઈને બાળકોના ભવિષ્ય વિશે જ્યોતિષની સલાહ લેવા જતા હતા. પરંતુ આજે સ્થિતિ આખી કુતૂહલતા પર ચિંતા હાવી થઈ રહી છે. અત્યાર સુધી ગ્રહ-નક્ષત્ર, પંચાગ, કુંડળી, રાશિફળ વગેરે પર ફક્ત વડીલો વિશ્વાસ રાખતા હતા. પરંતુ આજે આખું બદલાઈ ગઈ છે.

આજકાલ સોશિયલ મીડિયા પર યુવાનો ગ્રહોની ચાલ, રાશિભવિષ્ય, ટેરટ (અનુસંધાન ૪થે પાને)



નાની-નાની બાબતોમાં એઆઈ એસ્ટ્રોલોજીનો સહારો લેવાથી નિર્ણયશક્તિ નબળી પડશે

ઓનલાઈન એસ્ટ્રોલોજી એપ્લિકેશનનો રાફડો ફાટી નીકળ્યો છે. તેમાં પણ એઆઈ હવે જ્યોતિષ બની લોકોને સલાહ આપે છે. જે ચોક્કસ ન હોવાથી લોકો ગેરમાર્ગે દોરાઈ શકે છે. ઉપરાંત અગાઉ ફક્ત મોટા નિર્ણયો લેવા માટે જ વર્ષે એકાદ વખત પરિવાર જ્યોતિષની મુલાકાત લેતો હતો. પરંતુ આજકાલ દરેક નાની નાની બાબતે એઆઈ એસ્ટ્રોલોજીની સલાહ લઈ નિર્ણય લેવાથી યુવાનોની પોતાની સ્વતંત્ર વિચારશક્તિ અને નિર્ણય ક્ષમતા નબળી થઈ શકે છે.

જ્યોતિષશાસ્ત્ર હવે પરંપરા નહીં, એક દસકામાં અમદાવાદ શહેરમાં અનેકગણી સંખ્યા વધી

બીજી બાજુ જ્યોતિષશાસ્ત્ર હવે ફક્ત વંશ પરંપરા રહી નથી. તેના માટે ખાસ કોર્સ અને ક્લાસીસ ચાલે છે. યુવાનો અને નિવૃત્તિ પછી વડીલો છ મહિના, એક વર્ષના કોર્સ કરી પાર્ટ ટાઈમ જ્યોતિષ બની રહ્યા છે. છેલ્લાં એકાદ દાયકામાં અમદાવાદ શહેરમાં જ્યોતિષોની સંખ્યા અનેકગણી વધી ગઈ છે. ડોક્ટર અને વકીલની જેમ દરેક વિસ્તારમાં જ્યોતિષોની ઓફિસ ખુલી ગઈ છે. આ વચ્ચે કેટલાક બોગસ જ્યોતિષો પણ ઘુસી ગયા છે.

યુવાનો જ્યોતિષોને કયા પ્રકારના પ્રશ્નો પૂછે છે?

કારકિર્દીને લગતા સવાલો

- ધોરણ ૧૦ પછી સાયન્સ લેવું કે કોમર્સ?
- ધોરણ ૧૨ પછી કયો કોર્સ કરવો?
- નોકરી કરવી કે ધંધો?
- ધંધો કરવો તો કઈ વસ્તુનો કરવો?
- સરકારી નોકરી કે ખાનગી નોકરી કરવી?
- કયા શહેર અને રાજ્યમાં નોકરી કરવી?
- કઈ અને કેટલા અક્ષરવાળા નામની કંપનીમાં નોકરી કરવી?
- વિદેશ જવું કે નહીં? કયા દેશમાં જવું તો સેટ થઈ જઈશ?
- નોકરી ક્યારે બદલવી?
- ઈન્ટરવ્યૂમાં કયા રંગના કપડાં પહેરીને જવું?
- કઈ તારીખે અને કયા દિવસે નવી નોકરી જોઈન કરવી?
- જીવનમાં આર્થિક સ્થિરતા ક્યારે આવશે?
- કેટલા પૈસા કમાઈ શકીશ?

મેચ-મેકિંગ તેમજ રિલેશનશિપને લગતા સવાલો

- પ્રેમ સંબંધ લગ્ન સુધી પહોંચશે કે નહીં?
- શું પાર્ટનર વફાદાર છે કે નહીં?
- પાર્ટનરની વિચારસરણી કેવી છે, મોર્ડન કે જૂનવાણી?
- પાર્ટનર કેટલા શોખીન કે ખર્ચાળ હોઈ શકે છે?

જ્યોતિષની સલાહ લેવા યુવાનો દ્વારા રૂ.પાંચથી પચ્ચીસ હજારનો ખર્ચ

યુવાનો વર્ષમાં એક-બે વખત રુબરુ મુલાકાત લેતા હોય છે. આ સિવાય નાની-નાની બાબતે નિયમિતધોરણે એસ્ટ્રોલોજી એપ્લિકેશનમાં સવાલો પૂછે છે. હાલ એક વખત અડધા-એક કલાક કન્સલટેશન માટે તેઓ સરેરાશ રૂ. ૫૦૦થી રૂ. ૫૦૦૦ સુધીનો ચાર્જ ચૂકવે છે. જ્યોર ઓનલાઈન એસ્ટ્રોલોજી એપમાં તો રૂ. ૧૫ હજાર સુધીની ફી લેવાય છે. તેમજ ૩૦૦થી ૨૦૦૦ રૂપિયા માસિક સબસ્ક્રિપ્શન હોય છે. આ સિવાય રત્ન પહેરવા, પૂજા-વિધિ કરવા પાછળ અલગથી ૧૦થી ૩૦ હજારનો ખર્ચ કરે છે.

ભારતમાં જ્યોતિષનો વ્યવસાય રૂ.૯૫ હજાર કરોડ, ઓનલાઈન એપ. ૨૩૦૦ કરોડને પાર

એક જાણીતી રિસર્ચ ફર્મના અહેવાલો મુજબ ભારતનું જ્યોતિષનો વ્યવસાય હાલ ૯૫ હજાર કરોડે પહોંચી ગયું છે. જેમાં ઓનલાઈન એસ્ટ્રોલોજી એપ્લિકેશનનું બજાર રૂ. ૨૩૦૦ કરોડનું છે. જો કે ઓનલાઈન એસ્ટ્રોલોજી માર્કેટ ૪૯ ટકાના વાર્ષિક વૃદ્ધિ દર ધરાવતું હોવાથી વર્ષ ૨૦૩૪ સુધી રૂ. ૮૩,૫૦૫ કરોડની સપાટી વટાવી જશે.

ગ્રહ-નક્ષત્ર, પંચાંગ, રાશિફળ, ન્યુમરલોજીની રીલનો સોશિયલ મીડિયા પર રાફડો ફાટી નીકળ્યો : ડોક્ટર અને વકીલની જેમ દરેક વિસ્તારમાં જ્યોતિષોની પણ ઓફિસ ખુલી ગઈ

રાજકીય પક્ષના નામે ૨૦૬ કરોડનું દાન મેળવી

ટેક્સ ચોરીના કૌભાંડમાં ગરીબ કલ્યાણ પાર્ટીના ખજાનચી ક્ષત્રિયના આગોતરા જામીન નામંજૂર

અમદાવાદ,શુક્રવાર

ગરીબ કલ્યાણ પાટીના નામે જુદા જુદા દાતાઓ પાસેથી રૂ. ૨૦૬ કરોડનું દાન મેળવીને સરકાર સાથે અંદાજે રૂ. ૬૨ કરોડની વધુની ટેક્સ ચોરી કરવાના ચકચારભર્યા કેસમાં પાટીના ખજાનચી ક્ષત્રિય ધીરજકુમાર રામબરને પોલીસ ધરપકડથી બચવા કરેલી આગોતરા જામીન અરજી અત્રેની સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે.

રૂ.૬૨ કરોડની કરચોરી કરીને દેશના અર્થતંત્ર સાથે ચેડાં કરવામાં આવ્યા હોવાથી આરોપીની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન ખૂબ અનિવાર્ય

કોર્ટે કૌભાંડની ગંભીરતા અને આરોપીની સમગ્ર ગુનામાં સક્રિય સંડોવણી સહિતના પાસા ધ્યાને લઈ આરોપી ખજાનચી ક્ષત્રિય ધીરજકુમાર રામબરને આગોતરા જામીન આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો.

આરોપીના આગોતરા જામીન ફગાવતાં કોર્ટે જણાવ્યું કે, ગરીબ કલ્યાણ પાર્ટી નામના રાજકીય પક્ષે વિધાનસભા કે સંસદમાં એકપણ બેઠક મેળવી નથી, તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં પણ કોઈ બેઠક જીતી નથી. આમ છતાં પાટીને રૂ. ૨૦૬ કરોડનું દાન મળે તે બાબત આશ્ચર્ય પમાડે તેવી છે. સામાન્ય રીતે જે પાટીનું સરકારમાં વર્ચસ્વ હોય તેને દાતાઓ દાન આપતા હોય છે, જ્યારે આ કિસ્સામાં પાટીએ કોઈ બેઠક જીતી ન હોવા છતાં આટલું મોટું દાન મેળવ્યું છે. આરોપી પાટીના ખજાનચી હોવાથી મહત્વનો હોદ્દો ધરાવતા હતા અને તપાસ માટે તપાસ એજન્સી સમક્ષ તેમની હાજરી જરૂરી છે. રૂ. ૬૨ કરોડની કરચોરી કરીને દેશના અર્થતંત્ર સાથે ચેડાં કરવામાં આવ્યા (અનુસંધાન ૪થે પાને)

રાજકીય પક્ષોના ફન્ડિંગ મુદ્દે IT અને સરકારના બેવડા ધોરણો

ભાજપ-કોંગ્રેસના અબજોના ફન્ડિંગના બેહિસાબો અને ગોટાળા માફ કેમ..?

અમદાવાદ,શુક્રવાર

રાજકીય પક્ષના ચૂંટણી ફંડના નામે રૂ. ૨૦૬ કરોડથી વધુના ઉઘરાણું કરી કરોડોની ટેક્સ ચોરીના કેસમાં ગરીબ કલ્યાણ પાર્ટીના ખજાનચીના આગોતરા જામીન અમદાવાદ સેશન્સ કોર્ટે ફગાવ્યા તે તો એક બાહોશ અને સ્તુત્ય નિર્ણય છે પરંતુ (અનુસંધાન ૪થે પાને)

નાના પક્ષો પર કાયદાનો સકંજો ને મોટા પક્ષોને સત્તાના કારણે માફી, ઈન્કમટેક્સ ડિપા., કાયદા વિભાગ લાચાર

૧૪ ડિગ્રી સાથે નલિયા, વડોદરામાં સૌથી વધુ ઠંડી

ઠંડી વધી, રાજ્યભરમાં તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી નીચે આવ્યો

અમદાવાદ, શુક્રવાર

નવેમ્બર મહિનો અડધો પુરો થવા આવતા શિયાળાએ પોતાના અસલી મીજાજમાં આવ્યો છે. જેના લીધે અમદાવાદ સહિત રાજ્યભરમાં અનેક શહેરોમાં તાપમાનનો પારો બેથી ત્રણ ડીગ્રી ગબડતા ઠંડીનો અહેસાસ થયો હતો.

અમદાવાદમાં ૧૮.૧ ડિગ્રી, આગામી દિવસોમાં ફરી બેથી ચાર ડિગ્રી તાપમાન વધતા ઠંડી ઘટી જશે

સામાન્ય રીતે નવેમ્બરની શરૂઆતથી જ શિયાળો પોતાનો રંગ જમાવી દે છે. પરંતુ આ વર્ષે નવેમ્બર પુરો થવા આવ્યો ત્યાં સુધી માત્ર સવારે અને રાત્રે જ ઠંડકનો અહેસાસ થાય છે. તેવામાં ગત રાત્રીએ અમદાવાદ, ભુજ, વડોદરા, રાજકોટ, નલિયા, પોરબંદર, સુરત, ભાવનગરમાં લઘુત્તમ તાપમાનનો પારો બેથી ત્રણ ડીગ્રી ગગડતા ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. જેમાં સૌથી ઓછું ૧૪ ડીગ્રી સાથે નલિયા (અનુસંધાન ૪થે પાને)

શહેર	તાપમાન
વડોદરા	૧૪.૦
નલિયા	૧૪.૦
ગાંધીનગર	૧૭.૨
અમદાવાદ	૧૮.૧
રાજકોટ	૧૬.૮
સુરત	૨૦.૧

ડિજિટલ તંત્રના પાપે ગરીબોના પેટ પર 'પાટુ'

ગુજરાતમાં રેશન વિતરણ ખોરવાયું, ૧૭ હજાર દુકાનો પરથી અનાજ વિતરણ ઠપ

અમદાવાદ,શુક્રવાર

એક તરફ 'ડિજિટલ ક્રાંતિ'ના દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ નાગરિક પુરવઠા વિભાગની નબળી અને ખામીયુક્ત ટેકનિકલ સિસ્ટમે ફરી એકવાર લાખો ગરીબ પરિવારોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. સમગ્ર ગુજરાતમાં નાગરિક પુરવઠા વિભાગનું મુખ્ય ઓનલાઈન સર્વર અચાનક ડાઉન થઈ જતાં રાજ્યભરની ૧૭ હજારથી વધુ સસ્તા અનાજની દુકાનોમાં વિતરણ વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી પરિણામે કાર્ડધારકો રખડી પડ્યા હતાં.

કલાકોની લાઈન બાદ કાર્ડધારકોને ખાલી હાથે પરત ફરવાનો વારો : દુકાનદારો સાથે થઈ રહેલા ઘર્ષણ

નવેમ્બર મહિનાના રાશનનો જથ્થો મેળવવા માટે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં રેશનકાર્ડધારકો દુકાનોની બહાર લાઈનમાં ઊભા રહ્યા હતા. પરંતુ, ઓનલાઈન સિસ્ટમમાં સર્વર કનેક્ટ ન થતાં અંગૂઠાના નિશાન અને ઓટીપી વેરિફિકેશનની પ્રક્રિયા અટકી પડી હતી. કલાકો સુધી રાહ જોયા બાદ પણ સર્વર ચાલુ ન થતાં હજારો લાભાર્થીઓને અનાજ લીધા વિના જ નિરાશ થઈને ખાલી હાથે ઘરે પરત ફરવું પડ્યું હતું. રોજનું કમાઈને (અનુસંધાન છટ્ઠે પાને)

દુઃખદ અવસાન તથા બેસણાંની જાહેરાત માટે જુઓ પાના નં.૬





